
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 February 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
R.N.I. No. 1563/1957 ★

દૈનિક
# મુંબઈ સમાચાર
શનિવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦



# માતૃભાષા ભાગવત સપ્તાહ

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

પધારનાર દરેક શ્રોતા માટે
પ્રસાદની વ્યવસ્થા
બપોરે ૧૨.૩૦ થી ૩.૦૦

દરરોજ સાંજે ૭.૦૦થી
૧૦.૦૦ સાહિત્ય-સંગીત-
વિચારમંચ અને અન્ય
કાર્યક્રમો આંતરરાષ્ટ્રીય
ખ્યાતિપ્રાપ્ત કલાકારો દ્વારા

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ – સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ–સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

શ્રી કૃષ્ણ શરણં મમ:
કદંબ કેરી ડાળો બોલે શ્રી કૃષ્ણ શરણં મમ:
યમુના કેરી પાળો બોલે શ્રી કૃષ્ણ શરણં મમ:

મુંબઈ શહેરમાં જીવતી જાગતી
માતૃભાષાઓનું રક્ષણ અને સંક્રમણ

ભારતની સર્વ ભાષાઓના
અતિલબ્ધપ્રતિષ્ઠિત સર્જકોની
૧૫૧ પ્રતિકાત્મક પોથીઓ...

ભારતના લોકલાડીલા વડા પ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી,
ગૃહ પ્રધાન શ્રી અમિતભાઈ શાહ,
મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન
શ્રી દેવેન્દ્ર ફડણવીસ,
ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી યોગી
આદિત્યનાથજી, પરમપૂજ્ય શંકરાચાર્યજી અને
અન્ય રાષ્ટ્રીય સંતોને આમંત્રણ.

શ્રીમદ્ ભાગવતના દરેક હૃદયસ્થ કથાકાર
પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા



તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

સનાતન નગરી: સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રિડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]

૨૦૪ વર્ષની યુવાવયના
એશિયાના સૌથી જૂના અખબાર
‘મુંબઈ સમાચાર’ની
અલૌકિક–અદ્ભુત પહેલ

કૈલાસ ખેર, ફાલ્ગુની પાઠક,
કીર્તિદાન ગઢવી, ઓસમાણ મીર,
ગીતા રબારી અને કુમાર વિશ્વાસ
જેવા અનેક કલાકારોની સાંજના
કાર્યક્રમોમાં સંભવિત હાજરી.

૧૫૧ પોથીઓની
સ્પોન્સરશિપના
ઓવારણાથી
માતૃભાષાને
મઢવાના મોકા
માટે જોતા રહો
મુંબઈ સમાચાર

હે કરુણાના કરનારા! તારી કરુણાનો કોઈ પાર નથી.

## ગાંધીનગર ગિફ્ટ સિટીના નવા ચેરમેન તરીકે ઉદય કોટકની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવા ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી જીઆઇએફટી સિટીના નવા ચેરમેન તરીકે બેન્કિંગ ક્ષેત્રના દિગ્ગજ અને કોટક મહિન્દ્રા બેન્કના સ્થાપક ઉદય કોટકને ગિફ્ટ સિટી જીઆઇએફટીસીએલની નિમણુક કરવામાં આવી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર ઠરાવ મુજબ, ઉદય કોટક હવે ડો. હસમુખ અઢિયા (આઇએએમ રિટાયર્ડ)નું સ્થાન લેશે. ગિફ્ટ સિટીને વૈશ્વિક ફાઇનાન્સ હબ બનાવવાના લક્ષ્ય સાથે ઉદય કોટક જેવા અનુભવી વ્યક્તિની પસંદગી ખૂબ જ મહત્ત્વની માનવામાં આવી રહી છે. તેમની નિમણૂકથી ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય રોકાણ અને બેન્કિંગ ક્ષેત્રે નવી ગતિ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડો. હસમુખ અઢિયા જૂન ૨૦૨૩થી આ જવાબદારી સંભાળી રહ્યા હતા. ઉદય કોટકની આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે અને તેઓ આગામી આદેશ સુધી આ પદ પર કાર્યરત રહેશે. આ નિમણૂકના નિયમો અને શરતો સરકાર દ્વારા આગામી સમયમાં નક્કી કરવામાં આવશે.

## ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ માટે ચૂંટણી જંગ, પૂર્ણેશ મોદી સામે કૉંગ્રેસના શૈલેષ પરમાર મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટેની વરણી હવે માત્ર ઔપચારિકતા નથી રહી, પરંતુ રાજકીય જંગમાં ફેરવાઈ ગઈ છે. સામાન્ય રીતે આ પદ માટે બિનહરીફ વરણીની પરંપરા જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે સત્તાધારી ભાજપ અને વિપક્ષ કૉંગ્રેસ આમને-સામને આવી ગયા છે. ભાજપ દ્વારા પૂર્ણેશ મોદીનું નામ જાહેર કરાયું છે, તો સામા પક્ષે કૉંગ્રેસે પણ સિનિયર ધારાસભ્ય શૈલેષ પરમારને મેદાનમાં ઉતારતા ચૂંટણી યોજવી અનિવાર્ય બની છે. ગુજરાત વિધાનસભામાં ઉપાધ્યક્ષ પદ માટે ૧૬ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાનારી છે, જેમાં ભાજપના પૂર્ણેશ મોદી અને કૉંગ્રેસના શૈલેષ પરમાર વચ્ચે સીધી ટક્કર જોવા મળશે.

સત્તારૂઢ ભાજપ તરફથી પૂર્ણેશ મોદીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રાજ્ય સરકાર અને સંગઠનમાં લાંબા સમયથી સક્રિય રહેલા પૂર્ણેશ મોદી પ્રશાસનિક અનુભવ અને સંગઠનાત્મક કાર્ય માટે જાણીતા છે. તેમની પસંદગી બાદ વિધાનસભાના સંચાલનમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ બનવાની સંભાવના છે. બીજી તરફ કૉંગ્રેસના દાણીલીમડા વિસ્તારના ધારાસભ્ય શૈલેષ પરમારે ઉપાધ્યક્ષ પદ માટે દાવેદારી નોંધાવી છે. તેઓ લાંબા સમયથી વિધાનસભામાં સક્રિય છે અને વિપક્ષને બંધારણીય પરંપરા મુજબ પ્રતિનિધિત્વ મળવું જોઈએ તે મુદ્દાને કેન્દ્રમાં રાખીને ચૂંટણી લડી રહ્યા છે.

વિધાનસભામાં સંખ્યાબળના આધારે સત્તાપક્ષ ભાજપની જીત સ્પષ્ટ છે. છતાં કૉંગ્રેસ દ્વારા ઉમેદવાર ઉતારવાથી રાજકીય સંદેશ આપવાનો પ્રયાસ થયો છે. હવે ૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીમાં બહુમતી મેળવનાર ઉમેદવાર ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાશે. શહેરા બેઠકના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના રાજીનામા બાદ ઉપાધ્યક્ષનું પદ ખાલી પડ્યું હતું. ત્યારબાદ પક્ષો દ્વારા યોગ્ય ઉમેદવાર અંગે ચર્ચા શરૂ થઈ અને નિર્ધારિત સમયમર્યાદા પહેલાં બંને પક્ષોએ ઉમેદવારી નોંધાવી હતી.

## શિક્ષણ પ્રધાન પ્રદ્યુમન વાજાને હળવો હાર્ટ અટેક આવતા એન્જિયોપ્લાસ્ટી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યના શિક્ષણ પ્રધાન પ્રદ્યુમન વાજાને માઇનોર હાર્ટ એટેક આવ્યો હતો. હાર્ટ એટેક આવતા તેમને તાત્કાલિક અમદાવાદની યુ.એન. મહેતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે સારવાદ દરમિયાન હૃદયમાં બ્લોકેજ હોવાનું સામે આવ્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક કાર્યક્રમમાં તેઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તેમની તબિયત લથડી હતી. મળતી વિગતો પ્રમાણે યુએન મહેતા હૉસ્પિટલમાં ડૉક્ટરોએ ચેકઅપ કરતા હૃદયમાં બ્લોકેજ હોવા અંગેની જાણ થતા તાત્કાલિક તેમની એન્જિયોપ્લાસ્ટી કરવાનો નિર્ણય લેવાયો હતો. તેમને બ્લોકેજને કારણે એક સ્ટેન્ટ મુકવુ પડ્યું હતું. સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડનું ભવન સ્માર્ટ સ્કૂલોનું લોકાર્પણ અને શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડ વિતરણ કાર્યક્રમ પ્રદ્યુમન વાજાએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તેમની તબિયત લથડી હતી. હાર્ટ એટેક આવતા અસારવા ખાતે આવેલી યુએન મહેતા હૉસ્પિટલમાં ખાતે લઈ જવામાં આવ્યા હતાં. સર્જરી બાદ તેમની તબિયત સારી અને સ્થિર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## રાજકોટ ગ્રામ્ય પોલીસનું ઓપરેશન ‘મ્યુલ હંટ’: ૪૦૦ કરોડના સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ગ્રામ્ય પોલીસે ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત દેશવ્યાપી ૪૦૦ કરોડનાં સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો હતો.પોલીસે કુલ ૬ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે ગોંડલના આરોપી જય નાંદપરા (ઉં.વ.૨૫), રાજકોટના આરોપી મનીષ કમાણી (ઉં.વ.૪૮), પ્રવીણસિંહ પરમાર (ઉં.વ.૨૮), મહેન્દ્રસિંહ જાડેજા (ઉં.વ.૨૫), મયૂરસિંહ વાઘેલા (ઉં.વ.૨૨) અને ગોંડલના ઋષિત રૈયાણી (ઉં.વ.૨૬)ની ધરપકડ કરી હતી. બાકીના ફરાર ચાર આરોપી હૈદરાબાદના આદિલ ઉદીન, ગોંડલના લાલાભાઇ ઝાલાવડિયા, અને હર્ષિલ શાહ તેમજ મુંબઈના ભરત પરમારની શોધખોળ હાથ ધરી છે. હવે દેશવ્યાપી આ સાયબર ફ્રોડ કૌભાંડમાં આરોપીઓના રિમાન્ડ દરમિયાન વધુ કેટલાક ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. પોલીસે આરોપીઓની ઊંડાણપૂર્વક તપાસ કરતાં તેઓ મોટે ભાગે યસ બેન્ક, એક્સિસ બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેંકમાં જ એકાઉન્ટ ખોલાવતાં હોવાનું અને માર્કેટિંગ યાર્ડની પેઢીનો ઉપયોગ કરતા હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે, કારણ કે એગ્રિકલ્ચર પેઢીને ટેક્સમાંથી મળતી રાહતના કારણે કરોડો રૂપિયાનાં ટ્રાન્ઝેક્શનની માહિતી સરકારી વિભાગ સુધી પહોંચી ન શકે અને તેઓ સરળ રીતે રોકડ રકમ તેમજ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી સાયબર ફ્રોડની રકમનો ઉપાડ કરી આગળ મોકલતા હતા.

રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે ઓપરેશન મ્યુલ હંટ એકાઉન્ટ તપાસ અંતર્ગત દેશવ્યાપી ૪૦૦ કરોડનું સાયબર ફ્રોડ કૌભાંડ રાજકોટ ગ્રામ્યની સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડ્યું છે. રાજકોટ ગ્રામ્યના સાયબર ક્રાઇમ પીઆઇ રવિ ગોધમ અને તેમની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

## અમલસાડમાં લગ્નના જમણવારમાં વરરાજા સહિત ૧૫૫ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર

અમદાવાદઃ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના અમલસાડ ગામે લગ્ન પ્રસંગમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. જમણવારમાં ભોજન લીધા બાદ અંદાજે ૧૫૫થી વધુ મહેમાનોને ફૂડ પોઈઝનિંગ થયું હતું. આટલા લોકોને ફૂડ પોઈઝનિંગ થતા લગ્ન પ્રસંગ હોસ્પિટલમાં ફેરવાઈ ગયો હતો. આ લગ્ન પ્રસંગમાં ૧૦૦૦ જેટલા લોકોને આમંત્રણ આપ્યું હતું. જેમાંથી ૧૫૫ લોકોને જમ્યા બાદ ફૂડ પોઈઝનિંગની અસર થતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. ફૂડ પોઈઝનિંગની અસર થતાં તમામને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. અમલસાડ ગામના વિકાસ ફળિયામાં રહેતા ભૂપેન્દ્રભાઈ ટંડેલના પુત્ર નિલના લગ્ન હતા. આ દરમિયાન જમણવારમાં ભોજન લીધા બાદ અંદાજે ૧૫૫થી વધુ મહેમાનોને એકાએક ઉબકા, ઉલ્ટી, ઝાડા અને ગેસ જેવી તકલીફો શરૂ થઈ હતી. મહેમાનો સાથે સાથે વરરાજાને પણ ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. અસરગ્રસ્તોને તાત્કાલિક વિવિધ કેન્દ્રો પર સારવાર માટે લઈ જવામાં આવ્યાં છે. ૩૨ દર્દીઓને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં, ૨૨ દર્દીઓને કૃષ્ણપુર પીએચસીમાં, ૨૨ દર્દીઓને મંદિર ગામ પીએચસીમાં અને બાકીની ૫૦થી વધુ દર્દીને આસપાસની ખાનગી હૉસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

## મહાશિવરાત્રિ દરમિયાન સોમનાથ મંદિરના દ્વાર આગામી ૪૨ કલાક માટે ખુલ્લા રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાશિવરાત્રિ દરમિયાન સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મહાશિવરાત્રિ હોવાથી આગામી ૪૮ કલાક માટે સોમનાથ મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા રાખવામાં આવશે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના મંદિરમાં મહાશિવરાત્રિનું પર્વ ધામધૂમ રીતે ઉજવવામાં આવે છે. સોમનાથ ટ્રસ્ટ અને ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્રના અંદાજ મુજબ આ મહાશિવરાત્રિ દરમિયાન પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ સોમનાથ આવી શકે છે. સોમનાથ મંદિરના દ્વાર આગામી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૦૪:૦૦ વાગ્યે ખુલશે જે સતત ૪૨ કલાક સુધી એટલે કે ૧૬ ફેબ્રુઆરીની રાત સુધી ખુલ્લા રહેશે. જેથી શિવ ભક્તો કોઇપણ સમયે દર્શનનો લ્હાવો લઈ શકશે. સોમનાથમાં ભક્તોની ભારે ભીડ આવતી હોવાથી તેમની સુરક્ષા અને સુવિધાઓનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે, જેની પણ સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. ભક્તોની સુરક્ષા માટે પોલીસ દ્વારા બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. સુરક્ષાની વાત કરીએ તો, પ્રવેશદ્વાર પર સિક્યુરિટી ગેટની સંખ્યા ૬ થી વધારીને ૧૦ કરી દેવામાં આવી છે.

## ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કેડરના ૩૩ અધિકારીઓની બઢતી

અમદાવાદઃ રાજ્ય સરકારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કેડરના ૩૩ અધિકારીઓને સિનિયર સ્કેલમાં પ્રમોશન આપતું નોટિફિકેશન જાહેર કર્યું હતું. આ લેવલ-૧૨ છે, જેમાં પગાર માળખું રૂપિયા ૭૮,૮૦૦થી ૨,૦૯,૨૦૦ રહે છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ તમામ અધિકારીઓને સિલેક્શન સ્કેલમાં ઉન્નત કરી હાલની જ જવાબદારીઓ પર યથાવત્ રાખવામાં આવ્યા છે.

પ્રમોશન મેળવનાર અધિકારીઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર, રેસિડન્ટ એડિશનલ કલેક્ટર, પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, ડેપ્યુટી કમિશનર, એડિશનલ કલેક્ટર સહિતના મહત્ત્વના હોદ્દા પર કાર્યરત અધિકારીઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળ્યું હતું.

## અકસ્માતમાં અંગ ગુમાવવું પડે ત્યારે માત્ર ટોકન વળતર નહીં ચાલેઃ હાઈ કોર્ટનો ચુકાદો

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી એક સગીર બાળકીના વળતરમાં માતબર વધારો કરવાનો મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ હસમુખ ડી. સુથારની ખંડપીઠે ભુજ-કચ્છની મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યુનલના વર્ષ ૨૦૧૮ના આદેશમાં સુધારો કર્યો હતો. હાઈ કોર્ટે ટ્રિબ્યુનલ દ્વારા નિર્ધારિત રૂપિયા ૮.૭૭ લાખના વળતરને અપૂરતું ગણાવી તેને વધારીને રૂપિયા ૨૧.૧૯ લાખ કરવાનો આદેશ આપ્યો હતો. અદાલતે સ્પષ્ટ કર્યું કે ટ્રિબ્યુનલે બાળકીની વાસ્તવિક આવક અને અપંગતાનું આંકલન કરવામાં ભૂલ કરી હતી. એક સગીર બાળકીને એક કાર ચાલકે પાછળથી ટક્કર મારી હતી અને તેને ઘસડી હતી અને તેના કારણે બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદની સારવારમાં સગીર બાળકીનો જમણો પગ કાપવો પડ્યો હતો. ટ્રિબ્યૂનલે ડ્રાઈવરને જવાબદાર ઠેરવ્યો હતો પરંતુ વળતર નક્કી કરવામાં બાળકીની વાર્ષિક આવક માત્ર રૂપિયા ૨૪,૦૦૦ ગણી હતી.

# દેશ-વિદેશ

## હરદીપ પુરીના રાજીનામાની માગ સાથે લોકસભામાં ધમાલ, ગૃહ સોમવાર સુધી મોકૂફ

નવી દિલ્હીઃ બજેટસત્રનો પ્રથમ તોફાની તબક્કો શુક્રવારે પૂરો થયો હતો. લોકસભાનું સત્ર હવે નવમી માર્ચે મળશે. આ સત્ર દરમિયાન ભારત-અમેરિકા વચ્ચેના વચગાળાના વેપારી કરાર, સેનાના ભૂતપૂર્વ વડા એમ. એમ. નરવણેના પ્રકાશિત ન થયેલા પુસ્તક સહિતના મુદ્દે સામસામે આગઝરતી શાબ્દિક આપલે થઈ હતી.

ત્રણ અઠવાડિયાની રિસેસનો આ સમયગાળો સ્થાયી સમિતિને કેન્દ્રીય બજેટમાં ફાળવવામાં આવેલા કેન્દ્રિય ખાતાની ચકાસણી કરવાનો સમય આપશે. અગાઉ વિપક્ષના સભ્યોએ હરદીપસિંહ પુરીના રાજીનામાની માગણી કરી સૂત્રોચ્ચાર કરતાં ગૃહની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

વિપક્ષના સભ્યો ભારત-અમેરિકા વચગાળાના વેપારી કરારને મામલે પણ વિરોધ પ્રદશર્ન કરી રહ્યા હતા. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૨૮ જાન્યુઆરીએ શરૂ થયો હતો અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંને ગૃહને સંયુક્ત સંબોધન કર્યું હતું.

આ સત્ર દરમિયાન અનેકવાર નાટ્યાત્મક દૃશ્યો જોવા મળ્યા હતા. આઠ સાંસદના સસ્પેન્શનને મામલે ગૃહમાં ભારે ધાંધલધમાલ અને શોરબકોર જોવા મળ્યો હતો.

ઓમ બિરલાને સ્પીકરપદેથી દૂર કરવાની માગણી કરતી નૉટિસ પણ વિપક્ષે આપી હતી. બજેટ સત્ર બે એપ્રિલે પૂરું થશે. (એજન્સી)

## રાહુલ ગાંધી વિરુદ્ધ પ્રસ્તાવ નહીં લાવે સરકાર, ભાજપના સાંસદે આપી છે નોટિસઃ કિરેન રિજિજૂ

નવી દિલ્હીઃ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ શુક્રવારે જણાવ્યું હતું કે સરકારે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ બિનસંસદીય ભાષાનો ઉપયોગ કરવા બદલ પ્રસ્તાવ રજૂ કરવાની યોજના પડતી મૂકી છે કારણ કે ભાજપના એક સાંસદે આ જ મુદ્દા પર કોંગ્રેસના નેતા વિરુદ્ધ વિશિષ્ટ પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે. અહીં પત્રકારો સાથે વાત કરતા રિજિજૂએ કહ્યું કે લોકસભા સ્પીકરની સલાહ લેવામાં આવશે કે શું આ મામલો ગૃહ વિશેષાધિકાર સમિતિ, નૈતિક સમિતિને મોકલવો જોઈએ કે સીધો લોકસભામાં લાવવામાં આવે. તેમણે કહ્યું હતું કે, “હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી. એક સભ્યએ ખાનગી પ્રસ્તાવ માટે નોટિસ આપી દીધી હોવાથી સરકાર પોતાનો પ્રસ્તાવ રજૂ કરવાનું ટાળશે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારેને જણાવ્યું હતું કે તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ વિશિષ્ટ પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે. તેમણે લોકસભામાં વિરોધ પક્ષના નેતાને તેમના સભ્યપદમાંથી રદ કરવા અને આજીવન ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

દુબેના જણાવ્યા મુજબ, તેમણે તેમની નોટિસમાં જણાવ્યું હતું કે વિપક્ષના નેતા વિદેશ પ્રવાસ કરે છે અને ભારત વિરોધી તત્વો સાથે સાંઠગાંઠ કરે છે. વિશેષ પ્રસ્તાવ એ એક સ્વતંત્ર પ્રસ્તાવ છે, જે ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે અને નિર્ણય અથવા અભિપ્રાય વ્યક્ત કરવા માટે રચાયેલ છે. દુબેએ કહ્યું હતું કે, મેં વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરી નથી. મેં ચોક્કસ પ્રસ્તાવ રજૂ કરવા માટે નોટિસ દાખલ કરી છે.

દુબેએ કહ્યું કે તેમની નોટિસમાં તેમણે જણાવ્યું છે કે કેવી રીતે વિપક્ષના નેતા સોરોસ ફાઉન્ડેશન, યુએસએઆઈડી અને ફોર્ડ ફાઉન્ડેશન સાથે હાથ મિલાવીને વિદેશની મુલાકાત લે છે અને ભારત વિરોધી તત્વો સાથે સાથે મળીને કામ કરે છે. આ પ્રસ્તાવ એ એક સ્વતંત્ર પ્રસ્તાવ છે જે વિધાનસભા ગૃહ અથવા વિધાનસભાની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે જેનો મુસદ્દો નિર્ણય અથવા અભિપ્રાય વ્યક્ત કરવા માટે તૈયાર કરવામાં આવે છે.

## અમેરિકાના સાઉથ કેરોલિનાની સ્ટેટ યુનિવર્સિટીમાં ફાયરિંગ, બે લોકોનાં મોત

ઓરેન્જબર્ગ (અમેરિકા): અમેરિકાના સાઉથ કેરોલિના સ્ટેટ યુનિવર્સિટીમાં ગુરુવારે થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયા હતા અને એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ હતી. યુનિવર્સિટીએ એક નિવેદનમાં આ સમાચારની પુષ્ટી કરતા કહ્યું કે તેણે સાઉથ કેરોલિના લો એન્ફોર્સમેન્ટ ડિવિઝનને તપાસ કરવા કહ્યું છે. સાઉથ કેરોલિના સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીની સાથે સાથે ઓરેન્જબર્ગ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટી અને ઓરેન્જબર્ગ કાઉન્ટી શેરિફ ઓફિસના અધિકારીઓ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, સાઉથ કેરોલિના સ્ટેટ યુનિવર્સિટીના રહેણાંક પરિસરમાં થયેલા ગોળીબારમાં બે લોકોના મોત થયા છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે જેના કારણે લગભગ આઠ કલાકનો લોકડાઉન લગાવવામાં આવ્યો હતો જેને શુક્રવારે સવારે હટાવી લેવામાં આવ્યો હતો. ચોથી ઓક્ટોબરના રોજ બે ફાયરિંગની ઘટનાના ચાર મહિના બાદ ફાયરિંગની ફરી એકવાર ઘટના બની હતી. તે જ રહેણાંક સંકુલમાં બનેલી એક ઘટનામાં ૧૯ વર્ષની એક મહિલાનું મોત થયું હતું. જ્યારે એક પુરુષ ઘાયલ થયો હતો. શાળાના અધિકારીઓએ ત્યારબાદ નવા સલામતી પગલાંની જાહેરાત કરી હતી. યુનિવર્સિટીના અધિકારીઓએ ગુરુવારે થયેલા ગોળીબારમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ અથવા ઘાયલ વ્યક્તિની સ્થિતિની પુષ્ટી કરી નથી.

## વિક્રમ ભટ્ટ અને તેની પત્નીનાં જામીન મંજૂર

નવી દિલ્હીઃ છેતરપિંડી સંબંધિત કેસને મામલે ફિલ્મ નિર્માતા વિક્રમ ભટ્ટ અને તેમની પત્ની શ્વેતાંબરી ભટ્ટના જામીન સુપ્રીમ કોર્ટે શુક્રવારે મંજૂર કર્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી ખંડપીઠે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને ચોક્કસ શરતોને આધારે ઉદયપુર જેલમાંથી બંનેને મુક્ત કરવાનું જણાવતા આદેશને મંજૂર કરવા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે ફરિયાદી અજય મુરદિયા (ઈંદિરા આઈવીએફ ઍન્ડ ફર્ટિલિટી સેન્ટર)ના સ્થાપક અને રાજસ્થાન સરકારને ૧૯ ફેબ્રુઆરીની નાટિસ આપી હતી.

છેતરપિંડી કેસને મામલે રાજસ્થાન હાઈ કોર્ટે ૩૧ જાન્યુઆરીએ વિક્રમ ભટ્ટ અને તેમની પત્નીની જામીનની અરજી નકારી કાઢી હતી.

સાત ડિસેમ્બર ૨૦૨૫થી આ બંને જેલમાં છે. મુંબઈથી ધરપકડ કરી આ બંનેને ઉદયપુર લાવવામાં આવ્યા હતા. જામીનની અરજી નકારતા હાઈ કોર્ટે કહ્યું હતું કે આરોપીઓને આ તબક્કે જામીન આપવા યોગ્ય નહીં હોય.

આરોપીઓએ ૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું ફરિયાદીએ જણાવ્યું હતું. (એજન્સી)

## ઝારખંડમાં હાથીનો આતંક

### એક પરિવારના ચાર સભ્ય સહિત છને કચડ્યા

રાંચીઃ ઝારખંડના હજારીબાગ જિલ્લામાં શુક્રવારે જંગલી હાથીઓના ટોળાએ એક જ પરિવારના ચાર સભ્ય સહિત ઓછામાં ઓછા છ લોકોને કચડી નાખ્યા હતા, એમ વન અધિકારીએ જણાવ્યું હતું. હઝારીબાગ પૂર્વ વિભાગીય વન અધિકારી (ડીએફઓ) વિકાસ કુમાર ઉજ્જવલે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં અનેક લોકો પર હુમલો કરનાર આ ટોળું ગુરુવારે રાત્રે ચર્ચુ બ્લોકના ગોંડવાર ગામમાં ઘૂસી ગયું હતું અને શુક્રવારે વહેલી સવારે છ લોકોને કચડી નાખ્યા હતા. માર્યા ગયેલા લોકોમાં એક પરિવારના ચાર સભ્ય હતા. એક બાળક પણ ગંભીર રીતે ઘાયલ થયું હતું,“ એમ ઉજ્જવલે જણાવ્યું હતું. બાળકને સારવાર માટે હજારીબાગની સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યુ છે. આ ટોળું છેલ્લા કેટલાક દિવસોથી બોકારો, રામગઢ અને હજારીબાગ જિલ્લામાં ફરતું હતું અને અગાઉ બોકારોમાં જાનહાનિ કરી ચૂક્યું છે. ઉજ્જવલે કહ્યું કે, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવશે.

## યુટ્યૂબરે વૈષ્ણોદેવી મંદિરનો વીડિયો વાયરલ કરતા ખળભળાટ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ માતા વૈષ્ણોદેવી ભવનની સુરક્ષાવ્યવસ્થામાં મોટું છીંડું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શિખા નામની એક કન્ટેન્ટ ક્રિયેટરે અતિ સુરક્ષિત મનાતા વૈષ્ણોદેવી ગર્ભગૃહ, પવિત્ર ગુફા, પ્રાચીન ગુફા, આરતી સ્થળ અને ચરણામૃત સ્થળ જેવાં ક્ષેત્રોના વીડિયો અને તસવીરો ઈન્ટરનેટ મીડિયા પર અપલૉડ કરી દીધા છે. આ વીડિયો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ખરેખરતો સુરક્ષાનાં કારણોસર ભવનની અંદર ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ મામલે ફરિયાદ દાખલ કરાઈ છે. શિખા નામની એક કન્ટેન્ટ ક્રિયેટરે માતા વૈષ્ણોદેવી ભવનની અંદરનો વીડિયો શૂટ કરી સોશ્યલ મીડિયા પર તેને વાયરલ કરી દીધો છે. વધુ ચોંકાવનારી વાત તો એ છે કે આ વીડિયો કોઈ મોબાઈલ ફોનથી નહીં, પરંતુ અત્યાધુનિક કેમેરો ધરાવતા ચશ્માંની મદદથી કરવામાં આવી હતી.

## ૨૬૨ કરોડનું વળતર મળે તે પહેલાં જાહ્નવી કંડુલાના પિતાનું અવસાન

આંધ્ર પ્રદેશઃ અમેરિકામાં થોડાક વર્ષ અગાઉ અકસ્માતમાં મૃત્યુ પામેલી ૨૩ વર્ષની ભારતીય વિદ્યાર્થિની જાહ્નવી કંડુલાના પિતા શ્રીકાંત કન્ડુલાનું અવસાન થતાં પરિવારને બેવડો ફટકો પડ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલી જાહ્નવીના પરિવારજનોને ૨૬૨ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી તેના બે દિવસ અગાઉ જ જાહ્નવીના પિતાનું અવસાન થતાં પરિવારને બેવડો ફટકો પડ્યો હતો.

૨૩ જાન્યુઆરી ૨૦૨૩ના જાહ્નવી રસ્તો ઓળંગી રહી હતી ત્યારે સિયેટલ પોલીસના વાહનની અડફેટે આવી ગઈ હતી. અકસ્માતમાં સંડોવાયેલો અધિકારી તે સમયે ઈમરજન્સી કૉલને પ્રતિસાદ આપી રહ્યો હતો.

જાહ્નવીના સંબંધીએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ૧૦ ફેબ્રુઆરીએ કુર્નુલ જિલ્લામાં હૃદયરોગના હુમલાને કારણે નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ શ્રીકાંત કંડુલાનું મોત થયું હતું.

બુધવારે અડોનીમાં શ્રીકાંતનાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. (એજન્સી)

### તમિળનાડુની ૧.૩૧ કરોડ મહિલાની સવાર સુધરી ગઇ

## બૅન્ક ખાતાંમાં સૂર્યોદય પહેલાં જ ૫,૦૦૦ રૂપિયા જમા થયા

### ‘સ્ટાલિને મૅચના પહેલા બૉલે સિક્સર ફટકારી’

ચેન્નઇઃ તમિળનાડુના મોટા ભાગના ઘરમાં સૂર્યોદય પહેલાં એટલે કે સવારે છ વાગ્યા પહેલાં હજી પહેલી ચા ઊકળવાની શરૂ નહોતી થઇ ત્યારે જ રાજ્યની અંદાજે ૧.૩૧ કરોડ મહિલાના બૅન્ક ખાતાંમાં રૂપિયા પાંચ હજાર જમા થઇ ગયા હતા અને આ રકમ શેની જમા થઇ છે, તેની જાહેરાત બાદમાં કરાઇ હતી. મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની તમિળનાડુ સરકારે સવારના છ વાગ્યાની પહેલાં જ રાજ્યની મહિલાઓના ખાતાંમાં કુલ રૂપિયા ૬,૫૫૦ કરોડ જમા કરી દીધા હતા. તમિળનાડુ સરકારે નકલાઇગ્નાર મગાલીર ઉરીમાઇ થોગાઇ સ્કીમથ હેઠળ ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ દરેકના રૂપિયા ૧,૦૦૦ પેટે કુલ રૂપિયા ૩,૦૦૦ અને રૂપિયા ૨,૦૦૦ ઉનાળાના ખાસ પૅકેજના એમ કુલ મળીને રૂપિયા ૫,૦૦૦ બૅન્ક ખાતાંમાં જમા કરાયા હતા. તમિળનાડુના વિપક્ષો હજી કોઇ પ્રતિભાવ આપે, તેની પહેલાં જ રાજ્ય સરકારે મહિલાઓના બૅન્ક ખાતાંમાં આ રકમ જમા કરી હતી. સ્ટાલિને આ રકમ જમા થવાનું કામ પૂરું થયું કે તુરત જણાવ્યું હતું કે મેં તમિળનાડુની મહિલાઓને આપેલા વચનના ભાગરૂપે આ રકમ તેઓના ખાતાંમાં જમા કરી છે. અમારી મહિલા-કલ્યાણ યોજનામાં કોઇ વિઘ્નને આવવા નહિ દેવાય. અમે પીછેહઠ નહિ કરીએ. તમિળનાડુમાં એપ્રિલ કે મે મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની આશા છે અને તેના સંબંધમાં આચારસંહિતા અમલમાં આવે તેની પહેલાં જ મતદારોને ખુશ કરવા સરકારે આ પગલું ભર્યું છે. સ્ટાલિન સરકારના આ પગલાંને તમિળનાડુમાં સોશ્યલ મીડિયા પર મૅચની શરૂઆત છગ્ગા સાથે કરવા સમાનપ ગણાવાય છે. (એજન્સી)

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 February 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ઓળખ છે સેવા તીર્થઃ મોદી








**નતમસ્તક શ્રીગણેશનેઃ** નવી દિલ્હીમાં વડા પ્રધાનની નવી ઑફિસના સંકુલ – સેવા તીર્થનું ઉદ્ઘાટન વખતે ગણેશ પૂજા કરતા નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

## સેવા તીર્થ પીએમઓનું નવું સરનામુંઃ વડા પ્રધાનની કચેરી ત્યાં ખસેડાઈ અને પહેલા જ દિવસે ખેડૂત-મહિલા કલ્યાણના નિર્ણયો લીધા વડા પ્રધાને

*નવી દિલ્હી:* ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે રાઈસિના હિલ્સમાં રાષ્ટ્રપતિ ભવનની નજીક આવેલી અંગ્રેજોના સમયની સાઉથ બ્લોક ઑફિસમાંથી સેવા તીર્થની નવી કચેરીમાં કાર્યરત થયા હતા. આ સ્થળાંતર ગઈ કાલે ૧૩ ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું હતું અને ૧૯૩૧માં આ દિવસે નવી દિલ્હીનું ભારતની આધુનિક રાજધાની તરીકે ઉદ્ઘાટન થયું તેની ૯૫મી જયંતી હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે સંરક્ષણ, ગૃહ અને નાણાં મંત્રાલય તેમ જ વડા પ્રધાનની હાલની કચેરી હમણા જ્યાં છે, તે સાઉથ બ્લૉક અને નૉર્થ બ્લૉકનું નિર્માણ અંગ્રેજોના શાસન વખતે થયું હતું, જ્યારે સેવા તીર્થ તેમ જ કર્તવ્ય ભવનનું નિર્માણ દેશની જનતાની આશા પૂરી કરવાના હેતુસર કરાયું છે.

તેમણે કહ્યું હતું કે હવે ગુલામીથી મુક્ત સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ઓળખ છે આ સેવાતીર્થ અને કર્તવ્ય ભવન.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે દેશને વિકસિત બનાવવા માટેના પ્રવાસમાં સેવા તીર્થ અને કર્તવ્ય ભવનનું મહત્ત્વનું યોગદાન રહેશે. આ નવી ઇમારતોમાં વડા પ્રધાનની કચેરી તેમ જ કેન્દ્રીય સચિવાલય આવેલા છે અને તે નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા લેવાતાં પગલાં તેમ જ દેશની પ્રગતિના પ્રતિબિંબ સમાન રહેશે. મોદીએ 'સેવા તીર્થ' નામની વડા પ્રધાનની નવી કચેરી અને 'કર્તવ્ય ભવન ૧' તેમ જ (જુઓ પાનું ૨) ▸▸






## બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ફરી સત્તા પરઃ તારિક રહમાન પીએમ બનશે



★ બીએનપીએ ભારત સાથેના સંબંધ સુધારવાની આશા વ્યક્ત કરી

★ ઢાકામાં હિંદુ નેતા જીત્યા

*ઢાકા:* બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) દેશની સંસદીય ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવી બે દાયકાના સમયગાળા બાદ ફરી સત્તા પર આવી છે. બીએનપીના નેતા તારિક રહમાન બાંગ્લાદેશના વડા પ્રધાન બનશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટ દ્વારા તારિક રહમાનને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે હું બાંગ્લાદેશની સંસદીય ચૂંટણીમાં તમારા નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના ભવ્ય વિજય બદલ તમને અભિનંદન પાઠવું છું.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ પણ મોદીનો આભાર માન્યો હતો અને બન્ને દેશ વચ્ચેના સંબંધ ફરી સારા બનવાની આશા વ્યક્ત કરી હતી.

તારિક રહમાન નોબેલ પારિતોષિક વિજેતા મોહંમદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારને સ્થાને પોતાની સરકાર રચશે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ (જુઓ પાનું ૨) ▸▸






## બ્લેક ફ્રાઈડેઃ શૅરબજારમાં સાત લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઇ:* વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે મેટલ, આઇટી અને કોમોડિટી શેરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ આવતા સેન્સેક્સમાં ૧૦૪૮ પોઇન્ટનો તોતિંગ કડાકો જોવા મળ્યો હતો અને નિફ્ટી ૨૫,૫૦૦ની નીચે ગબડી પડ્યો ગયો હતો.

સેન્સેક્સ ૧,૦૪૮.૧૬ પોઈન્ટ ઘટીને ૮૨,૬૨૬.૭૬ની સપાટીએ અને નિફ્ટી ૩૩૬.૧૦ પોઈન્ટ ઘટીને ૨૫,૪૭૧.૧૦ની સપાટીએ બંધ થયો હતો. બીએસઇના માર્કેટ કેપિટલાઇઝેશનમાં અંદાજે રૂ. ૭.૪૦ લાખ કરોડનું ધોવાણ થયું છે.

યુએસ ફુગાવાના મહત્વપૂર્ણ ડેટા પહેલા નબળા વૈશ્વિક સંકેતોનાં કારણે બજાર સમગ્ર સત્ર દરમિયાન અસ્થિર રહ્યું હતું. યુએસ-ભારત વેપાર સોદાથી અગાઉનો ઉછાળો ઓછો થયો હતો, જ્યારે નવી એઆઇ ચિંતાઓએ સેન્ટિમેન્ટને વધુ ખરડ્યું હતું.

આઇર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સ (એઆઇ) (જુઓ પાનું ૨) ▸▸






## અમેરિકા અને રશિયા વચ્ચે ગુપચુપ ડૉલરનો મોટો ખેલો

### રશિયા તમામ લેવડદેવડ ડૉલરમાં કરવા તૈયાર થવાની શક્યતાઃ આને લીધે સોના-ચાંદીમાં મોટો કડાકો બોલાશે પણ શૅરબજાર દોડશે

*વૉશિંગ્ટનઃ* અમેરિકા અને રશિયા વચ્ચે કોઇ મોટો ગુપ્ત સોદો થવાની શક્યતાને લીધે ડૉલર મજબૂત થવાની, શૅરબજારમાં તેજી આવવાની અને સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થવાની શક્યતા જોવાય છે. બ્લૂમબર્ગના એક અહેવાલમાં આ સૂચિત ગુપ્ત કરારનો ઉલ્લેખ કરાયો હતો અને ગુરુવારે સોના-ચાંદીના ભાવમાંના મોટા ઘટાડા માટે આ કરારને જવાબદાર ગણાવાયો હતો. અમેરિકા ડૉલરને મજબૂત કરવા માટે સંભવિત દરેક પ્રયાસ કરી રહ્યું છે અને ડૉલરની (જુઓ પાનું ૨) ▸▸

## વર્લ્ડ કપમાં થયો મોટો અપસેટઃ ઝિમ્બાબ્વેએ કાંગારુઓને હરાવ્યા



**જીતનો જશનઃ** ઑસ્ટ્રેલિયાને હરાવીને મોટો અપસેટ કરનાર ઝિમ્બાબ્વેના વિજયનો શિલ્પી બ્લેસિંગ મુઝરબાની. (પીટીઆઇ)

*કોલંબો:* ટી-૨૦ વર્લ્ડ કપની ગ્રૂપ-બીની મૅચમાં ગઈ કાલે મોટો અપસેટ થયો જેમાં ખેલાડીઓની ઈજાઓથી પરેશાન ઑસ્ટ્રેલિયાને ઝિમ્બાબ્વેએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી હરાવી સનસનાટી મચાવી દીધી હતી. ઝિમ્બાબ્વેએ ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાને ૨૩ રનથી હરાવી દીધું. ઑસ્ટ્રેલિયાના બોલર્સ ઝિમ્બાબ્વેની માત્ર બે વિકેટ લઈ શક્યા હતા અને પછીથી પોતાના બૅટિંગ પાવરપ્લેમાં તેમણે ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને પછીથી બીજો ધબડકો થતાં છેવટે ઝિમ્બાબ્વેનો રોમાંચક વિજય થયો હતો.


સિકંદર રઝાના સુકાનમાં (જુઓ પાનું ૨) ▸▸

## પચીસ લાખ ટન ઘઉં અને વધુ પાંચ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી અપાઈ

*નવી દિલ્હી :* સ્થાનિક બજારોને સ્થિર કરવા અને ખેડૂતોને આરામદાયક સ્ટોક પોઝિશન વચ્ચે નફાકારક વળતર સુનિશ્ચિત કરવા માટે સરકારે શુક્રવારે પચીસ લાખ ટન ઘઉં, વધારાના પાંચ લાખ ટન ઘઉંના ઉત્પાદનો અને ખાંડની નિકાસને મંજૂરી આપી છે. ખાદ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપતા, વર્તમાન ઉપલબ્ધતા અને ભાવની સ્થિતિના વ્યાપક મૂલ્યાંકન પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ખાંડની નિકાસને સરળ બનાવવા માટે, સરકારે ચાલુ ખાંડ સીઝન ૨૦૨૫-૨૬ દરમિયાન તૈયાર ખાંડ મિલો દ્વારા વધારાની પાંચ લાખ (જુઓ પાનું ૨) ▸▸

## તેલંગણા મ્યુનિસિપલ ચૂંટણીમાં કૉંગ્રેસનો સપાટો

*હૈદરાબાદઃ* તેલંગણા મ્યુનિસિપલ ચૂંટણીમાં શાસક કૉંગ્રેસે ૨૪૦ વૉર્ડ પર પોતાનો કબજો મેળવી લીધો છે. જેની ગણતરી શુક્રવારે ચાલુ રહી હતી. પ્રારંભિક વલણો મુજબ વિપક્ષ બીઆરએસને ૧૪૦ વૉર્ડ મળ્યા છે. જ્યારે ભાજપ ૩૭ વૉર્ડ સાથે પાછળ છે. જાહેર થયેલા ૪૪૮ વૉર્ડના પરિણામોમાંથી એઆઇએફબી(ઓલ ઇન્ડિયા ફોરવર્ડ બ્લોક), એઆઇએમઆઇએમ, સીપીઆઇ(એમ) અને સ્વતંત્ર ઉમેદવારોએ અનુક્રમે ૬, ૧, ૧ અને ૧૪ વૉર્ડ જીત્યા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે ૧૨ લોકો સર્વાનુમતે ચૂંટાઇ આવ્યા હતા. રાજ્યભરના ૧૨૩ કેન્દ્રો પર સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ થઇ હતી. અત્રે નોંધનીય છે કે ૧૧ ફેબ્રુઆરીના રોજ ૧૧૬ નગરપાલિકાઓના ૨,૫૮૨ વૉર્ડ અને સાત મહાનગરપાલિકાઓના ૪૧૪ વૉર્ડ માટે ચૂંટણી યોજાઇ હતી. શાસક કૉંગ્રેસ અને વિપક્ષ ભાજપ અને બીઆરએસ વચ્ચેના ત્રિકોણીય મુકાબલાનું પરિણામ તેમના બધા માટે મહત્વપૂર્ણ છે. ■








**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશમાં તારિકની જીત, જમાત ના ફાવી એ ભારતનો ફાયદો

**આ**ખી દુનિયાની જેના પર નજર હતી એ બાંગ્લાદેશની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) એ સ્પષ્ટ બહુમતી મેળવતાં તારિક વડા પ્રધાન બનશે એ નક્કી થઈ ગયું છે. બાંગ્લાદેશ સંસદમાં કુલ ૩૦૦ બેઠકો છે. બાંગ્લાદેશના ચૂંટણી પંચે સત્તાવાર રીતે કરેલી જાહેરાત મુજબ, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના નેતૃત્વ હેઠળના ગઠબંધને ૧૮૧ બેઠકો તો જીતી લીધી છે તેથી સ્પષ્ટ બહુમતી તો છે જ. હજુ બીજી ૪૦ બેઠકો પર બીએનપી આગળ છે એ જોતાં તારિક રહેમાનની પાર્ટી સરળતાથી બે તૃતીયાંશ બહુમતીના આંકડાને પાર કરી લેશે એ સ્પષ્ટ છે.

શેખ હસીનાની બાંગ્લાદેશ અવામી લીગ પર ચૂંટણી લડવાનો પ્રતિબંધ હોવાથી મુખ્ય જંગ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) અને બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામી વચ્ચે હતો. જમાતને ૭૦ બેઠકો મળી છે અને સ્પષ્ટ બહુમતી માટે ૧૫૦ બેઠકો જોઈએ એ જોતાં તારિક રહેમાન સામે કોઈ પડકાર જ નથી ને તેમનો તાજપોશીનો રસ્તો બિલકુલ સાફ છે. જમાત-એ-ઈસ્લામીએ ચૂંટણીમાં ગરબડના આક્ષેપો કર્યા છે પણ ચૂંટણી પંચે આ વાતોને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી છે તેથી તારિકની તાજપોશીને કોઈ રોકી નહીં શકે એ સ્પષ્ટ છે. વિદેશી સરકારોના વડાઓએ તારિક પર અભિનંદનની વર્ષા કરવા માંડી છે તેથી જમાત તેની સામે પડવાની હિંમત પણ નહીં કરે. આ સંજોગોમાં મોટા ભાગે તો શનિવારે એટલે કે આજે જ તારિકની શપથવિધી થઈ જશે ને બાંગ્લાદેશને નવી સરકાર મળી જશે.

તારિક રહેમાન બાંગ્લાદેશમાં જીતના દાવેદાર મનાતા હતા પણ આવી જબરદસ્ત જીતની કોઈને આશા નહોતી. તારિકનો જબરદસ્ત ઉદય લોકોને નસીબમાં માનતા કરી નાખે એવો છે કેમ કે હજુ ત્રણ મહિના પહેલાં લગી તારિક રહેમાનને બાંગ્લાદેશની બહાર બહુ ઓછા લોકો ઓળખતા હતા. તારિક રહેમાન બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રમુખ ઝિયાઉર રહેમાન અને બાંગ્લાદેશનાં પ્રથમ મહિલા વડા પ્રધાન ખાલિદા ઝિયાના મોટા પુત્ર છે. ખાલેદા ઝિયા અને શેખ હસીના એકબીજાનાં કટ્ટર રાજકીય હરીફ હોવાથી ૨૦૦૮માં હસીનાએ સત્તા કબજે કરી પછી તારિક બાંગ્લાદેશ છોડીને યુકે જતા રહેલા.

તારિકની ગેરહાજરીમાં તેમનાં માતા ખાલેદા સામે ભ્રષ્ટાચારનો કેસ ચાલેલો ને ૨૦૧૮માં દોષિત ઠેરવીને સજા પણ થઈ તેથી ખાલેદાએ જીંદગીનાં પાછલાં વરસ જેલમાં જ કાઢ્યાં. તારિક પણ બાંગ્લાદેશમાં રહ્યા હોત તો એ પણ જેલભેગા થઈ જ ગયા હોત. બાંગ્લાદેશમાં સત્તાપલટો થયો ને શેખ હસીનાએ ભાગવું પડ્યું પછી ખાલેદા જેલની બહાર આવી શક્યાં પણ જેલવાસના કારણે એકદમ ખખડી ગયેલાં તેથી લાંબું ના ખેંચી શક્યાં.

ખાલેદાને અંતિમ સમય આવી ગયો હોવાની ખબર પડી ગયેલી તેથી તારિકને બાંગ્લાદેશ પાછા ફરવા કહેણ મોકલેલું. બેગમ ખાલીદા ઝિયાનું ૩૦ ડિસેમ્બરે નિધન થયું તેના બે દિવસ પહેલાં જ તારિક રહેમાન અંતિમ શ્વાસ ગણી રહેલાં માતાના અંતિમ સમયે માતાની નજીક રહેવા માટે ૧૭ વર્ષના સ્વૈચ્છિક દેશનિકાલ પછી બાંગ્લાદેશ પાછા ફરેલા. ખાલેદાના નિધનના અઠવાડિયા પછી ૭ જાન્યુઆરીએ તારિક રહેમાન બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના પ્રમુખ બન્યા હતા અને દોઢ મહિનામાં તો બાંગ્લાદેશના વડા પ્રધાન બની જશે.

ભારત માટે આ પરિણામ હકારાત્મક છે કેમ કે શેખ હસીનાની પાર્ટીની ગેરહાજરીમાં બાંગ્લાદેશ નેશનલ પાર્ટી જ ભારત માટે શ્રેષ્ઠ વિકલ્પ બચતો હતો. બીએનપીની હરીફ જમાત-એ-ઈસ્લામી પાકિસ્તાનની આર્મી અને આઈએસઆઈનું બગલબચ્ચુ છે અને બાંગ્લાદેશના કટ્ટરવાદી મુસ્લિમ રાષ્ટ્ર બનાવવા માગે છે. જમાત તો ઈસ્લામના સાતમી સદીના નિયમો પ્રમાણે બાંગ્લાદેશનો કારભાર કરવા માગે છે કે જ્યાં મહિલાઓને કોઈ છૂટ ના હોય ને મુસ્લિમ સિવાયના ધર્મનાં લોકોને કોઈ અધિકાર ના હોય.

આ સંજોગોમાં જમાતની સરકાર આવી હોત તો બાંગ્લાદેશનીઓનું જીવવું તો હરામ થઈ જ ગયું હોત અને આપણી હાલત પણ બગડી ગઈ હોત કેમ કે બાંગ્લાદેશ કટ્ટરવાદીઓનો અડ્ડો બની ગયું હોત. કટ્ટરવાદનો પ્રભાવ વધે તો શું થાય તેનો પરચો પાકિસ્તાનના કિસ્સામાં આપણને મળેલો જ છે. હવે બીજો પાડોશ પણ એ જ રવાડે ચડે તો આપણે બંને બાજુથી આતંકવાદનો માર ખાવો પડે પણ સદનસીબે જમાત હારી જતાં આપણે બચી ગયા છીએ. પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ શેખ હસીના રવાના થયાં તેનો લાભ લઈને બાંગ્લાદેશમાં ઘૂસી તો ગયાં જ છે તેથી ભારતે સતર્ક રહેવું પડે પણ જમાતના રાજ જેવી હાલત નહીં થાય.

તારિક તો વરસોથી વિદેશ જ રહ્યા તેથી તેમનું રાજકારણ અને ભારત તરફનું વલણ કેવું હશે તેની તો નિવડ્યે જ ખબર પડે પણ તેમનાં માતા બેગમ ખાલિદા ઝિયા ભારત તરફી નહોતાં તો સાથે સાથે પાકિસ્તાનતરફી પણ નહોતાં. તારિક રહેમાન બીજું કંઈ ના કરે ને પોતાનાં માતાના રસ્તે પણ ચાલે તો પણ ઘણું છે કેમ કે તેના કારણે બાંગ્લાદેશમાં ફરી શેખ હસીનાની અવામી લીગની ચૂંટણી લડવાનો રસ્તો મોકળો થઈ શકે છે.

ખાલિદા ઝિયા દિલથી લોકશાહીનાં સમર્થક હતાં. ખાલિદા ઝિયાએ બાંગ્લાદેશમાં લોકશાહીની ફરી સ્થાપના માટે જે જંગ ખેલ્યો એવો જંગ બહુ ઓછાં લોકો ખેલી શકે. જનરલ ઈરશાદના સરમુખત્યારશાહી શાસન સામે શેખ હસીના સહિતનાં બધાંએ ઘૂંટણ ટેકવી દીધાં હતાં ત્યારે ખાલિદા લડતાં હતાં અને બાંગ્લાદેશમાં ફરી લોકશાહીની સ્થાપના કરાવીને જ તેમણે ઝંપ લીધો.જનરલ ઈરશાદે ખાલિદાને દબાવી દેવા માટે બહુ ફાંફાં મારી જોયાં પણ ખાલિદાએ મચક નહોતી આપી.

સાત વર્ષમાં સાત વાર તો ખાલિદાને જેલભેગાં કરી દેવાયાં. ખાલિદા નજરકેદ તો કેટલો સમય રહ્યાં કે કોઈ હિસાબ જ નથી. બીજા અત્યાચારો તો અલગ પણ ખાલિદા ના નમ્યાં તે ના જ નમ્યાં. ઈરશાદે ૧૯૮૬માં તમાશારૂપ ચૂંટણી કરી ત્યારે શેખ હસીનાની અવામી લીગ સહિતની પાર્ટીઓએ ઘૂંટણ ટેકવીને ચૂંટણીમાં ભાગ લીધેલો પણ ખાલિદાએ ચૂંટણીનો બહિષ્કાર કરીને મર્દાના મિજાજનો પરચો આપ્યો હતો. વિદેશ નીતિમાં પણ ખાલિદાએ પાકિસ્તાન કે ચીનને બાંગ્લાદેશમાં ઘૂસવા નહીં દઈને મર્દાના મિજાજ બતાવેલો. ખાલિદા ઝિયા કહેતાં કે, બાંગ્લાદેશની સાર્વભૌમત્વ અને સુરક્ષા સર્વોપરી છે. આ કારણે ભારત સાથે ટકરાવ પણ થતો પણ ભારત તરફ ખાલિદાએ કદી ખાર નહોતો બતાવ્યો કે, પાકિસ્તાન કે ચીનના ખોળામાં બેસીને ભારતને નુકસાન પણ નહોતું કર્યું.

આશા રાખીએ કે તારિકમાં માતા જેવો મર્દાના મિજાજ હોય. તારિક ખાલિદાની જેમ ભારતને પરેશાન કરવાના બદઈરાદાથી ઘૂસેલા પાકિસ્તાનને ખદેડીને ભારત સાથેના સંબંધો સામાન્ય કરે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
શનિવાર, તા. ૧૪-૨-૨૦૨૬, શનિ પ્રદોષ

- ભારતીય દિનાંક ૨૫, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮-૧૫ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪-૪૧ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.

**મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ**

- ભરતીઃ સવારે ક. ૦૯-૫૧, રાત્રે ક. ૨૩-૦૯
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૧ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ-દ્વાદશી. શનિ પ્રદોષ
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, શનિ પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાંયકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- આચમનઃચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભીપણું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# રાજકીય પક્ષોને મળ્યું ૩,૮૨૬.૩૪ કરોડનું દાન, આમાંથી ૮૫ ટકા ભાજપને

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ચૂંટણી ટ્રસ્ટોને ૩,૮૨૬.૩૪ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું અને તેમણે રાજકીય પક્ષોને ૩૮૨૬.૩૫ કરોડ રૂપિયા આપ્યા હતા. આમાં શાસક ભારતીય જનતા પાર્ટીને કુલ ભંડોળના ૮૨ ટકાથી વધુનો હિસ્સો મળ્યો હતો. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા એક અહેવાલમાં આ જાણકારી આપવામાં આવી છે. ભારતીય ચૂંટણી પંચમાં જમા કરવામાં આવેલા દાનની રકમના વિશ્લેષણમાં એનજીઓએ જણાવ્યું હતું કે ૨૦ રજિસ્ટર ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં ફક્ત ૧૦એ નાણાકીય વર્ષ ૨૦૨૫માં દાન મેળવ્યું હોવાનું જાહેર કર્યું હતું. તેણે એ પણ નોંધ્યું હતું કે પાંચ ટ્રસ્ટોના અહેવાલો જમા કરવાની અંતિમ તારીખના ત્રણ મહિના પછી પણ મતદાન પેનલની વેબસાઇટ પર ઉપલબ્ધ નથી.

એડીઆરના જણાવ્યા અનુસાર, વર્ષ દરમિયાન કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી કુલ ૩,૮૨૬.૩૪૧૭ કરોડ રૂપિયા મળ્યા હતા જ્યારે રાજકીય પક્ષોને ૩૮૨૬.૩૫૨૨ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જે નિયમો અનુસાર ચૂંટણી ટ્રસ્ટોને તેમની વાર્ષિક આવકના ઓછામાં ઓછા ૮૫ ટકાનો હિસ્સો વહેંચવાનો હોય છે. ભાજપ સૌથી વધુ દાન મળ્યું છે જેને ૩૧૫૭.૬૫૪૯ કરોડ રૂપિયા મળ્યા હતા જે કુલ રકમના ૮૨.૫૨ ટકા થાય છે. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસને ૨૯૮.૭૭૯૫ કરોડ રૂપિયા (૭.૮૧ ટકા)નું દાન મળ્યું હતું ત્યારબાદ ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (એઆઈટીસી)ને ૧૦૨ કરોડ (૨.૬૭ ટકા) રૂપિયા મળ્યા હતા. અન્ય ૧૯ રાજકીય પક્ષોએ મળીને કુલ ૨૬૭.૯૧૭૮ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતુ.

ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટે ૧૫ રાજકીય પક્ષોને સૌથી વધુ ૨,૬૬૮.૪૬૪૭ કરોડનું દાન આપ્યું હતુ. ત્યારબાદ પ્રોગ્રેસિવ ઈલેક્ટોરલ ટ્રસ્ટનો ક્રમ આવે છે,જેણે ૧૦ પક્ષોને ૯૧૪.૯૭ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોર્પોરેટ અને બિઝનેસ પરિવારો રાજકીય ભંડોળમાં પ્રભુત્વ ધરાવે છે,જેમાં ૨૨૮ આવી સંસ્થાઓએ ૩,૬૩૬.૮૧૯ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. તેની સરખામણીમાં ૯૯ વ્યક્તિઓએ ૧૮૭.૬૨૨૭ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. ટોચના ૧૦ દાતાઓએ ૧,૯૦૮.૮૬૨૧ કરોડ રૂપિયા અથવા કુલ દાનના લગભગ ૪૯.૮૯ ટકા આપ્યા હતા. એલિવેટેડ એવન્યુ રિયલ્ટી એલએલપી ૫૦૦ કરોડ રૂપિયા સાથે સૌથી મોટું સિંગલ ડોનર હતું.

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલઃ રાહુલ ખેડૂત નેતાઓને મળ્યા

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી શુક્રવારે સંસદના પરિસરમાં ખેડૂત યુનિયનોના નેતાઓને મળ્યા હતા અને તેમની સાથે ભારત-અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપારી કરાર, ખેડૂતો અને ખેતમજૂરોની આજીવિકાની સુરક્ષા અંગે વાતચીત કરી હતી.

બેઠક દરમિયાન કૃષિ યુનિયનના નેતાઓએ ભારત-અમેરિકા વેપારી કરાર અંગે વિરોધ વ્યક્ત કર્યો હતો અને મકાઈ, સોયાબીન, કોટન, ફળો સહિતનાં ઉત્પાદનો સાથે સંકળાયેલા ખેડૂતોની આજીવિકા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, એમ કોંગ્રેસે કહ્યું હતું.

રાહુલે કહ્યું હતું કે વેપારી કરારે કૃષિ આયાતના દરવાજા ખોલી દીધા છે અને તેને પગલે અન્ય ઉત્પાદનો પણ જલદી જ ભારતમાં પગપેસારો કરશે.

આ કરારનો વિરોધ, ખેડૂતો અને ખેતમજૂરોની આજીવિકાની રક્ષા કરવા મોટાપાયે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ કરવાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું.

રાહુલને મળેલા ખેડૂત નેતાઓમાં ઑલ ઈન્ડિયા કિસાન કોંગ્રેસના વડા સુખપાલ એસ. ખૈરા, ભારતીય કિસાન મઝદૂર યુનિયનના અશોક બાલ્હારા, બીકેયુ ક્રાન્તિકારીના બલદેવ એસ. ઝિરા, પ્રોગ્રેસિવ ફાર્મર ફ્રન્ટના આર. નંદકુમાર, બીકેયુ શહીદ ભગતસિંહના અમરજિત એસ. મોહરી, કિસાન મઝદૂર મોરચાના ગુરામનિત એસ મંગત અને જે-કે જમીનદાર ફોરમના હમીદ મલિકનો સમાવેશ થતો હતો.

ખૈરાના જણાવ્યા અનુસાર ખેડૂતા ભારત-અમેરિકા વેપારી કરાર અંગે ચર્ચા કરવા વિવિધ કિસાન યુનિયનોનું પ્રતિનિધિમંડળ સંસદભવનસ્થિત કાર્યાલયમાં રાહુલ ગાંધીને મળ્યું હતું. (એજન્સી)

# ટાર્ગેટ ઈરાનઃ અમેરિકા બીજું વિમાનવાહક યુદ્ધજહાજ મોકલશે

વૉશિંગ્ટનઃ અમેરિકા વિશ્વનું સૌથી મોટું વિમાનવાહક જહાજ અખાતમાં મોકલશે. અખાતમાં અગાઉ તહેનાત કરવામાં આવેલા જહાજના બૅકઅપ માટે આ જહાજ ત્યાં મોકલવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. અણુકરારને મામલે ઈરાન પર વધુ દબાણ આણવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને બળ પૂરું પાડવા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. ઈરાન સાથે ટૂંક સમયમાં જ વાટાઘાટનો બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવશે એ પ્રકારના ટ્રમ્પે એક દિવસ અગાઉ જ કરેલા સૂચન બાદ વિશ્વના સૌથી મોટા વિમાનવાહક જહાજ યુએસએસ ગૅરાલ્ડ આર. ફૉર્ડને અખાતમાં મોકલવાની યોજના બનાવવામાં આવી હતી. ગાઝા પટ્ટીમાં ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધના ઓછાયા હેઠળ જીવી રહેલા અખાતના દેશોએ અગાઉ જ ચેતવણી આપી હતી કે કોઈપણ હુમલો પ્રાદેશિક ઘર્ષણ વધવાનું કારણ બની શકે એમ છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ઓળખ છે

'કર્તવ્ય ભવન ૨' નામની કેન્દ્રિય સચિવાલયની બે ઇમારતનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રના અનેક પ્રધાન, અગ્રણી અમલદારો અને કેન્દ્ર સરકારના અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ ત્રણ ઇમારતમાં લેવાયેલા નિર્ણય કોઇ સમ્રાટના હિતને ધ્યાનમાં રાખીને નહિ, પરંતુ દેશના ૧.૪૦ અબજ લોકોની આશા સંતોષવા માટે લેવાયેલા હશે. હું આ ઇમારતો દેશની જનતાને સમર્પિત કરું છું.

મોદીએ પીએમઓમાં ભગવાન ગણેશની મૂર્તીને હાર પહેરાવ્યો હતો અને મહિલા ખેડૂતો, યુવાનો અને કચડાયેલા લોકોના હિતમાં મહત્ત્વના નિર્ણયો લીધા હતા.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભલ, પીએમઓમાં રાજ્ય કક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહ અને મુખ્ય સચિવ પી. કે. મિશ્ર અને શક્તિકાંત દાસ સહિતના ટોચના અધિકારીઓની હાજરીમાં મોદીએ પીએમ રાહત સ્કીમને બહાલી આપી હતી.

આ યોજનામાં દરેક નાગરિકના જીવન બચાવવાનું કવચ અપાશે . મોદીએ લખપતિ દીદીની સંખ્યા બમણી કરીને છ કરોડ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. (એજન્સી)

### વર્લ્ડ કપમાં

ઝિમ્બાબ્વેએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં માત્ર બે વિકેટના ભોગે ૧૬૯ રન કર્યા ત્યાર પછી ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૪૬ રનમાં ઑલઆઉટ થઈ જતાં ઝિમ્બાબ્વેનો રોમાંચક વિજય થયો.

ટી-૨૦ વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વેએ બીજી વખત ઑસ્ટ્રેલિયાને પરાજિત કર્યું છે અને કાંગારુઓ સામે તેમનો ૨-૦નો વિનિંગ રેશિયો છે.

૨૦૦૭ના વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વેએ ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. હવે ગ્રૂપ-બીના પૉઇન્ટ્સ-ટેબલમાં શ્રીલંકા પછી ઝિમ્બાબ્વે બીજા નંબરે અને ઑસ્ટ્રેલિયા ત્રીજા, આયરલૅન્ડ ચોથા તથા ઓમાન પાંચમા નંબરે છે.

રાઇટ-આર્મ પેસ બોલર બ્લેસિંગ મુઝરબાની (૪-૦-૧૭-૪) મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો. હવે ઑસ્ટ્રેલિયાની મૅચ સોમવાર, ૧૬મી ફેબ્રુઆરીએ પલ્લેકેલમાં શ્રીલંકા રમાશે. ઝિમ્બાબ્વેનો આગામી મુકાબલો મંગળવાર, ૧૭મી ફેબ્રુઆરીએ પલ્લેકેલમાં આયરલૅન્ડ સામે થશે.

### બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ફરી સત્તા પર

પાર્ટીના હિંદુ નેતા ગાયેશ્વરચંદ્ર રોયે ઢાકાની બેઠક પરથી પોતાના નજીકના હરીફ જમાતે ઇસ્લામીના ઉમેદવાર મોહંમદ શાહિનુર ઇસ્લામને હરાવ્યા હતા.

બાંગ્લાદેશમાં ગુરુવારે સામાન્ય ચૂંટણીમાં મતદાન બાદ તુરત મતગણતરી શરૂ કરી દેવાઇ હતી. બાંગ્લાદેશની સંસદની ૩૦૦માંથી ૨૯૯ બેઠક પર મતદાન ગુરુવારે સવારે સ્થાનિક સમય મુજબ ૭.૩૦ વાગ્યે શરૂ થયું હતું. એક બેઠકના ઉમેદવારના નિધનને લીધે ત્યાં મતદાન મુલતવી રખાયું હતું.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને તેના એક સમયના સાથી પક્ષ જમાતે ઇસ્લામી વચ્ચે સીધી સ્પર્ધા થઇ હતી.

પદભ્રષ્ટ કરાયેલા વડાં પ્રધાન શેખ હસીનાના પક્ષ અવામી લીગનું વિસર્જન કરાયું હોવાથી બે મુખ્ય રાજકીય પક્ષ વચ્ચે જ ચૂંટણીમાં સ્પર્ધા થઇ હતી. અવામી લીગ પર ચૂંટણી લડવા પ્રતિબંધ પણ મુકાયો હતો.

અગાઉ, બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીની મતગણતરીને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરાઇ હતી.

બાંગ્લાદેશ સંસદની ૨૯૯ બેઠક માટેના મતદાનમાં અંદાજે ૧૨.૭ કરોડ મતદાર માટે ૪૨,૭૭૯ મતદાન કેન્દ્ર ઊભા કરાયા હતા.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતા નઝરુલ ઇસ્લામ ખાને મોદીનો આભાર માન્યો હતો અને બન્ને દેશના સંબંધ ફરી સારા થવાની આશા વ્યક્ત કરી હતી.

બીએનપીના અધ્યક્ષ તારીક રહમાને જણાવ્યું હતું કે અમે મતગણતરી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે થઇ હોવાની આશા રાખીએ છીએ. અમારો પક્ષ દેશને ફરી સમૃદ્ધ અને સુરક્ષિત બનાવશે. (એજન્સી)

#### તારિક રહમાન સાથે વાત કરી મોદીએ

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (પીએનપી) એ વડાપ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કર્યા પછી બાંગ્લાદેશની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો છે. બીએનપીના વડા અને ભૂતપૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારીક રહેમાન વડાપ્રધાન તરીકે શપથ લે તેવી અપેક્ષા છે. બીએનપીની જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારિક રહેમાન સાથે વાત કરી અને તેમને તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા. વડાપ્રધાન મોદીએ સત્તાવાર 'એક્સ' એકાઉન્ટ પર આ વિશે પોસ્ટ કરી હતી.

#### શેખ હસીનાને સોંપી દેવાનું ભારતને કહીશુંઃ બીએનપી

ઢાકાઃબાંગ્લાદેશની ચૂંટણીમાં જંગી જીત મેળવનાર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)એ કહ્યું હતું કે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યર્પણનો મુદ્દો ભારત સમક્ષ ઉઠાવશે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતા સલાહુદ્દીન અહેમદે શુક્રવારે શેખ હસીનાના પ્રત્યર્પણ અંગે એક નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે બીએનપી ભારત સરકારને સત્તાવાર રીતે શેખ હસીનાના બાંગ્લાદેશમાં પ્રત્યર્પણ કરવા માટે અપીલ કરશે જેથી તે તેમની વિરુદ્ધ ચાલી રહેલા કોર્ટ કેસોનો સામનો કરી શકે.

### પચીસ લાખ ટન ઘઉં

ટન ખાંડની નિકાસને મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. અગાઉ, સરકારે ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજના આદેશ દ્વારા ચાલુ ખાંડ સીઝન દરમિયાન ૧૫ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી.

ખાંડ મિલોએ આપેલી માહિતી અનુસાર, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં માત્ર ૧.૯૭ લાખ ટન ખાંડની નિકાસ કરવામાં આવી છે. વધુમાં, આજની તારીખે ખાંડ મિલોએ આશરે ૨.૭૨ લાખ ટન ખાંડની નિકાસ માટે કરાર કર્યો છે. ૨૦૨૫-૨૬ દરમિયાન ખાનગી સંસ્થાઓ પાસે ઘઉંનો સ્ટોક ઉપલબ્ધતા આશરે ૭૫ લાખ ટન છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં લગભગ ૩૨ લાખ ટન વધારે છે, જે દેશમાં આરામદાયક પુરવઠાની સ્થિતિ દર્શાવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

### બ્લેક ફ્રાઈડે

ટેક્નોલોજીને કારણે ભારતીય આઇટી કંપનીઓને યુએસ લિસ્ટેડ કંપનીઓ તરફથી મજબૂત સ્પર્ધાનો સામનો કરવો પડશે તેવી આશંકા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આ જ કારણસર સૌથી વધુ ધોવાણ આઇટી સેક્ટરના શેરોમાં જોવા મળ્યું છે અને ભારતની લગભગ બધી જ ટોપની આઇટી કંપનીઓમાં એકધારી પીછેહઠ થઇ રહી છે.

શેરબજારના આ સત્રના ધબડકાના મુખ્ય કારણોમાં આઇટી શેરોમાં તીવ્ર વેચવાલી, ગ્લોબલ ઇક્વિટી બજારના નબળા સંકેત, ડોલરની મજબૂતાઈ અને રૂપિયાની નબળાઇ તથા સતત વધી રહેલા ભૂ-રાજકીય તણાવનો સમાવેશ થાય છે. અમેરિકા ગમે ત્યારે ઇરાન પર હુમલો કરવાની તૈયારીમાં હોય એવા સંકેત તેની હિલચાલ પરથી મળી રહ્યા છે. બીએસઇના બધા મુખ્ય ક્ષેત્રીય શેરઆંક નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. એનર્જી, મેટલ અને રિયલ્ટી શેરોમાં ત્રણેક ટકા સુધીનું ધોવાણ થયું હતું, જ્યારે આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એફએમસીજી, ટેલિકોમ, ઇન્ફ્રા, ઓટો, પાવર, પીએસયુ અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં પણ એકાદ ટકા સુધીનું ધોવાણ હતું. નિફ્ટી મિડકેપ અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ લગભગ બે ટકા ઘટતાં વ્યાપક બજાર પણ દબાણ હેઠળ આવ્યું હતું.

મુખ્યત્વે મેટલ ૩.૨૧ ટકા, કોમોડિટીઝ ૨.૨૭ ટકા, રિયલ્ટી ૨.૨૭ ટકા, યુટિલિટીઝ ૨.૨૬ ટકા, એનર્જી ૧.૯૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૮૬ ટકા, પાવર ૧.૮૫ ટકા, એફએમસીજી ૧.૭૪ ટકા,સર્વિસીસ ૧.૭૨ ટકા, આઈટી ૧.૬૬ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૬ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૪૬ ટકા ગબડ્યો હતો.

બજારોમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી, જેમાં તમામ સેક્ટરલ ઇન્ડેક્સ રેડ ઝોનમાં ગબડી ગયા હતા. ટેક્નોલોજી શેરોમાં વિશેષ ઘટાડો થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં બજાજ ફાઈનાન્સ ૨.૪૩ ટકા અને સ્ટેટ બૅન્ક ૦.૫૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે હિંદુસ્તાન યુનિલિવર ૪.૩૫ ટકા, ઈટર્નલ ૪.૧૬ ટકા, ટાટા સ્ટીલ ૨.૨૫ ટકા, ટાઈટન ૨.૨૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૧૭ ટકા, પાવર ગ્રીડ ૨.૧૧ ટકા, રિલાયન્સ ૨.૦૭ ટકા, બીઈએલ ૧.૯૦ ટકા, એશિયન પેઈન્ટ ૧.૮૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૪ ટકા, એચડીએફસી બૅન્ક ૧.૬૧ ટકા અને અદાણી પોર્ટ્સ ૧.૫૮ ટકા ઘટ્યા હતા.

### અમેરિકા અને રશિયા

વિશ્વસનીયતા વધારવા માટે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપવાની રહ્યું છે. અમેરિકા ડૉલરને મજબૂત કરવા માટે રશિયા સાથે એક ગુપ્ત કરાર કરવાની તૈયારીમાં હોવાનું ચર્ચાઇ રહ્યું છે. તેને લીધે શૅરબજારનું સૅન્ટિમેન્ટ સુધરી શકે છે તેમ જ સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થઇ શકે છે.

રશિયા પણ અમેરિકા સહિત અન્ય દેશો સાથેની પોતાની બધી આર્થિક લેવડદેવડ ડૉલરમાં જ કરવા સહમત થયું હોવાનું કહેવાય છે.

સોના અને ચાંદીના ભાવમાં ગુરુવારે રાતે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે કડાકો બોલ્યો હતો. સોનાનો ભાવ ચાર ટકા અને ચાંદીનો ભાવ આઠ ટકાથી વધુ ઘટ્યો હતો. એમસીએક્સમાં પણ ભારે કડાકો નોંધાયો હતો. અંતે ચાંદીનો ભાવ રૂપિયા ૨૬,૦૦૦ અને સોનાનો ભાવ રૂપિયા ૬,૦૦૦ ઘટ્યો હતો.

અમેરિકાના મજબૂત જૉબ ડૅટા અને ફૅડ રૅટમાં ઘટાડાની સંભાવનાને લીધે પણ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો.

અમેરિકા અને રશિયાના સૂચિત ગુપ્ત સોદામાં ઈંધણ, કુદરતી ગૅસ અને કેટલોક કાચો માલ મુખ્ય છે અને તેના માટેની રૂપરેખા તૈયાર કરાઇ હોવાનું કહેવાય છે.


રશિયાને 'સ્વિફ્ટ' આધારિત ફાઇનાન્શિયલ સિસ્ટમમાંથી ૨૦૨૨માં દૂર કરાયું હતું, પરંતુ તે હવે ડૉલર-આધારિત વેપાર કરવા સહમત થયું હોવાનું કહેવાય છે.

રશિયા 'સ્વિફ્ટ'માંથી નીકળી ગયા બાદ ભારત અને 'બ્રિક્સ'ના અન્ય અમુક દેશની સાથે આર્થિક લેવડદેવડ પોતાના ચલણમાં જ કરતું હતું.

ડૉલર વધુ મજબૂત થાય, તો રોકાણકારો સોના અને ચાંદીમાં રોકાણ કરવાનું ઓછું કરીને શૅરબજારમાં વધુ રોકાણ કરવા આકર્ષાઇ શકે છે.

# સ્મરણાંજલિ સભા

સોનગઢના આધ્યાત્મિક સંત પરમ પૂજ્ય સદ્દગુરુદેવશ્રી કાનજીસ્વામી તદ્દભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રત્યે અનન્ય શ્રધ્ધા-ભક્તિ ધરાવનાર આત્માર્થી શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા પ્રત્યે સ્મરણાંજલિ



**સ્વ. શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા**

અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય સદ્દગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય ધર્મપ્રભાવના યોગમાં નિમિત્તરુપ બની શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢના પ્રમુખ તરીકે ૪૬ વર્ષ શાસનની સેવામાં અવિરત યોગદાન આપનાર આત્માર્થી ભાઈશ્રી હસમુખલાલ પોપટલાલ વોરાનું ૯૪ વર્ષે તેમની કર્મભૂમિ સોનગઢમાં તા. ૨૪-૦૧-૨૦૨૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમની દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ તથા શાસનની અવિરત સેવાના સંસ્મરણોને યાદ કરી તેમને સ્મરણાંજલિ સમર્પિત કરવા બૃહદ્ મુંબઈના સમગ્ર મુમુક્ષુ મંડળો તથા તેમના પરિવાર વતી નીચેના સ્થળે તથા સમયે સ્મરણાંજલિ સભાનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢ
શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મુંબઈ (ઝવેરી બજાર)
શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-દાદર
શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મલાડ
શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-ઘાટકોપર
શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-બોરીવલી
શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-પાર્લા-સાંતાક્રુઝ
શ્રી કુદંકુંદ-કહાન દિગંબર જૈન સંઘ-વસઈ
શ્રી કુદંકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મુલુન્ડ
શ્રી કુદંકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ-મુંબઈ

સ્મરણાંજલિ સભા તા. ૧૫-૦૨-૨૦૨૬ રવિવાર સવારે ૧૦.૧૫ થી ૧૨.૧૫ કલાકે
સ્થળ : જલારામ હૉલ, રોડ નં. ૬, જે.વી.પી.ડી. સ્કીમ, પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.
સ્વામી વાત્સલ્ય ભોજન : બપોરે ૧૨.૧૫ થી ૦૨.૦૦ કલાકે
You Tube Live Channel Name : @Hasmukhbhai_Vora_Songadh

# કોસ્ટલ રોડ પર સંભળાતું ગીત મરાઠીમાં કેમ નહીં ?

## મનસેએ ટીકા કરતા સરકારને ગીત મરાઠીમાં વગાડવાનું કહ્યું

મુંબઈ: મુંબઈમાં કોસ્ટલ રોડ પર શરૂ થયેલા એક અનોખા પ્રોજેક્ટની હાલમાં દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. આ રોડ પરથી વાહનો પસાર થાય છે ત્યારે 'જય હો' ગીત સાંભળવા મળે છે. આ કારણસર કોસ્ટલ રોડ હવે ભારતના પહેલા મ્યુઝિકલ રોડ તરીકે જાણીતો બન્યો છે. મ્યુઝિકલ રોડ પ્રયોગનું અનેક લોકોએ સ્વાગત કર્યું છે. જોકે, રાજકીય નેતાઓએ રાજ્ય સરકારની ટીકા કરી છે. મનસે નેતા અમિત ઠાકરેએ પણ મ્યુઝિકલ રોડ પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવી સરકારને આડેહાથ લીધી છે. મુંબઈના રહેવાસીઓને આની જરૂર છે ખરી એવો સવાલ કરી આ પ્રયોગ માટે તેમણે મરાઠી ગીત કેમ પસંદ ન કર્યું એવું પણ અમિત ઠાકરેએ કહ્યું છે.

રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરની એક પોસ્ટમાં કોસ્ટલ રોડ પરના મ્યુઝિકલ રોડ પ્રોજેક્ટની તીવ્ર ટીકા કરી છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કોસ્ટલ રોડ પર શરૂ કરવામાં આવેલો 'મ્યુઝિકલ રોડ'નો પ્રયોગ ચોક્કસપણે નવો છે, કંઈક અલગ છે એમ કહી તેમણે ટેકનોલોજીનો ઉપયોગ કરવા બદલ વહીવટીતંત્રને અભિનંદન આપ્યા છે. પણ શું મુંબઈના રહેવાસીઓને ખરેખર આની જરૂર છે? મુંબઈવાસીઓએ આની માંગણી કરી હતી? રસ્તા સંદર્ભના મહત્ત્વના મુદ્દા પેન્ડિંગ રાખીને આ કરવાની જરૂર શું છે? અમિત ઠાકરેએ સવાલોની ઝડી વરસાવી છે.

સોશ્યલ મીડિયાની પોસ્ટમાં તેમણે રજૂઆત કરી છે કે 'સાચું પૂછો તો કોસ્ટલ રોડ રોજિંદા ટ્રાફિકના ઘોંઘાટથી થોડી શાંતિ આપે છે! કુતૂહલ માટે આવો પ્રયોગ થોડા દિવસો માટે ઠીક હોઈ શકે છે, પરંતુ એ રોજિંદા મુસાફરો માટે 'ઘોંઘાટ' નહીં રહે? સિવાય વહીવટીતંત્રે વાહન ચલાવતી વખતે ડ્રાઇવરનું ધ્યાન ભંગ થવાની શક્યતા તપાસી છે? એવો એક ગંભીર મુદ્દો પણ ઉઠાવ્યો છે. સાથે તેમણે એમ પણ કહ્યું છે કે જો કંઈક વગાડવું જ હતું તો આપણી માટીનું ગીત કેમ નહીં? આપણા મહારાષ્ટ્રની ઓળખ આપતું મરાઠી ગીત કેમ નહીં? 'ગર્જા મહારાષ્ટ્ર માઝા' જેવું આપણું રાજ્ય ગીત અથવા લતા દીદીના અમર સ્વરનું એકાદું ગીત પસંદ કર્યું હોત તો તે ઉત્તમ કહેવાત.' ■

# શનિ-રવિમાં વસઈ-દિવા રેલવે લાઇન પર મેગા બ્લોક

વસઈ: રેલવે વહીવટીતંત્ર શનિવાર અને રવિવારે વસઈ રોડ અને દિવા રેલવે સ્ટેશન વચ્ચે ટેકનિકલ કાર્ય માટે મેગા બ્લોક લેવામાં લાવશે. આ બ્લોકને કારણે સવાર અને સાંજના સત્રોમાં દિવા, વસઈ અને બોઈસર રૂટ પર કેટલીક મેમુ ટ્રેન રદ કરવામાં આવી છે.

વસઈ વિરારના મોટાભાગના નાગરિકો મધ્ય રેલવે પર દોડતી વસઈ-દિવા-પનવેલ રૂટ પર મુસાફરી કરે છે. બીજી તરફ ગ્રામીણ વિસ્તારના ઘણા નાગરિકો જુચંદ્ર, કામણ, ખારબાવ, ભિવંડી સ્ટેશનોથી શહેરી વિસ્તારોમાં તેમના નાના-મોટા કામકાજ માટે આવે છે.

રેલવે વહીવટીતંત્ર વસઈ રોડ - દિવા રૂટ પર ટેકનિકલ અને સમારકામના કામ માટે શનિવાર અને રવિવાર એમ બે દિવસ મેગા બ્લોક હોવાથી મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન હેઠળ ચાલતી અનેક 'મેમુ' ટ્રેન રદ કરવામાં આવશે. ■

### કઈ ટ્રેન રદ કરવામાં આવશે?

શનિવાર ૬૧૦૦૭ (વસઈ રોડ દિવા મેમુ): બપોરે ૩:૨૩
શનિવાર ૬૯૧૬૬ (વસઈ રોડ પનવેલ મેમુ): સાંજે ૪:૪૦
રવિવાર ૬૧૦૦૧ (બોઈસર વસઈ રોડ મેમુ): સવારે ૮:૩૫
રવિવાર ૬૧૦૦૩ (વસઈ રોડ દિવા મેમુ): સવારે ૯:૫૦ ■

# બીએમસી ઍક્શન મોડમાં: દાદર-પૂર્વમાં સ્ટેશન બહારનાં અતિક્રમણનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી પાર પડવાની સાથે જ મુંબઈમાં ઠેર ઠેર થઈ ગયેલા અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી મોટા પાયા પર હાથ ધરવામાં આવી રહી છે, જે અંતગર્ત પાલિકાના એફ દક્ષિણ વોર્ડ દ્વારા શુક્રવારે દાદર (પૂર્વ)માં દાદાસાહેબ ફાળકે માર્ગ, મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રાલય માર્ગ પાસે કાર્યવાહી કરી હતી.



પાલિકાના એફ દક્ષિણ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર વૃષલી ઇંગલે જણાવ્યું હતું કે ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ એફ/સાઉથ ઓફિસના વિવિધ વિભાગોની સંયુક્ત ટીમે રસ્તાઓ અને ફૂટપાથ પર અતિક્રમણ કરનારા ફેરિયાઓ, દુકાનો/સ્થાનો તેમજ અસામાજિક તત્વો દ્વારા એકત્રિત કરવામાં આવેલા કચરા સામે અતિક્રમણ દૂર કરવાની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરી હતી. મુખ્યત્વે દાદર પૂર્વમાં સ્ટેશન બહાર અને હિંદમાતા વિસ્તારનો સમાવેશ થાય છે. ઉક્ત કામગીરી દરમિયાન, ૩૫ ફેરિયાઓ/વિક્રેતાઓ અને ૧૨ ઝૂંપડાઓ સામે ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી માટે, સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ૧૫ અધિકારીઓ/કર્મચારીઓ, ૨૫ કામદારો, ૦૨ જેસીબી મશીનો અને ૦૩ ડમ્પરો સામેલ હતા. આ કામગીરીને કારણે રસ્તાઓ અને ફૂટપાથ વાહનો અને રાહદારી માટે ખુલ્લી થઈ હતી. ■

# S3 ગ્રૂપના બિગ બી અને માઝી મુંબઈને સિઝન-૩ ની સુવર્ણ સફર માટે ધન્યવાદ

S3 ગ્રૂપે ISPL સિઝન-૩માં માઝી મુંબઈ ટીમની સાથે અનુભવ કરેલ પ્રત્યેક અવિસ્મરણીય ક્ષણ, અથાક પ્રયત્નો અને ઉત્કૃષ્ટ ક્રીડા ભાવના માટે મનઃપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

આ પ્રસંગે S3 ગ્રૂપના CMD, શ્રી શૈલેશ સંઘવીએ જણાવ્યું હતું કે "S3 ગ્રૂપની આ સુવર્ણ સફર માટે બિગ બી અને માઝી મુંબઈ ટીમને ખાસ ધન્યવાદ", મારું માનવું છે કે હાર-જીતથી ક્યાંય આગળ જઈને માઝી મુંબઈ જેવા મંચ અને સંયુક્ત ઉપક્રમ, ઉભરતા પ્રતિભાશાળી ખેલાડીઓને, સ્ટ્રીટ ટેલેન્ટને આગળ લાવવાનું સશક્ત માધ્યમ બને છે અને સમાજમાં સકારાત્મક સોચ એટલે કે વિચારસરણી પણ મજબૂત બનાવે છે. આવનારા સમયમાં પણ S3 ગ્રૂપ મુંબઈની આ ખેલ સંસ્કૃતિ અને માઝી મુંબઈની સાથે મજબૂતીથી સંકળાયેલ રહેશે.



શ્રી શૈલેશ સંઘવી અને શ્રી અમિતાભ બચ્ચનજી - ટીમ ઓનર



શ્રી અભિષેક બચ્ચન, શ્રી શૈલેશ સંઘવી અને શ્રી નિપુણ અગ્રવાલ - ટીમ ઓનર

# કોર્ટ તથા જજીસના રેસિડેન્શિયલ વિસ્તારમાં સુરક્ષા ઓડિટ કરાયું છે કે નહીં? હાઇ કોર્ટે પોલીસ પાસે માગ્યો જવાબ

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર પોલીસને રાજ્યની તમામ હાઈ કોર્ટ અને તમામ ટ્રાયલ કોર્ટના ન્યાયાધીશોના હાઈ કોર્ટ બિલ્ડિંગો અને રહેણાક પરિસરમાં અપાયેલી સુરક્ષા અંગે કોઈ પણ પ્રકારના ઓડિટ કરાયા હોય તો તેની તમામ વિગતો કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે આ અઠવાડિયાની શરૂઆતમાં આ આદેશ આપ્યો હતો. ન્યાયિક અધિકારીઓ અને કાનૂની સમુદાયની સલામતી અંગે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ચિંતા વ્યક્ત કરી હતી. તેની નોંધ લઈને હાઈ કોર્ટે સુઓ મોટો નોંધ લઈને આ આદેશ આપ્યો હતો.ધનબાદમાં એક વધારાના સેશન્સ જજના મૃત્યુને પગલે સુપ્રીમ કોર્ટે ૨૦૨૧માં આ મુદ્દા પર સુઓ મોટો કાર્યવાહી હાથ ધરી હતી.

મહારાષ્ટ્રના એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ ૧૦ ફેબ્રુઆરીએ હાઈ કોર્ટને માહિતી આપી હતી કે, કોર્ટ પરિસરની સુરક્ષા અને ન્યાયાધીશોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પોલીસ વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે કોર્ટને પોતે માહિતગાર કરશે. કોર્ટે આ વાત સ્વીકારીને ૧૭ ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી રાખી છે પણ સાથે સાથે કોઈપણ સુરક્ષા અંગે કોઈ પણ પ્રકારનું ઓડિટ કરાયું હોય તો તેની વિગતો આપવા પણ આદેશ આપ્યો છે.

હાઈ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, અમે પોલીસ મહાનિર્દેશકને હાઈ કોર્ટ અને બોમ્બે હાઈ કોર્ટના ન્યાયાધીશો જ્યાં રહે છે તે ઇમારતોના સુરક્ષા ઓડિટની નકલ હોય તો તે રજૂ કરવા આદેશ આપીએ છીએ. હાઈ કોર્ટે ગોવા, ઔરંગાબાદ, નાગપુર અને કોલ્હાપુરની સર્કિટ બેન્ચ અને તમામ જિલ્લાઓની ટ્રાયલ કોર્ટ અંગે પણ ઓડિટની વિગતો આપવા કહ્યું છે.

ધનબાદના ન્યાયાધીશની હત્યા બાદ દેશભરમાં ન્યાયિક અધિકારીઓ પર વધી રહેલા જોખમોની નોંધ લેતા સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે, રાજ્યની ફરજ છે કે એક સુરક્ષિત વાતાવરણ બનાવે કે જેથી ન્યાયાધીશો અને વકીલો નિર્ભયતાથી કામ કરી શકે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે દેશભરમાં આ પ્રકારની ઘટનાઓ સતનોંધાઈ રહી છે એ જોતાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે વ્યાપક પરામર્શ જરૂરી છે.■

# કાળઝાળ ગરમીને કારણે ગ્રાઉન્ડ ટેસ્ટના સમય બદલાયા

## યુવાન ઉમેદવારના મૃત્યુ બાદ લેવાયો નિર્ણય

મુંબઈ: મહારાષ્ટ્રમાં ચાલી રહેલી પોલીસ ભરતી પ્રક્રિયામાં ગરમીને જોતા વહીવટી તંત્ર દ્વારા સમય પત્રકમાં સુધારો કરવામાં આવ્યો છે. મેદાની પરીક્ષા દરમિયાન ઉમેદવારોના જીવ જોખમમાં ન મુકાય અને તેમને હીટસ્ટ્રોક જેવી સ્થિતિથી બચાવી શકાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને બપોરના સમયે પડતી આકરી ગરમીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે, જેથી યુવાનો સુરક્ષિત રીતે પોતાની શારીરિક ક્ષમતાનું પ્રદર્શન કરી શકે. પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર હવે શારીરિક કસોટીઓ આખો દિવસ ચલાવવાને બદલે બે અલગ-અલગ સેશનમાં યોજવામાં આવશે. નવો સમય સવારે ૫ થી ૯ વાગ્યા સુધી અને ત્યારબાદ સીધો સાંજે ૫ વાગ્યા પછીનો રાખવામાં આવ્યો છે. અગાઉ આ ટેસ્ટ દિવસ દરમિયાન લેવામાં આવતી હતી, પરંતુ હવે સવારની ઠંડક અને સાંજના સમયે જ દોડ અને અન્ય સ્પર્ધાઓ યોજાશે, જેથી તીવ્ર તડકાનો સામનો ન કરવો પડે.

ભરતી પ્રક્રિયાના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય બીડ જિલ્લામાં બનેલી એક ઘટના બાદ લેવામાં આવ્યો છે. પરલી તાલુકાના માંડખેલ ગામના ૨૬ વર્ષીય ઉમેદવાર દીપક વાઘુલેનું શારીરિક કસોટી દરમિયાન મોત નીપજ્યું હતું. ૧૬૦૦ મીટરની દોડ પૂર્ણ કર્યા બાદ દીપક અચાનક ઢળી પડ્યો હતો અને તેનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને મૃત્યુના ચોક્કસ કારણની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં હાલમાં અંદાજે ૧૫૦૦૦ જેટલી પોલીસ જગ્યાઓ માટે ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. બુધવારથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં હજારો યુવક-યુવતીઓ ભાગ લઈ રહ્યા છે. ઉમેદવારોએ ૧૬૦૦ મીટર દોડ (પુરૂષો માટે), ૮૦૦ મીટર દોડ (મહિલાઓ માટે) અને ગોળાફેંક જેવી કસોટીઓ પાસ કરવાની હોય છે. ■

# આત્માના ઓછાયાનો ભય દેખાડી ૧૦ લાખ પડાવ્યા: ચારની ધરપકડ

થાણે: કાળા જાદુ અને આત્માનો ડર ઊભો કરી થાણેના ૬૭ વર્ષના રહેવાસી સાથે લગભગ ૧૦ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને બ્લૅક મૅજિક ઍક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શિવલિંગ ઈંગળે, રોહિત શિંદે, બ્રહ્મદત ઈંગળે અને ભવાની ઈંગળેને તાબામાં લેવાયાં હતાં.પોલીસના જણાવ્યા મુજબ આ મામલે ચંદ્રકાંત ચિલેએ ફરિયાદ નોંધાવી હતી. એક સગાની જન્મદિનની પાર્ટી માટે ચિલે થાણે જિલ્લાના બદલાપુરમાં ગયા હતા ત્યારે તેમની મુલાકાત આરોપી સાથે થઈ હતી. આરોપીએ પોતાની ઓળખ જ્યોતીષ તરીકે આપી હતી. એક આત્માને કારણે તમારા ઘર પર 'ગંભીર સંકટ' છવાયેલું હોવાનું આરોપીએ ચિલે અને તેમની પત્નીને કહ્યું હતું. સંકટ ટાળવા માટે અમુક વિધિ કરવા સોનાના ચાર ખીલા આપવા પડશે અને દરેક ખીલાનું વજન ૧.૫ તોલા હોવું જોઈએ, એવું આરોપીએ ચિલેને કહ્યું હતું. જોકે વિધિ પત્યા પછી આ ખીલા પાછા આપવાની ખાતરી આરોપીએ આપી હતી, એવું પોલીસે જણાવ્યું હતું.બાદમાં અલગ અલગ કારણો રજૂ કરી આરોપીએ ફરિયાદી પાસેથી લગભગ ૧૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. જોકે આરોપીએ વધુ નાણાંની માગણી કરતાં ચિલેને શંકા ગઈ હતી અને તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો, એવું બદલાપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર રાજેશ ગજજલે જણાવ્યું હતું. આ કાંડમાં અન્ય કેટલાક શકમંદોની પણ સંડોવણી હોવાનું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ) ■

# વિલીનીકરણ પછી એનસીપીની કમાન અજિત પવારને સોંપવાની હતી, પણ...

## એનસીપી (એસપી)ના નેતાએ કર્યો દાવો

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના સંભવિત વિલીનીકરણ અંગેની ચર્ચાએ ફરી એકવાર જોર પકડ્યું છે ત્યારે એનસીપી શરદ ચંદ્ર પવાર પક્ષના સાપ્તાહિકમાંથી એક સનસનાટીભરી માહિતી પ્રકાશમાં આવી છે. પક્ષના પ્રદેશ પ્રમુખ શશીકાંત શિંદેએ અધ્યક્ષીય લેખમાં એક મોટો ખુલાસો કર્યો છે.

પ્રકાશિત થયેલા લેખમાં શશિકાંત શિંદેએ સ્પષ્ટ પણે જણાવ્યું છે કે વિલીનીકરણ પછી પક્ષનું નેતૃત્વ અજિત પવારને સોંપવાનો નિર્ણય પહેલેથી જ થઈ ગયો હતો. જોકે, તેમના અવસાનને કારણે આ સ્વપન અધૂરું રહ્યું. અજીત દાદાનું સ્વપન પૂર્ણ કરવું એ તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે' એ શબ્દોમાં તેમણે કાર્યકરોને અપીલ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પક્ષને ફરીથી સંગઠિત અને મજબૂત બનાવવા માટે દરેક વ્યક્તિએ મન મોટું રાખી નિષ્ઠાવાન પ્રયાસો કરવાની જરૂર છે. મતભેદોને બાજુ પર રાખીને, રાજ્યના રાજકારણમાં એનસીપી ફરીથી પ્રભાવી સ્થાન મેળવે તે સમયની માંગ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી એનસીપીના બે જૂથ એકબીજામાં ભળી જાય એ અંગે વાતચીત થઈ રહી હોવાના અહેવાલો આવી રહ્યા છે. જોકે શરદ પવારે જાહેર મંચ પર વિલીનીકરણની વાતથી અલિપ્ત રહ્યા છે, પરંતુ સતત એવા સંકેતો મળી રહ્યા છે કે પડદા પાછળ વાતચીત ચાલી રહી છે. શશીકાંત શિંદેના આ લેખથી વાટાઘાટોને વધુ વેગ મળ્યો છે. ■


# GANESH BENZOPLAST LIMITED

**Regd. Office :** Dina Building, 1st Floor, 53, Maharshi Karve Road, Marine Lines (East), Mumbai 400 002. **CIN :** L24200MH1986PLC039836
**Tel. No. :** 022 - 2200 1928/6140 6000 **e-mail :** investors@gblinfra.com, **web-site :** www.ganeshbenzoplast.com

**EXTRACT OF STATEMENT OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2025**

in Million (Except EPS)

| Sr. No. | Particulars | STANDALONE | | | | | | CONSOLIDATED | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended December 31, 2025 | Quarter ended September 30, 2025 | Quarter ended December 31, 2024 | Nine Months ended December 31, 2025 | Nine Months ended December 31, 2024 | Year Ended March 31, 2025 | Quarter ended December 31, 2025 | Quarter ended September 30, 2025 | Quarter ended December 31, 2024 | Nine Months ended December 31, 2025 | Nine Months ended December 31, 2024 | Year Ended March 31, 2025 |
| | | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | AUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | UNAUDITED | AUDITED |
| 1 | Total Income From Operations | 687.90 | 616.47 | 550.19 | 1,873.91 | 1,578.44 | 2,154.01 | 1,053.30 | 990.01 | 892.24 | 2,999.49 | 2,743.77 | 3,743.11 |
| 2 | Net Profit for the period(before tax and Exceptional items) | 188.76 | 183.13 | 212.84 | 578.37 | 618.40 | 861.92 | 221.84 | 220.68 | 242.41 | 705.09 | 680.68 | 966.53 |
| 3 | Net Profit for the period (before tax and after Exceptional items) | 188.76 | 280.39 | 212.84 | 666.09 | 618.40 | 418.14 | 221.84 | 317.94 | 242.41 | 792.81 | 680.68 | 519.22 |
| 4 | Net Profit for the period (after tax and after Exceptional items) | 140.77 | 209.23 | 161.47 | 490.92 | 465.81 | 307.25 | 161.53 | 237.56 | 183.89 | 580.42 | 512.78 | 380.86 |
| 5 | Total Comprehensive Income for the period | 136.41 | 209.45 | 153.45 | 488.38 | 466.74 | 300.61 | 157.17 | 237.78 | 174.42 | 577.82 | 505.76 | 373.97 |
| 6 | Equity Share Capital(Face value of Re. 1/- each) | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 |
| 7 | Other Equity as shown in the audited balance sheet | | | | | | 5,223.41 | | | | | | 5,311.39 |
| 8 | Earning Per Share (of Re. 1/- each)(not annualised) (after Exceptional items) | | | | | | | | | | | | |
| | a)Basic | 1.96 | 2.91 | 2.24 | 6.82 | 6.47 | 4.27 | 2.24 | 3.30 | 2.55 | 8.06 | 7.12 | 5.29 |
| | b)Diluted | 1.96 | 2.91 | 2.24 | 6.82 | 6.47 | 4.27 | 2.24 | 3.30 | 2.55 | 8.06 | 7.12 | 5.29 |

**Notes:**
1 The above is an extract of the detailed format of Financial Results for the Quarter and nine months ended on December 31, 2025 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited Financial Results are available on the Company's website, www.ganeshbenzoplast.com and Stock Exchanges website. www.bseindia.com and www.nseindia.com .
2 The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at their meeting held on February 13, 2026.

By Order of the Board
Sd/-
Shyam Nihate
Executive Director-Terminal Operations
(DIN 08301025)

Place : Mumbai
Date : February 13, 2026

## સંસ્થા સમાચાર

### ઝાલાવાડ ટ્રસ્ટ દ્વારા ભવ્ય સન્માન સમારોહ



મુંબઈઃ ઝાલાવાડ ટ્રસ્ટ દ્વારા ગુરુવાર, ૧૨ ફેબ્રુઆરીએ એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. આ અવસરે ભારતીય જનતા પાર્ટીની મહાપાલિકાની ચૂંટણીમાં થયેલી જીતને ધ્યાનમાં રાખી મુંબઈ ભાજપના અધ્યક્ષ અને વિધાનસભ્ય અમિત સાટમ તથા અંધેરી વિધાનસભા ક્ષેત્રમાં નવા ચૂંટાયેલા નગરસેવકો વિઠ્ઠલ બન્દેરી, દીપક કોટેકર, અનીશ મકવાણા, સુધા સિંહ, સુનીતા મહેતાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અંધેરી ઈસ્ટના વિધાનસભ્ય મુરજીભાઈ પટેલના પણ ખાસ અભિનંદન કરવામાં આવ્યા હતા. ઝાલાવાડ ટ્રસ્ટના અધ્યક્ષ સી. વી. શાહ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને હતા. તેમણે પોતાના વક્તવ્યમાં જનસેવા અને સામાજિક સમર્પણના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. ઝાલાવાડ ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમિયાન દરેક સોમથી શનિવાર સુધી જરૂરિયાતમંદો માટે નિઃશુલ્ક રાત્રિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે, જે જનસેવાનું એક પ્રેરણાદાયક ઉદાહરણ છે.કાર્યક્રમમાં ટ્રસ્ટના બધા ટ્રસ્ટીઓ તેમ જ સન્માનનીય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પૂ. ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતી અભિવંદના અવસરે ત્રિ-દિવસીય કાર્યક્રમ

દેવભૂમિ દેવલાલી (નાશિક)ની પાવન ભૂમિમાં ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતી અભિવંદના પ્રસંગે ત્રિ-દિવસીય કાર્યક્રમ દેશ-વિદેશના ભાવિકોની ઉપસ્થિતિમાં તા. ૧૫-૦૨-૨૦૨૬, રવિવારે ઉજવાશે. જસાપર ગામના વતની અને ૫૦ વર્ષ સરપંચપદે સેવારત પૂજ્ય પ્રેમગુરુવરે ૮૦ વર્ષની વયે અને તેઓના પુત્ર શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂજ્ય ધીરગુરુદેવે (પિતા-પુત્ર) એક સાથે ૧૫/૨/૧૯૮૨ ના ઉપલેટા સંઘમાં જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરેલ. તાજેતરમાં પૂજ્ય ગુરુદેવના જ્યેષ્ઠ ભ્રાતા મનહરભાઈ મણિયાર એ ૮૬ વર્ષની વયે આજીવન સંથારો ગ્રહણ કરી ૧૨માં ઉપવાસે સમાધિમરણ પ્રાપ્ત કરેલ.

દીક્ષા જયંતી પ્રસંગે પૂ. નરેશમુનિ મ.સા. આદિ તથા પૂ. તરુલતાજી મ.સ., પૂ. જ્યોતિજી મ.સ., પૂ. જયેશાજી મ.સ., પૂ. ભક્તિજી મ.સ., પૂ. મીનાજી મ.સ. આદિ અજરામરના પૂ. કોકીલાજી મ.સ., પૂ. ઝંખનાજી મ.સ., પૂ. વિભૂતિજી મ.સ., પૂ. શીતલજી મ.સ., પૂ. શુભેચ્છકુમારીજી મ.સ., તથા શ્રમણ સંઘના પૂ. અનુપમાજી મ.સ., દરિયાપુરીના પૂ. દૃષ્ટિજી મ.સ. આદિના દર્શનાદિનો લાભ મળશે.

તા. ૧૩ને શુક્રવારે સવારે ૯:૩૦ કલાકે 'આતમ ઝંખે છુટકારો' વિષય પર પ્રવચન શ્રેણી અજરામર ઉપાશ્રયે, તા. ૧૪ને શનિવારે પ્રભાબેન ચુનીલાલ વેકરીવાળા કેસરવાડી ઉપાશ્રય અને બપોરે ૩:૦૦ કલાકે વૈયાવચ્ચ પ્રમી ૮૫ કર્મચારીઓનું બહુમાન કરાશે. જ્યારે તા. ૧૫ના સવારે ૭:૪૫ થી ૮:૪૫ કલ્પવૃક્ષ સોસાયટી, મહાલક્ષ્મી મંદિર રોડ ખાતે નવકારસી, ૯:૦૦ જ્ઞાનપોથી શોભા યાત્રા અને ૯:૩૦ કલાકે દીક્ષા જયંતિ અભિવંદના કાર્યક્રમ ડુંગર દરબાર, મેંગો ટ્રી હોલ, મહાલક્ષ્મી મંદિર રોડ ખાતે યોજાશે.

સમારોહ મધ્યે 'મંઝિલ એક માર્ગ અનેક' અને ભક્તામર-સામાયિક સૂત્ર (પોકેટ)ની અર્પણ વિધિ યોજાશે.

### દેવગાણામાં વિમલનાથ સ્વામી જિનાલયનો શતાબ્દી મહોત્સવ ૧૦૦ વર્ષની ગૌરવગાથા

સિહોર તાલુકાના દેવગાણા ખાતે આવેલ વિમલનાથ સ્વામી જિનાલય પોતાના શતાબ્દી મહોત્સવની ઉજવણી તા. ૧૬ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન કરશે. જૈન સંઘના ઉપક્રમે અને પૂજયપાદ ગચ્છનાયક, પરમગીતાર્થ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના આજ્ઞા-આશીર્વાદથી શાસનપ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રબોધચંદ્રસુરીશ્વરજી મહારાજ (ચકાચક દાદા) એવં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની મંગલકારી નિશ્રામાં પ. પૂ. આ. ભ. શ્રીમદ વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજાનાર આ મહોત્સવમાં પાંચ દિવસ સુધી ધાર્મિક આસ્થા અને ઉત્સવનું અદ્ભુત સંગમ જોવા મળશે. આ પ્રસંગ આવે છે એટલે મુંબઇથી પ્રમુખ શ્રી સતીશભાઇ પી., શ્રીપાલભાઇ એમ, હિતેષભાઇ જી., પ્રશાંત એમ સતીશભાઇ એન, અને ભાવનગરથી શશીભાઇ એસ., અશોકભાઇ વી., સતીશભાઇ જે, જીતુભાઇ પૂજારી તેમ જ બકુલભાઇ શાહ, મનીષભાઇ શાહ, યોગેશભાઇ શાહ, જીતુભાઇ ગાંધી, દીપકભાઇ વેજાણી, શૈલેષભાઇ શાહ, વિજયભાઇ વેજાણી, સતીષભાઇ વેજાણી, ભાવેશભાઇ શાહ વગેરે કાર્યકર તેમ જ દેવગાણા આવવું જવું માટે રસ્તાનું કાર્ય અને દેરાસર એરીયામાં બ્લોક નાખવાનું કાર્ય એકદમ સરસ રીતે આગળ ચાલે છે. મહોત્સવના સમાપન પ્રસંગે દેરાસરના દ્વારનું ઉદ્‌ઘાટન સંવત ૨૦૮૨ ફાગણ સુદ ચોથ, શનિવાર તા. ૨૧-૨-૨૬ના રોજ યોજાશે.

# ગોરેગામમાં બહુમજલી ઈમારતમાં ભીષણ આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના ગોરેગામ પરિસરમાં શુક્રવારે વહેલી સવારના ૪૫ માળની બહુમજલી બિલ્ડિંગના નવમા માળા પર આવેલા એક ફ્લેટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો ફેલાઈ જતા અનેક રહેવાસી ફસાઈ ગયા હતા પણ ફાયરબ્રિગ્રેડે તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢયા હતા.

પશ્ચિમ ઉપનગરના વિલેપાર્લેમાં સોમવારે હાઈરાઈઝ બિલ્ડિંગમાં લાગેલી આગમાં કચ્છી મહિલાએ ભોગ લીધો હોવાનો બનાવ હજી તાજો છે ત્યાં શુક્રવારે વહેલી સવારના ગોરેગામમાં ગોકુળ ધામમાં ૪૫ માળની બિલ્ડિંગમાં આગ લાગી હોવાનો બનાવ બન્યો હતો.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગોરેગામ પૂર્વમાં ગોકુલ ધામમાં કૃષ્ણા વાટિકા રોડ પર ગ્રાઉન્ડ પ્લસ ૪૫ માળની ડીબી વુડ નામની બિલ્ડિંગ આવેલી છે. શુક્રવારે સવારના નવ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના નવમા માળા પર આવેલા એક ફ્લેટના બેડરૂમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, રસોડા સહિત સમગ્ર ઘરમાં ફેલાઈ ગઈ હતી.

આગની જાણ થતા જ ઘરના પરિવારના સભ્યો સહિત આજુબાજુના લોકો અને અન્ય માળના લોકો તરત બિલ્ડિંગના રેફ્યુજી એરિયા અને ટેરેસમાં આવી ગયા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ચાફ ફાયર એન્જિન, ચાર જેટી, એડવાન્સ વોટર ટેન્કર, એક ટેબલ ટર્ન લેડર, એક ક્વિર રિસ્પોન્સ વેહિકલ સહિતના સાધનો સાથે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને રેફ્યુજી એરિયામા રહેલા તમામ રહેવાસીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદ્‌નસીબે બિલ્ડિંગની ફાયર ફાઈટિંગ સિસ્ટમ કામ કરતી હોવાથી તેની મદદથી આગ ઝડપથી બુઝાવવામાં સફળતા મળી હતી. સદ્‌નસીબે કોઈ જખમી થયું નહોતું.

લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

## મુંબઈમાં મોનો રેલ અને મેટ્રો રેલને જોડવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા માટે ધોળો હાથી સાબિત થયેલી મોનોરેલનો ઉપયોગ વધુને વધુ મુંબઈગરા કરે તે માટે હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ મોનો અને મેટ્રો રેલવેને એક સાથે જોડવાની યોજના બનાવી હોવાનું જાણવા મળ્યું છે. મોનો રેલ અને મેટ્રો ટૂ-બીને જોડવાથી વધુને વધુ મુંબઈગરા તેમા પ્રવાસ કરશે એવો એમએમઆરડીએનો દાવો છે.

મેઈન્ટેન્સ માટે છેલ્લા અનેક મહિનાઓથી બંધ છે. ચેમ્બુરથી સંત ગાડગે મહારાજ ચોક દરમ્યાન દોડતી મોનો રેલ હવે ફરી શરૂ થવાની છે. સપ્ટેમ્બર ૨૦૨૫થી અનિશ્ચિત સમય માટે બંધ થયેલી મોનો રેલ હવે મે, ૨૦૨૬થી શરૂ થાય એવી શક્યતા છે .

મેટ્રો ટૂ-બી બે તબક્કામાં ચાલુ થવાની છે, જેમાં મેટ્રો ટૂ-બી અંધેરી પશ્ચિમ-મંડાલે- માનખુર્દ રૂટ ચેમ્બુર રેલવે સ્ટેશન સાથે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## થાણેમાં માતાના મૃત્યુના કલાકો બાદ પુત્રીએ કરી આત્મહત્યા

થાણેઃ થાણેના કિસનનગર વિસ્તારમાં માતાના મૃત્યુના કલાકો બાદ ૫૧ વર્ષની પુત્રીએ આત્મહત્યા કરી હોવાની ઘટના બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર કિસનનગરમાં રહેતી વર્ષા શ્રીપાદ મોરેએ બુધવારે ઇમારતના ચોથા માળેથી ઝંપલાવીને જીવન ટૂંકાવ્યું હતું.

વર્ષાની ૮૧ વર્ષની માતાનું બુધવારે રાતે બીમારીને કારણે મૃત્યુ થયું હતું, જેને પગલે પરિવારજનો અંતિમક્રિયાની તૈયારીમાં પડ્યા હતા, જ્યારે વર્ષા બીજી રૂમમાં હતી અને તેણે મોડી રાતે બારીમાંથી નીચે ઝંપલાવી દીધું હતું.

શ્રીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વર્ષાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાંથી તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપવામાં આવી હતી અને ડૉક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી. શ્રીનગર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું . (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

### પ્રયાગરાજ

દિવસે સાંજે પાંચ વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. આ ટ્રેનની ૨૨ સર્વિસમાંથી ચાર ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ અને ૦૭ એપ્રિલ ૨૦૨૬થી ૧૪ એપ્રિલ ૨૦૨ સુધી વધારાની ટ્રેન તરીકે ચલાવવામાં આવશે. પાંચ ટ્રિપ ત્રીજી માર્ચ ૨૦૨૬થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી હોળી વિશેષ તરીકે અને ૧૩ ટ્રિપ ૨૧ એપ્રિલ ૨૦૨૬થી ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધી ઉનાળુ વિશેષ તરીકે ચલાવવામાં આવશે.

મુંબઈ આવવા માટે ટ્રેન નંબર ૦૪૧૦૧ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધી દર સોમવારે સાંજે છ વાગ્યે પ્રયાગરાજથી ઉપડશે અને બીજા દિવસે બપોરે ૨.૫૫ વાગ્યે લોકમાન્ય ટિળક ટર્મિનસ પહોંચશે. આમાં પણ ૨૨ સર્વિસ હશે જેમાંથી ચાર ટ્રેન વધારાની વિશેષ તરીકે, પાંચ હોળી વિશેષ તરીકે અને ૧૩ ઉનાળા વિશેષ તરીકે ચલાવવામાં આવશે.

આ સ્પેશિયલ ટ્રેનો કલ્યાણ, ઇગતપુરી (ફક્ત ૦૪૧૦૨ માટે), નાશિક, ભુસાવળ, ઇટારસી, જબલપુર, કટની, સતના અને માણિકપુર ખાતે ઊભી રહેશે.

ટ્રેન નંબર ૦૪૧૦૨ માટે રિઝર્વેશન ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ થી બધા કોમ્પ્યુટરાઈઝ્ડ રિઝર્વેશન સેન્ટર અને www.irctc.co.in પર શરૂ થશે. અનરિઝર્વ્ડ કોચ માટે ટિકિટ ગ્ઝજ સિસ્ટમ દ્વારા ઉપલબ્ધ થશે. મુસાફરો વધુ માહિતી માટે www.enquiry.indianrail.gov.in મુલાકાત લઈ શકે છે અથવા ગ્ઝઊજ એપનો ઉપયોગ કરી શકે છે.

### થાણેના

તબક્કામાં ખારેગાવ-ગાયમુખ વચ્ચેના ૧૩.૪૫ કિલોમીટરના પટ્ટાનું કામ ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરીને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાનું આયોજન છે. એમએમઆરડીએના જણાવ્યાં મુજબ પહેલા તબક્કાનું કામ ઝડપી ગતિએ પાર પાડવામાં આવવાનું છે. અત્યાર સુધી ખારેગાવ-ગાયમુખ વચ્ચેના પટ્ટામાં પાયાભરણીનું કામ ૫૦ ટકા જેટલું પૂર્ણ થયું છે. આ રોડ ચાલુ થયા બાદ ઘોડબંદર રોડ પરની ટ્રાફિકની સમસ્યાથી વાહનચાલકોને મોટી રાહત મળી રહેશે પણ સાથે જ ખારેગાવથી ગાયમુખનું અંતર જેને પાર કરવામાં હાલ પોણો કલાકથી વધુ સમય જાય છે તે ફક્ત ૧૫ મિનિટમાં પાર કરી શકાશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ટ્રાફિકની સમસ્યાને માત આપવા માટે એમએમઆરડીએ દ્વારા અનેક માળખાકીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં થાણે શહેરના અંતર્ગત રહેલી ટ્રાફિકની સમસ્યાને માત આપવા માટે ઘોડબંદર રોડ પર થાણે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવવાનો છે. બે તબક્કામાં થાણે કોસ્ટલ રોડ બાંધવામાં આવવાનો છે. પહેલા તબકકામાં ખારેગાવ-ગાયમુખ ૧૩.૪૫ કિલોમીટરનો પટ્ટો અને બીજા તબક્કામા બાળકુમથી આનંદનગરના સાત કિલોમીટરના પટ્ટાનો સમાવેશ થાય છે.

પહેલા તબક્કામાં ખારેગાવ-ગાયમુખના પટ્ટાનું કામ આઠ મહિના પહેલા શરૂ કરવામાં આવ્યું હતું. આઠ મહિનાના સમયગાળામાં અનેક મહત્ત્વના કામ પૂરા કરવામાં આવ્યાં હોવાનું એમએમઆરડીએ દ્વારા શુક્રવારે જણાવવામાં આવ્યું હતું. બ્રિજને ઊભો કરવાનું ૫૦ ટકા કામ પૂર્ણ થયું હોઈ હાલ પિઅર કેપ અને આઈ-ગર્ડર ઊભા કરવાનું કામ ચાલી રહ્યું છે.

#### થાણે કોસ્ટલ રોડ થાણે સર્કલ મેટ્રો, સાકેત-આમણે એલિવેટેડ રોડ, કાસારવડવલી-

ખારેગાવ રોડ જેવા અનેક પ્રોજેક્ટ સાથે જોડવામાં આવવાનો છે. તેથી ભવિષ્યમાં પ્રવાસ વધુ સુવિધાજનક બની રહેશે. આ દરમ્યાન ૨,૭૦૦ કરોડ રૂપિયાનો છ લેનનો ખારેગાવ-ગાયમુખ થાણે કોસ્ટલ રોડ-એકનું કામ ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હોવાનું એમએમઆરડીએ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. હાલ આ અંતર પાર કરવામાં પોણો કલાકથી વધુ સમય લાગે છે. બીજા તબક્કામાં બાળકુમ-આનંદનગર થાણે કોસ્ટલ રોડ-બેનો ડ્રાફ્ટ તૈયાર કરવાનું કામ હાલ ચાલી રહ્યું છે. ડ્રાફ્ટ તૈયાર થઈને તેને મંજૂરી મળ્યા બાદ કામ શરૂ કરવામાં આવશે.

### પ્રતિબંધ હોવા છતાં

કેટલીક રેસ્ટોરાં કોઈપણ ખચકાટ વિના પાંચથી દસ ટકાનો સર્વિસ ચાર્જ દર્શાવે છે અને ગ્રાહકોને ઇન્કાર કરવાનો વિકલ્પ નથી આપવામાં આવતો.

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ ૪ જુલાઈ, ૨૦૨૨ના દિવસે જારી કરેલી માર્ગદર્શિકા અનુસાર કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ નામે સર્વિસ ચાર્જ વસૂલવા પર સ્પષ્ટ પ્રતિબંધ છે.

દિલ્હી હાઈ કોર્ટે ડિસેમ્બર ૨૦૨૫માં આ માર્ગદર્શિકાને પડકારતી હોટેલ અને રેસ્ટોરન્ટ એસોસિએશનોની અપીલોને ફગાવી આ માર્ગદર્શિકાને સમર્થન આપ્યું હતું.

તેણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગ્રાહકોની ઇચ્છા વિરુદ્ધ સર્વિસ ચાર્જ વસૂલવો એ એક અયોગ્ય વેપાર પ્રથા છે અને કરારમાં અન્યાયી શબ્દ છે.

જો કે, રેસ્ટોરન્ટ્સ આ કાનૂની આદેશનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે છે. તેથી મુંબઈ ગ્રાહક પંચાયતે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીના અધ્યક્ષ સમક્ષ પુરાવા સાથે ફરિયાદ દાખલ કરી છે, એમ ગ્રાહક પંચાયતના કાર્યકારી પ્રમુખ એડવોકેટ શિરીષ દેશપાંડેએ જણાવ્યું હતું.

ગ્રાહક પંચાયતે માંગ કરી છે કે સંબંધિત રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સિવાય છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સર્વિસ ચાર્જ અથવા અન્ય સ્વરૂપે એકત્રિત થયેલી રકમ શોધી કાઢી તે રકમ દંડ વ્યાજ સાથે કેન્દ્રીય ગ્રાહક કલ્યાણ ભંડોળમાં જમા કરાવવી જોઈએ.

ફરી એકવાર એવું પણ જાહેર કરવું જોઈએ કે ફરજિયાત સર્વિસ ચાર્જ વસૂલવો ગેરકાયદેસર છે અને સર્વિસ ચાર્જ ફરજિયાત નથી અને તે ચૂકવવાનું ગ્રાહકના વિવેકબુદ્ધિ પર છે તેવું લખાણ દર્શાવવું ફરજિયાત બનાવવું જોઈએ.

જો બિલમાં સર્વિસ ટેક્સ જોવા મળે તો વાંધો ઉઠાવવો જોઈએ. જો કોઈ રેસ્ટોરાં બળજબરીથી સર્વિસ ટેક્સ વસૂલતી હોય તો બિલની કોપી મુંબઈ ગ્રાહક પંચાયતને ૯૮૯૨૩ ૩૫૬૧૮ પર મોકલવી જોઈએ અથવા રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન ૧૯૧૫ પર ફરિયાદ નોંધાવવી જોઈએ એવી મુંબઈ ગ્રાહક પંચાયતે ગ્રાહકોને અપીલ કરી છે.

### પહેલા તમે દારૂ

થયેલા એક શખ્સે વળતરની માગ કરી હતી, વર્ષ ૨૦૧૪માં રેલ્વે ક્લેમ્સ ટ્રિબ્યુનલે તેની અરજી ફગાવી દીધી હતી, ટ્રિબ્યુનલનાં ચુકાદાને હાઈ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

સુનાવણી બાદ આપેલા ચુકાદામાં હાઈ કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ શખ્સ અત્યંત દારૂ પીધેલી હાલતમાં હોય, પ્લેટફોર્મની બોર્ડરની નજીક ઉભો હોય, ત્યારે એ રેલ્વે કાયદાની કલમ ૧૨૪અ હેઠળ આવે છે, એવામાં તેને વળતર આપી શકાય નહીં.

આ ચુકાદામાં હાઈ કોર્ટે એફ સ્કોટ ફિટ્ઝગેરાલ્ડનાં એક ક્વોટનો ઉલ્લેખ કર્યો. જસ્ટિસ જૈને કહ્યું, મને એફ. સ્કોટ ફિટ્ઝગેરાલ્ડએ લખેલા આ વાક્યની યાદ આવે છે. ફર્સ્ટ યુ ટેક અ ડ્રીંક, ધેન ડ્રીંક ટેક્સ અ ડ્રીંક, ધેન ડ્રીંક ટેક્સ યુ.

કોર્ટે કહ્યું, દારૂ બધું જ બરબાદ કરી દે છે. દારૂ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, કૌટુંબિક સંબંધોમાં ભંગાણ, સામાજિક તકલીફ, કારકિર્દીમાં વિક્ષેપ અને લાંબા ગાળે જીવનશૈલીના ગંભીર પરિણામોનું કારણ બને છે.

બોમ્બે હોસ્પિટલમાં લેબ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા અરજદારે દાવો કર્યો હતો કે ૧૦ માર્ચ, ૨૦૦૧ના રોજ મધ્યરાત્રિએ, તે મરીન લાઇન્સ સ્ટેશન પર ટ્રેનમાં ચઢવા માટે પ્લેટફોર્મ રાહ જોઈ રહ્યો હતો ત્યારે, ટ્રેને તેને ટક્કર મારી હતી.

ટ્રેનની ટક્કરને કારણે ઈજા થતા તેને જીટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને પછી બોમ્બે હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલના જણાવ્યા મુજબ તેણે દારૂ પીધેલો હતો.

## હિન્દુ મરણ

**પરજીયા સોની**

ગામ ભાણવડ હાલ ભાયંદર, સ્વ પ્રવીણભાઈ ગોપાલજી ધકાણ (ઉં. વ. ૭૫) ૧૨/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ગોપાલજી હીરજીભાઈ ધકાણના પુત્ર. ભાનુબેનના પતિ. ભાસ્કરભાઈ, ચંપાબેન ધાણક, નિર્મળાબેન જગડા, સ્વ. સાધનાબેન થડેશ્વર, ભાવનાબેન સાગરના ભાઈ. સ્વ. સંદીપ, હિરેન તથા દીપેશના પિતા. આણંદપુરવાળા સ્વ. કાકુભાઇ પોપટભાઈ ઘોરડાના જમાઈ. તેમનું બેસણું ૧૪/૨/૨૬ના રોજ ૪ થી ૫. સોનિવાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગામ માંગરોળ હાલ મુંબઈ, દિપક તુલસીદાસ શાહ (ઉં. વ. ૭૫) તા. ૧૦/૦૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાહ તુલસીદાસ લાલજીના પુત્ર. પ્રતિમાબેનના પતિ. અમીષ, મયુરી અને હિમાંશુના પિતા. મધુકરભાઈના મોટાભાઈ, હેતલબેન(ઈલા) ના જેઠ. સ્વ. શાહ રતિલાલ પ્રાગજીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪/૦૨/૨૬ શનિવાર ૫ થી ૭, હાલાઈ ભાટિયા મહાજન વાડી, કાલબાદેવી રોડ, મું.૦૨.

**કચ્છી વાયડા વણિક**

ઘાટકોપર નિવાસી, અ.સૌ માલતીબેન નવનીતભાઈ શાહ (ઉં. વ. ૭૨) તે નવનીતભાઈ નાનાલાલ શાહના પત્ની, સ્વ. નાનાલાલ શામજી શાહ અને નિમળાબેન શાહના પુત્રવધૂ. રાજ અને જિમશના મમ્મી, હેતલ અને અંકિતાના સાસુ. સ્વ. હસમુખભાઈ, સ્વ. ગીતાબેન, મહેન્દ્રભાઈ અને વિજયભાઈના ભાભી. તા. ૧૨-૦૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

નરેન્દ્ર શિવજી વીંછી (ઉં. વ. ૮૬) તા. ૧૩/૦૨/૨૬ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. દેવેન્દ્રના પિતાશ્રી. અ.સૌ. દીપ્તિના સસરાજી. અ. સૌ.નિયોશી સિદ્ધાર્થ ગેડામ, અ.સૌ. ભાવીશી શ્યામલ મહેતાના દાદાજી. સ્વ. ત્રમ્બકલાલ કલ્યાણજી મામતોરાના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે ઉઠમણું / પ્રાર્થના સભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

જામખંભાળિયાવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. રમીલાબેન વિઠ્ઠલદાસ તન્ના (ઉં. વ. ૮૦) તે કાશ્મીરાબેન, કુલીનભાઇ અને કયૂરભાઇના માતુશ્રી. નિરાલીબેન અને ઉષાબેનના સાસુમા. દીવીજ, સાંચી અને રેઅર્થના દાદીમા. તે સ્વ. જયાબેન, હસમુખલાલ તન્ના તથા શ્વેતાબેન દીપકકુમાર દાવડાના બહેન શુક્રવાર, તા. ૧૩-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પરજીયા સોની**

સાવલી હાલ બોરીવલી સ્વ. રમિલાબેન હસમુખભાઇ ધાણક (ઉં. વ. ૭૫) તા. ૧૨-૨-૨૬ને ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. બેસણું તા. ૧૪-૨-૨૬ના શનિવારે સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. બોરીવલી સોનીવાડી ખાતે રાખેલ છે. મીનાબેન, જલ્પાબેન, મિતલબેન.

**વૈષ્ણવ વણિક**

પૂ. સવિતાબેન ભગવાનદાસ પરીખના દીકરી કું.ભાનુબેન ભગવાનદાસ પરીખ તા. ૧૧-૨-૨૬ના રોજ (મુંબઇ) ગુજરી ગયા છે. તે દિનેશ ભગવાનદાસ પરીખ, મહેશ ભગવાનદાસ પરીખ અને રેણુકા કૈલાસ શમાના બહેન. તે અનિકેતના નાની.

**કચ્છી બ્રહ્મક્ષત્રીય**

મૂળ ઘડાણી અને માધાપર ભૂજ (ગોકુળધામ) અ. સૌ. મંજુલાબેન શાંતિલાલ ઘાંઘા (ઉં. વ. ૬૯) તે શાંતિલાલ રણછોડદાસ ઘાંઘાના ધર્મપત્ની. સ્વ. દેવકાબેન રણછોડદાસ ઘાંઘાના પુત્રવધુ. સ્વ. પાર્વતીબેન લાલજી વીંછીના પુત્રી. રાહુલ અને રીટાના માતા. કલ્પના અને કલ્પેશ મચ્છર (આદિપુર)ના સાસુ. સ્વ. ધનજીભાઇ, સ્વ. રવજીભાઇ, મેઘજીભાઇ, ભવાનભાઇ, સ્વ. સરસ્વતીબેન, ગં. સ્વ. કસ્તુરબેન, સ્વ. માણેકબેનના નાના ભાઇના પત્ની. તા. ૧૦-૨-૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૨-૨૬ શનિવારના સાંજના ૫થી ૬. ઠે. લુહાર સુથાર જ્ઞાતિ મંડળ, કાર્ટર રોડ, નંબર.૩, દત્તપાડા મેઇન રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી-પૂર્વ.

**કપોળ**

ખાંભા નિવાસી હાલ વિલેપાર્લે તે સ્વ. જડાઉબેન વ્રજલાલ ગાંધીના સુપુત્ર સ્વ. ભૂપેન્દ્રભાઇ (ઉં. વ. ૭૯) બુધવાર, તા. ૧૧-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પૂર્ણિમાબેન ગાંધીના પતિ. સ્વ. જયંતભાઇ, કનુભાઇ ગાંધી, સ્વ. ભાનુબેન હાકાણી, રંજનબેન મહેતા, હંસાબેન મુનિ, ધ્રુમનબેન હાથલિયાના ભાઇ. પુત્ર-પુત્રવધૂ. સેવિલ-રાધિકા, દીકરી-જમાઇ. કોશા-ગોપાલ મહેતા. તે લીલાબેન જગમોહનદાસ કાપડિયાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### મુંબઈ મેટ્રો

ઉદ્‌ઘાટન લંબાઈ ગયું હતું. હવે જોકે સેફ્ટી સર્ટિફિકેટ મળી ગયું હોવાથી તેને ખુલ્લી મૂકવાને આડેથી અવરોધ દૂર થયો છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આવતા અઠવાડિયે મુંબઈની મુલાકાત દરમ્યાન આ મેટ્રોને ખુલ્લી મૂકવામાં આવી શક્યતા સૂત્રોઓ વ્યક્ત કરી હતી. એ સિવાય અંધેરી પશ્ચિમથી મંડાલે આ મેટ્રો ટૂ-બી રૂટના મંડાલેથી ડાયમંડ ગાર્ડ આ ૫.૫૩ કિલોમીટરના પહેલા તબક્કાને પણ સર્ટિફિકેટ મળી ગયું છે. મેટ્રો-નવના પહેલા તબક્કામાં ૪.૪ કિલોમીટર લંબાઈ છે. આ બંને રૂટ શરૂ થયા તો પૂર્વ ઉપનગરના નાગરિકોને પહેલી વખત મેટ્રોની સુવિધા મળશે.

### રણવીર સિંહ

કરનારી દરેક વ્યક્તિઓની સંપૂર્ણ વિગતો છે. તેઓ ક્યાં રહે છે અને ક્યારે ઓફિસ છોડે છે, ક્યારે પાછા ફરે છે. તેમના પરિવાર ક્યાં રહે છે. અમે તમને કાંઇ પણ કહીશું નહીં. અમે તમારી સાથે કામ કરતા લોકોને નિશાન બનાવવાનું શરૂ કરીશું. પછી તમે ભાનમાં આવશો,' એવી ધમકી આપવામાં આવી હતી.સંદેશમાં ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નામનો પણ ઉલ્લેખ છે અને બોલીવૂડને 'સમયસર સુધરી જાઓ' એવી ચેતવણી આપવામાં આવી હતી.

## પારસી મરણ

ફરામરોઝ રતનશાહ બિલ્લીમોરીયા તે મરહુમ જાહેરનમ (ઝરીન)ના ધની. તે મરહુમો ધનમાય રતનશા બિલ્લીમોરીયાના દીકરા. તે પરીઝાદ ને બીનાઇફરના પપા. તે મરહુમો કેટી બાહાદુર કેરાવાલા ને હોશંગના ભાઇ. (ઉં. વ. ૯૦) રે. ઠે. ડી-૨/૯૩ સર. એસ. બી. ભરૂચા બાગ કોલોની, એસ.વી. રોડ, ઓપોઝીટ શોપર સ્ટોપ, અંધેરી (વે.) મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૨-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ વિરાર સ્વ. શાંતાબહેન હરિચંદભાઇ મોહનલાલ ઝાટકીયાના સુપુત્ર શશીકાંત ભાઇ (ઉં. વ. ૬૮) તે મનિષાબેનના પતિ. સેજલ, ઉર્વિશકુમાર પીપરીયાના પિતાશ્રી. સ્વ. કાંતિભાઇ, સ્વ. નટુભાઇ, નલિનકાંતભાઇ ગુણવંતભાઇ, સ્વ. પુષ્પાબેન દલસુખરાય જસાણી. ગં. સ્વ. અરુણાબેન મહેન્દ્રકુમાર પારેખ, હિરાબેન (હિનાબેન) કિરીટભાઇ મકાણીના ભાઇ. પાર્વતીબેન વિઠોબા તાનકરના જમાઇ. તા. ૧૩-૨-૨૬ શુક્રવારના રોજ અરિહંતશરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાંજે ૪.૩૦થી ૬, રવિવાર તા. ૧૫-૨-૨૬ના વિશ્વકર્મા હોલ, આનંદનગર, વીર સાવરકર નગર, બીજલ આય ક્લિનિકની સામે, વસઇ (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વિલેપાર્લે મુંબઇ, બીના કમલેશ શેઠ (ઉં. વ. ૬૯) સ્વ. કમલેશભાઇ માણેકલાલ શેઠના પત્ની. તે કાનનબેન રાકેશભાઇ વોરા, કૃણાલ કમલેશભાઇ શેઠના માતા. સ્વ. સમતાબેન માણેકલાલ શેઠના પુત્રવધૂ. ભારતીબેન મનુભાઇ શેઠ, સ્વ. કુસુમબેન ચીનુભાઇ શાહ, સ્વ. જયાબેન, સ્વ. કિરણબેન સુરેશભાઇ શેઠના ભાભી. પિયર પક્ષે કુંદનબેન, સ્વ. સુમતિલાલ મુગટલાલ શાહના પુત્રી. આયેશા સંજય શાહના નણંદ. તા. ૧૨-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા ઓશવાળ જૈન**

બલોલ નિવાસી હાલ માટુંગા પ્રભાવતીબેન બાબુલાલ શાહના સુપુત્ર મનોજભાઇ (ઉં.વ. ૬૩) ગુરુવાર તા. ૧૨-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પારુલબેનના પતિ. રિષભના પિતા. પંકજભાઇ, નીતાબેન અને દર્શનાબેનના ભાઇ. તથા કડા નિવાસી બાબુલાલ વિઠ્ઠલદાસના જમાઇ. વિપુલભાઇ અને સ્વ. નીતાબેનના બનેવી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૨-૨૬ના કસ્તુરબા હોલ, સેનાપતિ બાપટ માર્ગ, માટુંગા રોડ, સ્ટેશનની સામે, સાંજે ૩થી ૫.

**વિશા શ્રીમાળી જૈન**

ખેડા નિવાસી હાલ બોરીવલી, સુરેન્દ્ર કાંતિલાલ શેઠ (ઉં. વ. ૮૧) તે જ્યોત્સનાબેનના પતિ. અમિત તથા દીપેનના પિતા. વનીતા તથા પ્રિયંકાના સસરા. સ્વ. વિરેનભાઈ, ઉપેનભાઈ, સ્વ. રમાબેન, ઉષાબેન, ઉર્મિલાબેન, ઇલાબેનના ભાઈ. સાસરાપક્ષે મહેસાણાવાળા સ્વ. શાંતાબેન ચંદ્રકાંત દેસાઈના જમાઈ. ૧૨/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી, હાલ કાંદિવલી, અ.સૌ. હંસાબેન રાજેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૮૦) તા. ૧૨-૦૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. રાજેન્દ્રભાઇ પ્રાણલાલ શાહના ધર્મપત્ની, સ્વ. ગૌરાંગ, જલ્પન અને અમિના માતુશ્રી. હેતલ શાહ, ભાવીનકુમાર શાહના સાસુ. પ્રાપ્તિ, શ્રેયા અને રિવાનના દાદી. નિલેશભાઈ અને વર્ષાબેન, દિલીપભાઈ, જ્યોત્સનાબેન, મીનાબેન, રશ્મિનભાઈ શેઠના ભાભી. પિયરપક્ષે શાંતિલાલ નાગરદાસ શાહના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

મોટાદેવળિયા નિવાસી હાલ ઘાટકોપર, અરવિંદભાઈ કપૂરચંદ ભીમાણીના ધર્મપત્ની તરલાબેન (ઉં. વ. ૭૯) તે મિતેષ, દીપા કેતન શેઠ, ભાવિની કલ્પેશ શાહના માતુશ્રી. જીજ્ઞાના સાસુ. અલકાબેન નગીનદાસ, વંદનાબેન પ્રવીણભાઈ, મીનાબેન કિરીટભાઈના ભાભી. સ્વ. જયાબેન નાનાલાલ, સ્વ. ભાનુમતિબેન વૃજલાલ, સ્વ. મંજુલાબેન છોટાલાલના ભાભી. પિયરપક્ષે દેરડી કુંભાજી નિવાસી સ્વ. ઉત્તમચંદ ઠાકરશી શાહના પુત્રી. તા. ૧૨-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના રતનબેન લાલજી (બાબુભાઇ) મારૂ (ઉં. વ. ૯૩) તા. ૧૨-૨-૨૬ના અવસાન પામેલ છે. સોનબાઇ જેવત વેલજીના પુત્રવધૂ. સ્વ. લાલજીભાઇના પત્ની. મંજુલા, સરોજ, નરેન્દ્ર, કિરણના માતુશ્રી. કાંડાગરાના ધનજી સુરાના સુપુત્રી. વેલજી, રતનશી, નાના ભાડીયા મઠાબેન જેઠાલાલ, ભુજપુર વેજબાઇ ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : કિરણ મારૂ, ૨૦૪/એ, ભાવિક એપા., શાસ્ત્રીનગર, ડોંબીવલી (વેસ્ટ).

બાડાના ભાવેશ ચંદ્રકાન્ત ગડા (ઉં. વ. ૪૦) તા. ૧૨/૨/૨૬ના અવસાન પામેલ છે. જ્યોત્સના ચંદ્રકાન્તના પુત્ર. નિમીક્ષાના પતિ. પલકના પિતા. તેજશના ભાઇ. પાલીતાણાના પ્રફુલ્લા દિલીપના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રાવક સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) સમય : ૨ થી ૩.૩૦. ઠે. ભાવેશ ગડા, ઇ-૭૦૪, લાર્કિન્સ નગર, ગણેશ નગર, રાધાઇ મંદિરની બાજુમાં, ડોંબિવલી (વે.) ૪૨૧૨૦૨.

કાંડાગરાના માતુશ્રી હેમલતા વસંતલાલ ગાલા (ઉં. વ. ૭૩) ૧૨-૨-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાંબેન નરશી દના ગાલાના પુત્રવધૂ. વસંતના ધર્મપત્ની. સ્વ. ચંદ્રેશ, મનોજના માતુશ્રી. નાના ભાડીયાના કુંવરબેન દેવરાજ પુંજા સાવલાના પુત્રી. સ્વ. તરૂણ, સ્વ. નરેન્દ્ર, કાંડાગરાના સ્વ. રતનબેન કુંવરજી, અરૂણા કાંતીલાલ, મેરાઉના અમૃતબેન રતીલાલ, પ્રાગપરના કંચન રમેશ, ટુંડાના ચંદ્રીકા તલકશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયા નિવાસ, એસ.એચ. પરળકર માર્ગ, શિવાજી પાર્ક, દાદર (વે.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાઈફ સ્ટાઇલ / વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## દુબઈમાં હૅટ-ટ્રિક લપડાક લગાવી, હવે કોલંબોમાં જોરદાર કરન્ટ આપવાનો છે

### ભારતે આવતી કાલે પાકિસ્તાનને સતત છઠ્ઠા રવિવારના મુકાબલામાં હરાવીને જીતની પરંપરા સાચવવાની છે



ગયા વર્ષે દુબઈના એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને ઉપરાઉપરી ત્રણ મૅચમાં હરાવ્યું હતું

૨૦૨૧ની ૨૪મી ઑક્ટોબરનો દિવસ ભારત માટે સારો નહોતો, કારણકે એ દિવસે (રવિવારે) દુબઈમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો હતો, પરંતુ ત્યાર પછીના લાગલગાટ પાંચ રવિવાર પર ભારતનો ઇજારો જોવા મળ્યો છે અને આવતી કાલે (૧૫મી ફેબ્રુઆરીએ) વધુ એક રવિવાર આવી રહ્યો છે જેમાં બન્ને કટ્ટર દેશ વચ્ચે હાઈ-વૉલ્ટેજ ટક્કર થવાની છે. પાંચ વર્ષ પહેલાંની હાર ક્રિકેટ વર્લ્ડ કપના સંપૂર્ણ (વન-ડે તેમ જ ટી-૨૦) ઇતિહાસમાં ભારતની પાકિસ્તાન સામેની એકમાત્ર હાર છે અને એક પછી એક ભારતીય ટીમે પાકિસ્તાનને ધૂળ ચાટતું કરવાની જે પરંપરા જાળવી છે એને આવતી કાલે સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપનીએ જાળવવાની છે.

છેલ્લાં સાડાચાર વર્ષમાં ભારતે પાકિસ્તાનનું ક્રિકેટના મેદાન પર વારંવાર નાક કાપ્યું છે. બીજી રીતે કહીએ તો આ જંગમાં છેલ્લા પાંચ રવિવાર ભારતીય ટીમ માટે સુપર સન્ડે સાબિત થયા છે. ૨૦૨૧ની ૨૪મી ઑક્ટોબરના રવિવારે ભારતે પાકિસ્તાન સામે ૧૦ વિકેટે હાર જોઈ ત્યાર પછી સતત પાંચ મુકાબલા રવિવારે જ થયા અને એમાં પાકિસ્તાનને જોરદાર લપડાક પડી હતી. ૨૦૨૨ની ૨૩મી ઑક્ટોબરે રવિવાર હતો અને મેલબર્નમાં ટી-૨૦ વિશ્વ કપની મૅચમાં ભારતે પાકિસ્તાનને ચાર વિકેટે પરાજિત કર્યું હતું. ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં નવમી જાન્યુઆરીએ પણ રવિવાર હતો અને ન્યૂ યૉર્કમાં રોહિત શર્માના સુકાનમાં ભારતે પાકિસ્તાનને છ રનથી હરાવ્યું હતું. ૨૦૨૫ના એશિયા કપમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે ઉપરાઉપરી ત્રણ રવિવારે પાકિસ્તાનને થપાટ મારી હતી જેમાંની છેલ્લી લપડાક ફાઇનલમાં હતી. હવે આવતી કાલે સતત છઠ્ઠા રવિવારે (કોલંબોમાં ટી-૨૦ વર્લ્ડ કપની લીગ મૅચ) જીતીને સૂર્યા અને તેની ટીમે દુશ્મન-દેશ સામે જીતનો સિલસિલો જાળવવાનો છે.

ભારત-પાકિસ્તાનના ક્રિકેટના મેદાન પરના અગાઉના તમામ જંગની તુલનામાં આવતી કાલનો મુકાબલો સાવ અલગ છે જેનું કારણ આપણે બધા સારી રીતે જાણીએ છીએ. પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ બે અઠવાડિયાં સુધી ડ્રામા કર્યા બાદ (કરોડો રૂપિયાના આર્થિક નુકસાનના ડરથી) આવતી કાલની ભારત સામેની મૅચ રમવાની તૈયારી બતાવી છે. એક રીતે પાકિસ્તાને ભારત સામે રમવાનું નક્કી કરીને બાંગ્લાદેશને દગો આપ્યો છે. હિન્દુ નાગરિકોની કત્લેઆમ માટે જવાબદારી બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને બીસીસીઆઇએ આઇપીએલમાંથી કાઢી નાખ્યો એના પ્રત્યાઘાતમાં બાંગ્લાદેશને ભારતમાં વર્લ્ડ કપની મૅચો રમવાનો ઇનકાર કરી દીધો એટલે પાકિસ્તાને બાંગ્લાદેશની તરફેણ કરીને ભારત સામેની મૅચનો બહિષ્કાર કર્યો હતો. પાકિસ્તાને તો આખી ટૂર્નામેન્ટનો બૉયકૉટ કરવાની ધમકી પણ આપીને બાંગ્લાદેશને ખુશ કર્યું હતું.

જોકે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ લાલ આંખ બતાવી અને બ્રૉડકાસ્ટર્સ તથા ઍડવર્ટાઇઝર્સે કરોડો રૂપિયાના વળતરનો દાવો માંડવા બાંયો ચઢાવી એટલે ગભરાઈ ગયેલા પાકિસ્તાનની સાન ઠેકાણે આવી ગઈ અને ૧૫મીએ કોલંબોમાં રમવા તૈયાર થઈ ગયું. એ રીતે, પાકિસ્તાને વચન તોડીને બાંગ્લાદેશને દગો આપ્યો છે.

### ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-વિરુદ્ધ પાકિસ્તાન

- ૨૦૦૭ વર્લ્ડ કપ: ડરબનમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ટાઇ બાદ ભારતનો બૉલ-આઉટમાં ૩-૦થી વિજય
- ૨૦૦૭ વર્લ્ડ કપ: જોહનિસબર્ગની ફાઇનલમાં ભારતનો પાંચ રનથી વિજય
- ૨૦૧૨ વર્લ્ડ કપ: કોલંબોમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ભારતનો આઠ વિકેટે વિજય
- ૨૦૧૪ વર્લ્ડ કપ: મીરપુરમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ભારતનો સાત વિકેટે વિજય
- ૨૦૧૬ વર્લ્ડ કપ: કોલકાતામાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ભારતનો છ વિકેટે વિજય
- ૨૦૨૧ વર્લ્ડ કપ: દુબઈમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં પાકિસ્તાનનો ૧૦ વિકેટે વિજય
- ૨૦૨૨ વર્લ્ડ કપ: મેલબર્નમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ભારતનો ચાર વિકેટે વિજય
- ૨૦૨૪ વર્લ્ડ કપ: ન્યૂ યૉર્કમાં ગ્રૂપ-સ્ટેજની મૅચમાં ભારતનો છ રનથી વિજય.

### વર્લ્ડ કપ: ભારતે ૧૫માંથી ૧૪ વખત પાકિસ્તાનને હરાવ્યું છે



૨૦૨૫ની માફક ૨૦૨૬માં પણ સૂર્યકુમાર યાદવ હરીફ કૅપ્ટન સલમાન આગા સાથે હાથ નહીં મિલાવે.

ક્રિકેટના વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતનો ઇતિહાસ અસાધારણ રહ્યો છે. વન-ડે વર્લ્ડ કપમાં બન્ને દેશ વચ્ચે કુલ આઠ વખત ટક્કર થઈ છે અને આઠેય વખત ભારતે પાકિસ્તાનને પછડાટ આપી છે. ટી-૨૦ના વિશ્વ કપમાં આઠમાંથી ફક્ત એક વાર ભારતે હાર જોવી પડી છે. આવતી કાલે (૧૫મી ફેબ્રુઆરીએ) પાકિસ્તાન સામે ક્રિકેટ વર્લ્ડ કપના સંપૂર્ણ ઇતિહાસમાં ભારતનો પાકિસ્તાન સામે ૧૬મો જંગ ખેલાશે. સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતની ટીમ સોળે કળાએ ખીલી છે અને આ મૅચ જીતવા માટે ભારત ફેવરિટ છે. ભારત વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. બીજી તરફ, પાકિસ્તાનની છેક છઠ્ઠી રૅન્ક છે અને આ વર્લ્ડ કપની ટ્રોફી પાકિસ્તાનીઓ છેક ૨૦૦૯માં (૧૭ વર્ષ પહેલાં) જીત્યા હતા.

### સેહવાગની 'લકી ચાર્મ'ની ટિપ્પણી, મજાક લાગે છે છતાં માની શકાય

'મુલતાન કા સુલતાન' વીરેન્દર સેહવાગની ધમાકેદાર ઇનિંગ્સને પાકિસ્તાનીઓ નહીં જ ભૂલ્યા હોય. આ વાત એપ્રિલ, ૨૦૦૪ની છે જ્યારે વીરુદાદાએ પાકિસ્તાન ખાતેના ભારતીય ટીમના પ્રવાસ દરમ્યાન મુલતાન શહેરમાં સિરીઝની પહેલી જ ટેસ્ટના પ્રથમ દાવમાં ૩૦૯ રન ખડકી દીધા હતા. તેણે ૫૩૧ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૩૭૫ બૉલમાં છ છગ્ગા અને ૩૯ ચોગ્ગાની મદદથી ૩૦૯ રન કર્યા હતા. સચિન તેન્ડુલકર (૧૯૪ અણનમ, ૩૪૮ બૉલ, ૪૯૩ મિનિટ, ૨૧ ચોગ્ગા) જે દાવમાં ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો એમાં સેહવાગે ટ્રિપલ ફટકારીને પાકિસ્તાનીઓને હેરાન-પરેશાન કરી દીધા હતા. ભારતે ૫/૬૭૫ ડિક્લેર્ડના સ્કોર બાદ એ ટેસ્ટ એક દાવ અને બાવન રનથી જીતી લીધી હતી. સેહવાગની એ અવિસ્મરણીય ઇનિંગ્સ ૨૦૦૪ની સાલની હતી, પરંતુ ખુદ તેણે એક એવી વાત કરી છે જે માની શકાય એવી તો છે જ. સેહવાગે કહ્યું છે કે ' ૧૯૮૩ અને ૨૦૦૭ના વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વેએ ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને એ જ બે વિશ્વ કપમાં છેવટે ભારત ચૅમ્પિયન બન્યું હતું.' આ વાતમાં સેહવાગનો ઇશારો એવો છે કે ૧૯૮૩ના વન-ડે વર્લ્ડ કપ અને ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયાની ઝિમ્બાબ્વે સામે નામોશી થઈ ત્યાર પછી ભારત એ બન્ને વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બન્યું હતું તો પછી આ વખતે પણ એવું કેમ ન બની શકે? ગઈ કાલે ઝિમ્બાબ્વેએ કોલંબોમાં ઑસ્ટ્રેલિયાને ૨૩ રનથી હરાવીને જે આંચકો આપ્યો એને ધ્યાનમાં લઈને સેહવાગની અટકળને સોશ્યલ મીડિયામાં ટેકો મળી રહ્યો છે. સેહવાગ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયા પરની ઝિમ્બાબ્વેની જીતને 'લકી ચાર્મ' ગણાવે છે. એક ક્રિકેટપ્રેમીએ સેહવાગની ટિપ્પણીના સપોર્ટમાં લખ્યું છે, 'ઇતિહાસનું ફરી પુનરાવર્તન થશે કે શું?' ■



અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## નિન્ટેન્ડો મ્યુઝિયમમાં જાપાનની છેલ્લી સાંજ...

જાપાનમાં ઓસાકાની કુરોમોન ઇચિબા માર્કેટમાં ભીડ સામે જતાં લાગ્યું કે અહીં ઘણી મજા તો કરી છે પણ હવે ઘરે જવું છે. રોજનાં સરેરાશ વીસ હજાર સ્ટેપ્સ ચાલવામાં જોવા તો ઘણું મળતું હતું પણ હવે ઠૂસ થઈ જવાયું હતું. હજી સુધી નાની-મોટી શોપિંગ થઈ હતી, પણ હવે છેલ્લા દિવસના શોપિંગ માટે ઓસાકાના સબર્બનું આઉટલેટ જવા માટે સજ્જ થયાં. જાપાનમાં માત્ર શોપિંગ કરવાના હેતુથી પણ જઈ શકાય. ત્યાંની સાધારણ દુકાનો પણ અલગ સ્તરની ક્વોલિટી બનાવે છે. અને ત્યાંની સ્થાનિક બ્રાન્ડ્સ જે આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ ન કરતી હોય તો પણ ત્યાંથી શંકાસ્પદ ચીજ મળવાના ચાન્સ ઓછા છે. વળી ત્યાં દુનિયાભરની બ્રાન્ડ્સ પણ જાપાનિફાય કરી દેવામાં આવી હોય તેવું લાગતું હતું. એવામાં ત્યાંની જાણીતી ચોકલેટોની ફ્લેવર્સ વચ્ચે માચા અને સાકુરા ફ્લેવરની પણ બોલબાલા હતી. જે પણ દેખાતું હતું તે લઈ લેવાની ઇચ્છા થઈ જતી હતી. ત્યાં એકદમ ગીચ વિસ્તાર હોવા છતાં દુકાનોનો જાણે કોઈ અંત જ નહોતો આવતો.

તે સમયે તો મિત્સુઈ આઉટલેટમાં અમને થોડાં લોકો તો તેમની એરપોર્ટ જવાની બેગ્સ સાથે જ દેખાયાં. આમ પણ આ આઉટલેટ અને તેનું ટ્રેન સ્ટેશન ઓસાકા એરપોર્ટ જતાં રસ્તામાં આવે એ રીતે પ્લાન પણ બનાવી શકાય. જોકે એટલી બધી છેલ્લી ઘડીની દોડધામ કરવાની હવે ક્ષમતા પણ બાકી રહી ન હતી. સબવેથી આઉટલેટને જોડતા બ્રિજની એક તરફ એક બીચ પર મેળા જેવો માહોલ હતો. ત્યાં ઊભાં રહીને થોડી વાર સનસેટ જોવાનો પણ મેળ પડી જ ગયો. ત્યાં ઘણી ઈમારતોને જોઈને તો લાગતું હતું કે કોઈ પોલિટિકલ કે બિઝનેસ ડિસ્ટ્રિક્ટમાં આવી ગયાં હોઈએ, પણ તે બધી ઈમારતોમાં અંદર તો દુકાનો જ હતી. થોડો વિસ્તાર સાવ સાધારણ મોલ જેવો પણ હતો. અને સ્વાભાવિક છે જ્યાં મોલ હોય ત્યાં પણ ફૂડ કોર્ટ જેવો વિસ્તાર તો હોય જ. તે પણ અહીં જાપાનીઝ ખાણીપીણીની બજાર જેવો હતો.

એવામાં ત્યાં સ્થાનિકોમાં લોકપ્રિય ફુગુ ફિશના સ્ટોલ દેખાયા. તે પહેલાં કુરોમોનમાં પણ દેખાયેલા. ફુગુ ફિશ જોવામાં એટલી નાનકડી ગોળમટોળ લાગતી હતી કે તેને ચાખવા સુધી વાત જ ન પહોંચી. પણ ઓસાકાનાં લોકોને આ ફુગુ ફિશ એટલી ગમે છે કે તે ત્યાં ઘણાં સ્વરૂપોમાં મેસ્કોટ તરીકે જોવા મળી જાય છે. અને ખરી ફુગુ ફિશ અને ઓસાકા અને જાપાનભરનાં જળચર જીવો તો ઓસાકાના કૈયુકાન એક્વેરિયમમાં જ જોવા મળી ગયેલા.







ત્યાં વ્હેલથી માંડીને શાર્ક સુધીની માછલીઓ તો જોવાની મજા હતી જ, પણ ત્યાં વધુ મજા ત્યાંનું આર્કિટેક્ચર જોઈને આવી હતી. બાળકો સાથે આવ્યાં હોય તો પહેલાં સીધું જ એક્વેરિયમ જવાનું પણ કામ થઈ શકે. અમને પણ થયું કે ત્યાં સાવ છેલ્લા દિવસે જવાને બદલે થોડું વહેલાં ગયાં હોત તો અમે પણ ત્યાં વધુ સમય વિતાવ્યો હોત.

શોપિંગ અને મ્યુઝિયમો પણ ઓસાકાની સૌથી યાદગાર સાઇટને ઓવરશેડો કરી શક્યાં નહીં. અમે ખાસ નામ્બા યાસાકા શ્રાઇનની ઇમારતને જાવા માટે લાંબો સમય રોકાયેલાં. શ્રાઇન તો નાનકડી હતી, પણ ત્યાંનો દરવાજો જ સિંહનું માથું હોય તેવો હતો. વળી આ સિંહનું મોંઢું ભલે




મંદિરનું પ્રવેશદ્વાર હોય, તેની સાથે લોકવાયકા એ જોડાયેલી છે કે તે સિંહ દરેક પ્રકારની મુસીબતોને ખાઈ જાય છે. ત્યાં પણ બાકીની જાપાનીઝ શ્રાઇનની જેમ લાકડાની નાની પેલેટ્સ પર લોકો પોતાની ઇચ્છાઓ અને પ્રાર્થનાઓ લખી જતાં હતાં. અહીંનાં પારંપરિક શ્રાઇનના ઓરેન્જ રંગના દરવાજાઓ તો હવે મનમાં જાપાનના વિચાર સાથે કાયમ માટે જોડાઈ ગયા હતા. આ ટ્રિપમાં જોયેલી છેલ્લી શ્રાઇનના દરવાજા તરીકે આમ સિંહનું મોઢું જાઈને લાગ્યું કે જાણે ત્યાં મનને શાંતિ મળવી જરૂર મુશ્કેલ બની જતી હશે.

આગલી સવારે ઓસાકા એરપોર્ટ નીકળીએ તે પહેલાં છેલ્લી સાઇટ હતી નિન્ટેન્ડો મ્યુઝિયમની. આ મ્યુઝિયમ જવા માટે મારી જર્મનીમાં રહેતી બ્રિટિશ મિત્ર બાર્બરાએ ખાસ સૂચવેલું. તે પહેલાં નિન્ટેન્ડોના જ કન્ટેટ ડિપાર્ટમેન્ટમાં કામ કરતી હતી. નિન્ટેન્ડોના નામથી ગેમિંગમાં જરા પણ રસ રાખનારાં ભાગ્યે જ અજાણ હશે. પોકિમોન, કિર્બી અને મારિયો જેવી ગેમ્સને કારણે નિન્ટેન્ડો લોકપ્રિય તો છે જ, તેની જૂના જમાનાની ગેમ-બોયને એંસી-નેવુંના દશકમાં જે પણ રમ્યું છે તે આજે પણ તેને ભૂલી શક્યું નહીં હોય. ગેમિંગની દુનિયામાં વાર્તાઓ કઈ રીતે બને છે, વીડિયો ગેમ હોય કે પત્તાંની ગેમ, કે પછી બોર્ડ ગેમ, આ બધું કઈ રીતે બને છે તે વિગતે જાણવા મળી રહ્યું હતું. અને તો સૌથી વધુ રાહત એ વાતની હતી કે ત્યાં વધુપડતું ચાલવું પડે તેમ ન હતું. મ્યુઝિયમમાં પ્રવેશતાની સાથે જ દરેક મુલાકાતીને ટિકિટ સાથે દસ કોઈનનું એક કાર્ડ આપવામાં આવે છે. મ્યુઝિયમના વિવિધ ભાગમાં અનુભવો અને ગેમ્સમાં આ કોઈન્સ વાપરીને મ્યુઝિયમનો વધુ આનંદ ઉઠાવી શકાય તેમ હતું. ત્યાં મ્યુઝિયમના ભાગ રૂપે જ જાતે એક પત્તાંની ગેમ બનાવવા પણ મળી હતી. ગેમ્સનાં સ્ટોરી બોર્ડ કઈ રીતે બને એ જાણીને તો ઓર મજા પડી. ત્યાં પણ સવારથી સાંજ રહીને ઘણી ગેમ્સ અને ક્રિયેટિવ ઇવેન્ટ્સમાં ભાગ લઈ શકાય. ત્યાંનાં લોકલ આર્ટિસ્ટ, ત્યાંની હિસ્ટ્રી, બધું એટલું આયોજનથી ડિસ્પ્લે પર હતું કે આવા ઓફ-બીટ સબ્જેક્ટ પરની જાપાનની માસ્ટરી સાફ નજરે પડી રહી હતી.

જાપાનમાં રામેન મ્યુઝિયમથી માંડીને માંગા મ્યુઝિયમ અને સ્ટુડિયો જિબલીનું મ્યુઝિયમ અને ટીમ-લેબ્સનું વિઝુઅલ ટેકનોલોજીનું મ્યુઝિયમ, બધું જ એવી રીતે માણવા મળેલું કે ત્યાં જોયેલું અને અનુભવેલું બધું પ્રોસેસ કરવામાં પણ લાંબો સમય લાગવાનો હતો. થાક ભલે ગમે તેટલો લાગ્યો હોય, જાપાનને અલવિદા કહેવાનું ધાર્યા કરતાં જરા વધુ મુશ્કેલ લાગતું હતું. ■

# હત્યા



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષી: કેસ ફાઈલ્સ

ટીના દોશી

ચાંપ દાબતા બંધ થઈ જતી બત્તીની જેમ વહેલી સવારથી વરસી રહેલા વરસાદે સાયરન વગાડતી પોલીસ જીપ સુખશાંતિ સદને પહોંચી ત્યારે જ પોરો ખાધો. સુખશાંતિ સદન એટલે નગરને સીમાડે આવેલો બેઠા ઘાટનો બંગલો. ચારેકોર હરિયાળી ને લીલાંછમ વૃક્ષોથી ઘેરાયેલો રળિયામણો બંગલો. આજુબાજુમાં લગભગ અડધો કિલોમીટર સુધી ન કોઈ મકાન ન વસતી. માણસોની અવરજવર નહીંવત જેવી. ભીડભાડથી દૂર એકાંતમાં એકલુંઅટૂલું ઊભેલું સુખશાંતિ સદન. કદાચ એટલે જ આ નિર્જન એકાંતનો લાભ લઈને કો'કે વહેલી સવારે બંગલામાં લૂંટફાટનો પ્રયત્ન કરેલો. ને લૂંટારાનો પ્રતિકાર કરવામાં જાનની બાજી લગાવનાર લીલાવતીએ જીવ ગુમાવ્યો હશે...લીલાવતીનું અણધાર્યું મૃત્યુ... ના, હત્યા થઈ હશે!

સવારનો સાડા આઠનો સમય...વીસેક મિનિટ પહેલાં પોલીસ સ્ટેશને હત્યાના સમાચાર આપવા કો'ક મહિલાનો ફોન આવેલો. બીજી જ ક્ષણે ઇન્સ્પેક્ટર કરણ બક્ષી પોલીસ સ્ટેશનેથી નીકળી પડેલો. સાથે ડાબાજમણા હાથ સમા જુનિયરો જયરાજ જાડેજા અને ઝલકની બદલી થયા બાદ આવેલી દેવકી દીક્ષિત. આઠેક કિલોમીટરનું અંતર હોવા છતાં બને એટલા ઝડપથી ત્રણેય સુખશાંતિ સદન પહોંચી ગયા. પોલીસજીપને જોઈને બંગલાને ઝાંપે ઊભેલી એક યુવાન સ્ત્રી ઉતાવળે આગળ આવી. ગળામાં મંગળસૂત્ર. કાનમાં બુટ્ટી. વ્યવસ્થિત ગુજરાતી ઢબે પહેરેલી ઊગતા સૂરજના રંગની એક પણ સળ વગરની સફાઈબંધ સાડી. મુખ પર ગ્લાનિ. માંજરી આંખોની કીકીઓમાં ભીનાશ. વાળનો ઢીલો અંબોડો બાંધેલો. કપાળે કંકુનો ચાંદલો ને સેંથીમાં સિંદૂર. ત્રિપુટીને જોઈને હાથ જોડીને સામે આવીને ઊભી. નિઃશ્વાસ નાખીને કહી રહી : 'આવો સાહેબ, મારું નામ મંજરી. હું આપની જ રાહ જોતી ઊભેલી.'

'હં...' ઈન્સ્પેક્ટર બક્ષીએ કહ્યું : 'તમે જ પોલીસ સ્ટેશને ફોન કરેલો?'

'અં, હા...' મંજરી પડેલા અવાજે બોલી : 'મેં જ ફોન કરેલો.'

'તમે કો'કનું ખૂન થયાનું કહી રહેલાં...' કરણે કહ્યું : 'બોલો, કોનું ખૂન થયું છે?'

'મારાં જેઠાણીનું...' મંજરી પોલીસ ત્રિપુટીને બંગલાની ભીતર દોરી જતાં કહેવા લાગી : 'એમનું નામ લીલાવતી. હું એમની દેરાણી.'

આટલી વાતચીત થઈ એટલામાં તો આંગણું વટાવીને સહુ બંગલાની ભીતર પ્રવેશી ચૂકેલા. દેવકીએ મનમાં નોંધ્યું કે બંગલો દેખાવમાં ભલે ભપકાદાર નથી, પણ પહેલી નજરે ગમી જાય એવો તો છે જ. બંગલામાં દાખલ થયા પછી પોલીસ ત્રિપુટી રંગરંગી મોતીના તોરણથી શણગારેલા નાનકડા પરસાળમાં પ્રવેશી. અહીં બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની વિશાળ મૂર્તિ સજાવેલી. મૂર્તિની સામે પ્રજ્વલિત દીવો. મોગરાની પ્રજ્વલિત ધૂપ ને ચમેલીની પ્રજ્વલિત અગરબત્તીની મિશ્ર મહેકથી પરસાળ સુવાસિત થઈ ગયેલી.

'કહેવું પડે હોં...' દેવકીએ મંજરીને વખાણી : 'ધૂપ ને અગરબત્તીની સુગંધથી તમારી પરસાળ જ નહીં, સંપૂર્ણ બંગલો મહેકી ઊઠ્યો છે...'

'આભાર... હું રોજ સવારે ધૂપ ને અગરબત્તી કરું છું...' મંજરીએ પરાણે મુસ્કાન કરીને કહ્યું, એવામાં પોલીસ ત્રિપુટીએ સુગંધિત પરસાળમાં ત્રણ ફાંટા પડતા જોયા. ત્રણેય ફાંટા ત્રણ કમરા ભણી લઈ જતા. મંજરીએ ઈન્સ્પેક્ટર કરણ બક્ષીને સંબોધતાં કહ્યું : 'સાહેબ, અહીંથી ડાબી બાજુ રસોઈઘર ને કોઠાર છે. જમણી બાજુ સૂવાબેસવાના ખંડ છે. અને બરાબર સામે જે કમરો દેખાય છે તે દીવાનખંડ છે. મારાં જેઠાણી લીલાવતી ત્યાં જ છે.'

જેઠાણીનું નામ લેતાં જ મંજરી ગળગળી થઈ ગઈ. એની આંખો ચૂઈ પડી. સાડીના પાલવથી આંખો લૂછીને મંજરી આગળ થઈ. પોલીસ ત્રિપુટી એને અનુસરીને દીવાનખંડમાં દાખલ થઈ. કરણ, જયરાજ અને દેવકીએ જોયું કે દીવાનખંડ નાનો નહોતો. વધુ પડતો મોટો પણ ન જ કહી શકાય. પ્રમાણસર કહી શકાય એવો દીવાનખંડ સુશોભિત હતો. ફર્શ પર બિસ્કીટ કલરનો ડાઘાડૂઘી વિનાનો અત્યંત સ્વચ્છ મુલાયમ ગાલીચો પથરાયેલો. ઓફ વ્હાઈટ કલરથી રંગેલી દીવાલો સાથે મેળ ખાય એવા બદામી રંગના સોફાસેટ. એલ આકારે ગોઠવેલા સોફાની વચ્ચેના ત્રિકોણમાં ચોકલેટી રંગનો ફોન. બાજુમાં નકશી કરેલી સિરામિકની ફૂલદાની. રંગબેરંગી પુષ્પો ફૂલદાનીમાં સજાવેલાં.સોફાની સામે કાચની લંબચોરસ ટિપાઈ. એક ખૂણામાં નાનીમોટી આકર્ષક કલાકૃતિઓથી સજાવેલું કાચનું કેબિનેટ. ત્રણ દીવાલ પર કુદરતી દૃશ્યોના સુંદર મજાનાં પેન્ટિંગ.એકંદરે બધું સુઘડ ને વ્યવસ્થિત. દીવાનખંડનું દૃશ્ય જોઈને તો એવું લાગતું હતું કે સુખશાંતિ સદનમાં સુખ પણ જણાતું હતું ને શાંતિ પણ.

પરંતુ આ જ દીવાનખંડમાં આંખો ફેરવી રહેલી પોલીસ ત્રિપુટીની નજરે એક એવું દૃશ્ય ઝીલાયું જે જોઈને સ્પષ્ટ થતું હતું કે બંગલાનું સુખ હણાઈ ગયેલું ને શાંતિ પણ. ત્રણેયની નજર બદામી રંગના સોફા પર સ્થિર થઈ ગઈ. સોફા પર ઢળી પડેલી મહિલા ભણી આંગળી ચીંધીને મંજરી બોલી : 'આ છે મારાં જેઠાણી લીલાવતી...'

માંડ પાંત્રીસેકની જણાતી લીલાવતી રંગેરૂપે આકર્ષક હતી. નમણો નાકનકશો. ઘટાદાર કાળા વાળ. હજુ થોડી વાર પહેલાંની ચેતનવંતી લીલાવતી અત્યારે નિશ્ચેતન થઈને પડેલી. રૂપાળા લંબગોળ ચહેરા પર મૃત્યુની પીડા અંકાયેલી. જમણો હાથ છાતીમાં હુલાવેલી છરી પર હતો. ફળ કાપવાની છરી હોવી જોઈએ. શરીરમાંથી વછૂટેલી લોહીની ધાર. એ લોહીથી લીલાવતીની આસમાની રંગની સાડી રંગાયેલી અને સોફો પણ. બદામી સોફા પર લોહીનું લાલ કુંડાળું પડી ગયેલું. બંને હાથમાં ગારમાટી લાગેલી. એ જોઈને અચંબિત થયેલા કરણ બક્ષીએ મંજરી સામે પ્રશ્નાર્થ નજરે જોયું. એ નજર જાણે પૂછી રહેલી : 'લીલાવતીના હાથ કાદવથી કેમ ખરડાયેલા છે?'

'મારાં જેઠાણીને બાગબાનીનો શોખ હતો...' કરણની નજરનો સંકેત સમજીને મંજરી કહેવા લાગી : 'એમણે જ અમારા બંગલામાં બગીચો બનાવેલો. એની ખૂબ માવજત પણ કરતાં. મહેંદીની વાડ પણ એમણે ખુદ બનાવેલી. જાતજાતનાં ફૂલછોડ ને શાકભાજી વાવેલાં. એનું જીવની જેમ જતન કરતાં. એક મા બાળકને પ્રેમ કરે એવી જ રીતે એ બગીચાને સ્નેહથી સીંચતાં. રોજ સવારે ફૂલછોડને પાણી પાતાં. નવા રોપા ને છોડ વાવતાં.' પૂર્વભૂમિકા બાંધીને મંજરી સહેજ અટકી. પછી મ્લાન વદને કહી રહી : 'એ ગઈ કાલે જ કેટલાક રોપા લાવેલાં. બની શકે કે એ રોપા વાવીને ભીતર આવી રહ્યાં હોય ને ગારાવાળા હાથ ધોવાનો સમય મળે એ પહેલાં કોઈ ચોરલૂંટારો બંગલામાં ઘૂસી આવ્યો હશે ને....' મંજરીએ ડૂસકું ભર્યું.

ઈન્સ્પેક્ટર બક્ષીએ મંજરીને સ્વસ્થ થવાનો સમય આપ્યો. જયરાજ ચારેકોર આંખો ફેરવીને નિરીક્ષણ કરી રહ્યો. દરમિયાન દેવકીએ ટિપાઈ પર પડેલા જગમાંથી પાણી ભરીને પ્યાલો આપ્યો. મંજરીએ બે ઘૂંટડા પાણી પીધું. પછી ગળું ખંખેરીને બોલી : 'મારાં જેઠાણી પેલા લૂંટારાનો સામનો નહીં કરી શક્યાં હોય ને એમણે જીવ ગુમાવવો પડ્યો.'

'એક તો તમારો બંગલો આટલે દૂર આવેલો છે. એ ય પાછો વેરાન જગ્યાએ...' જયરાજના અવાજમાં આછી કરડાકી ભળી ગઈ : 'એટલું ઓછું હતું કે તમે તમારા બંગલાનું મુખ્ય દ્વાર પણ ખુલ્લું રાખો છો. પછી તો કોઈ પણ ઘૂસી જ આવે ને?'

'સાહેબ, તમને ગેરસમજ થાય છે.' મંજરી કહી રહી : 'અમારા બંગલાનું મુખ્ય દ્વાર હંમેશાં ભીતરથી બંધ જ હોય છે. આવવાજવા માટે બીજો એક રસ્તો પણ છે. બગીચામાંથી એ રસ્તે થઈને સીધા દીવાનખંડમાં આવી શકાય છે. ચોર એ જ પાછલા દરવાજેથી આવ્યો હશે ને એ જ રસ્તે નીકળી ગયો હશે.'

'બંગલાનો બગીચો ક્યાં છે ?' જયરાજ જાડેજાએ પૂછ્યું.

'બગીચો બંગલાની પાછળના ભાગમાં આવેલો છે. આ દીવાનખંડમાં થઈને જ બગીચામાં જવાય છે...' મંજરી કરણ બક્ષી, જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિતને બગીચા ભણી દોરી રહી. દીવાનખંડ જ્યાં પૂરો થતો હતો ત્યાંથી જમણી બાજુએ બહારની તરફ લઈ જતી પરસાળ આવેલી. પરસાળ પૂરી થઈ ત્યાં બારણું હતું. અત્યારે એ બારણું ખુલ્લું હતું. બારણાની બહાર પગથિયાં. ચાર પગથિયાં ઊતરીને સહુ કમ્પાઉન્ડના બગીચામાં પહોંચ્યાં. બગીચાના કાદવમાં કેટલાંક પગલાં પડેલાં. બીજે ક્યાંય પગલાં તો દેખાતાં નહોતાં, પણ માટી ભીની ને અતિશય ચીકણી હતી. સાવધ રહીને ન ચાલીએ તો લપસી જવાય એવી સુંવાળી થઈ ગયેલી કમ્પાઉન્ડની માટી.

પોલીસ ત્રિપુટીએ સાવધાનીથી કમ્પાઉન્ડમાં ડગલાં માંડ્યાં. વચ્ચે હરિયાળા ઘાસની સુંદર લોન ને ચારેય છેવાડે ભાતભાતના ફૂલછોડ રહેલા. ગુલાબ, ચમેલી, જાસૂદ, પારિજાત, ગલગોટા, રાતરાણી ને સૂરજમુખી જેવાં રંગબેરંગી પુષ્પો લહેરાઈ રહેલાં. એક કતારમાં મેથી, પાલક ને કોથમીર ઊગી નીકળેલાં. ટામેટાં, વટાણા, લીલી ડુંગળી ને એક ખૂણામાં વેલા પર ઊગેલી કુમળી દૂધીઓ... વીસ બાય વીસ ફૂટમાં પથરાયેલો જણાતો બગીચો પાંચ ફૂટની કમ્પાઉન્ડ વોલથી આરક્ષિત હતો. પોલીસ ત્રિપુટીએ વિચાર્યું કે આ દીવાલ કૂદીને કોઈ પણ અંદર આવી શકે. ત્રણેયના મનમાં ઊઠેલા વિચારોનો પડઘો પાડતી હોય એમ મંજરી બોલી : 'સાહેબ, આ દીવાલ પરથી કૂદીને જ પેલો લૂંટારો અંદર આવ્યો હશે..'

'હં, શક્ય છે...' કરણ બક્ષી બોલ્યો તો ખરો, પણ એને મનમાં કંઈક ખટકી રહેલું. કશુંક તો જરૂર અજુગતું હતું. રંગબેરંગી હોવા છતાં ચિત્ર બેરંગ બની ગયેલું જાણે. પરંતુ એ ક્ષણે બીજું કાંઈ બોલ્યા વિના કરણ કહી રહ્યો : 'કોઈ ચોરલૂંટારો દીવાલ કૂદીને સરળતાથી આવી શકે. એવું બન્યું હોય એ અશક્ય નથી.'

'હા સાહેબ, એ લૂંટારો મોકો જોઈને લૂંટફાટ કરવા બંગલામાં ઘૂસી આવ્યો હશે. પણ મારાં જેઠાણીએ એનો સામનો કરવા જતાં જીવ ગુમાવવો પડ્યો...' મંજરીએ આંખમાં ધસી આવેલાં અશ્રુ ખાળતાં કહ્યું.

'પણ એ વખતે તમે ક્યાં હતાં?' પોલીસ ત્રિપુટી ફરી દીવાનખંડ ભણી ડગ માંડી રહેલી ત્યારે દેવકી બોલી : 'તમે ઘરમાં નહોતા?'

'ના, ઈન્સ્પેક્ટર...' મંજરીએ ઊંડો નિઃસાસો નાખ્યો : 'હું રોજ સવારે પૂજાપાઠ કરીને, દીપ પ્રગટાવીને, ધૂપઅગરબત્તી કરીને મંદિરે દર્શન કરવા જાઉં છું. પ્રભુભક્તિ કરીને અડધોપોણો કલાકમાં તો હું ઘેર પાછી ફરું. પણ જો મને ખબર હોત કે આવું અમંગળ બનવાનું છે, તો હું મંદિરે જાત જ નહીં ને?'

પગથિયાં ચડીને પરસાળમાં આવી ગયેલા કરણ બક્ષીએ જુનિયરોને કહ્યું : 'આપણાં જૂતાં માટી ને કાદવવાળાં થઈ ગયાં છે. એનાથી દીવાનખંડમાં ડાઘા પડશે. જૂતાં કાઢીને હાથમાં લઈ લ્યો.' ત્રણેયે જૂતાં હાથમાં પકડી લીધાં ને દીવાનખંડ તરફ ચાલ્યાં.

'હવે એક સવાલનો જવાબ આપો...' કરણ બક્ષીએ મંજરીની માંજરી આંખમાં આંખ પરોવીને પૂછ્યું : 'તમારા ઘરમાં તમે બે જ જણાં રહો છો? આઈ મીન, બીજું કોઈ જ નથી.. તમારા પતિઓ?'

'અમારા બેયના પતિઓ બે દિવસ માટે ઓફિસના કામે બહારગામ ગયા છે. મેં એમને ફોન કરી દીધો છે. એટલે આજે સાંજ સુધીમાં બેય આવી જશે.' મંજરી બોલી : 'અમારો સ્ટેશનરીનો ધંધો છે. એની બેત્રણ મીટિંગ ગોઠવાયેલી. મારા જેઠ ગોપાલભાઈ એકલા પહોંચી વળે એમ નહોતા. બંને ભાઈઓએ સાથે જવું જ પડે એમ હતું. એ ગયા ને પાછળ અચાનક આવું...મને ખબર હોત તો હું મંદિરે જાત જ નહીં ને. પેલા લૂંટારાને મેં પકડી લીધો હોત.' મંજરીને ગળે ડૂમો ભરાણો. પછી એકદમ ચમકીને બોલી : 'અરે સાહેબ, હું તો તમને કહેવાનું ભૂલી જ ગઈ કે મંદિરેથી પાછા ફરીને, મારી પાસેની ચાવીથી દરવાજો ખોલીને હું બંગલામાં પેઠી ત્યારે મેં દીવાનખંડને રસ્તે થઈને કો'ક માણસને નાસી જતાં જોયેલો. નક્કી...નક્કી એ જ લૂંટારો હશે. પણ મેં એની પીઠ જ જોયેલી. એટલે એનું વર્ણન તો નહીં કરી શકું. પણ હા, મને એટલું યાદ છે કે એણે સફેદ ચોકડીવાળું કાળું શર્ટ ને કાળું પેન્ટ પહેરેલું. બીજું તો કંઈ યાદ નથી.'

'કાંઈ વાંધો નહીં...' કરણ બક્ષીએ કહ્યું : 'હવે એ જણાવો કે તમારા ઘરમાંથી શું ચોરાયું છે? ઘરેણાં, સોનું, ચાંદી કે રૂપિયા કે પછી બીજું કંઈ...'

'એ તો મેં જોયું જ નથી..' મંજરી બોલી અને બેબાકળી થઈને દીવાનખંડને અડીને આવેલા ઓરડામાં ગઈ. ઓરડાનો નકૂચો ખોલ્યો. તિજોરી ખોલી. ઉતાવળે તપાસ કરીને બહાર આવી. પછી બોલી : 'કાંઈ ચોરાયું હોય એવું તો લાગતું નથી. હું ઘેર આવી ગઈ એટલે ચોરને ચોરી કરવાની તક નહીં મળી હોય ને એ ઉતાવળે નાસી છૂટ્યો હશે.'

'હા, એવું બની શકે..' દેવકી અને જયરાજના આશ્ચર્ય વચ્ચે કરણ બક્ષીએ મંજરીની દલીલ સ્વીકારી લીધી.પછી ગંભીર સ્વરે પૂછ્યું : 'તમારાં જેઠાણી સાથે તમારા સંબંધો કેવા હતા. સાચું બોલજો.'

'મારાં સંબંધો..' મંજરી સહેજ અચકાઈ. પછી મુખ પર ચડાવેલો મુખવટો ઉતારીને બોલી : 'સાહેબ, હું સાચું જ કહીશ. મને ખબર છે કે હું જે કંઈ કહીશ તેની તમે ખરાનકરી કરશો. ખોટું બોલીને ફાયદો નથી. એટલે સાચું જ બોલીશ. અમારાં સંબંધો દેરાણીજેઠાણી જેવા જ હતા. મીઠા નહીં, કડવા. કડવા વખ જેવા. અમારી વચ્ચે રોજેરોજ કંકાસ થતો. એ લીલાડી મને ગુલામડી બનાવીને રાખવા માગતી. મને નીચાજોણું કરાવવાની એક પણ તક એ ચૂકતી નહીં. એટલે મને ખૂબ ગુસ્સો ચડતો. એનું ગળું દબાવવાનું મન થઈ જતું. પણ મારે એવું કરવાનો વખત આવે એ પહેલાં જ પેલા લૂંટારાએ એને પતાવી દીધી.'

'લૂંટારાએ પતાવી કે પછી લૂંટારાને નામે તમે જ લાગ જોઈને લીલાવતીને પતાવી દીધી?' કરણ બક્ષીની આંખો ફરી ગઈ.

'આ શું કહો છો ?' મંજરીએ જાણે બીવડાવતી હોય એમ કરણ સામે ડોળા ગગડાવ્યા. ફૂંફાડો મારતાં બોલી : 'મેં મારા સંબંધોની સચ્ચાઈ કહી દીધી એટલે તમે મારા પર ખૂનનું આળ ચડાવો છો... આળ ચડાવો છો તો પુરાવો પણ આપવો પડશે. નહીંતર હું તમારી સામે ફરિયાદ કરીશ.'

'પુરાવા તો એક નહીં, ચાર છે...' કરણ બક્ષી તલવારની ધાર જેવા તીક્ષ્ણ અવાજે બોલ્યો : 'તમે હત્યાની વાર્તા ઉપજાવી કાઢી ત્યારે એ ભૂલી ગયા કે આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહેલો.'

'વરસાદ..વરસાદને હત્યા સાથે શું સંબંધ?' મંજરી ઝંખવાઈ ગયેલી, છતાં નમતું મૂકવા તૈયાર નહોતી.

'અરે, તમારી વાર્તામાં તો વરસાદ જ મુખ્ય ખલનાયક બની ગયો.' કરણ બક્ષીએ વરસાદનો હત્યા સાથેનો સંબંધ જોડી બતાડ્યો : 'તમે કહ્યું કે તમે સવારે મંદિરે ગયેલાં. પણ એ જ તો તમારી વિરુદ્ધનો પહેલો પુરાવો છે. કારણ સવારે વરસાદ વરસી રહેલો. વરસતા વરસાદમાં તમે છત્રી લઈને પણ મંદિરે ગયાં હોત તો તમારી સાડી પલળ્યા વિના ન રહી હોત. તમારા વાળ પણ વરસાદના પાણીથી થોડાઘણા તો વિખરાયા જ હોત. પણ તમે જ કહ્યું એમ તમે ઘેર આવ્યાં ત્યારે લીલાવતીનું ખૂન થયેલું જોયું. ને તમે પોલીસને ફોન કર્યો. એવા સંજોગોમાં તમે સાડી બદલવાનો ને વાળ હોળવામાં સમય ન જ બગાડો...

'હવે બીજો પુરાવો...તમે કહ્યું કે બહારથી આવેલા કોઈ લૂંટારાએ લીલાવતીનું ખૂન કર્યું ને તમે એને નાસી જતાં જોયો. પરંતુ એ નિવેદન પણ તમારી વિરુદ્ધમાં જાય છે. કારણમાં ફરી એક વાર વરસાદ. અનરાધાર વરસાદમાં કોઈ બહારથી પાછલે રસ્તે આવ્યું હોય ને ગયું હોય તો આખા કમ્પાઉન્ડમાં પગલાં પડ્યાં હોત. પણ એવું જોવા ન મળ્યું. પગથિયાં ઊતરીએ ત્યાં જ કમ્પાઉન્ડમાં પગલાં જોવા મળે છે. બીજે ક્યાંય નહીં. એ પગલાં તમારાં જ હોઈ શકે. કમ્પાઉન્ડનાં પગલાંની છાપ સાથે તમારાં પગલાંની છાપ સરખાવીશું એટલે એ બાબત સિદ્ધ થઈ જશે. છતાં માની લઈએ કે કોઈ ચોર બગીચાના રસ્તે દીવાનખંડમાં આવ્યો હોય તો ગાલીચો એના કાદવવાળા પગલાંથી ખરડાઈ ગયો હોત. પણ ગાલીચો તો એકદમ સ્વચ્છ છે. કાદવનો કે માટીનો એક ડાઘ સુધ્ધાં એના પર પડ્યો નથી. એનો અર્થ એમ થયો કે પાછલે રસ્તેથી કોઈ આવ્યું નથી. વળી લીલાવતીની કોઈ સાથે ઝપાઝપી થયાનાં નિશાન મળ્યાં નથી. એવું કાંઈ થયું હોત તો એના શરીર પર ક્યાંક તો ઉઝરડો પડેલો જોવા મળત. કોઈ ચોરી કરવાને બહાને ઘૂસ્યું હોત તો દીવાનખંડ વેરવિખેર થઈ ગયો હોત, પરંતુ દીવાનખંડમાં બધું વ્યવસ્થિત ગોઠવાયેલું છે. એનો અર્થ એમ થાય કે કોઈ બહારનું દીવાનખંડમાં આવ્યું નથી.

ત્રીજો પુરાવો... તમે કહ્યું કે કોઈ ચોરી કરવા ઘરમાં ઘૂસેલું. પણ તિજોરીવાળો ખંડ તો બહારથી બંધ હતો. તમે જ એનો આગળો ખોલીને અંદર ગયાં. જો ચોર ચોરી કરવા આવ્યો હોત તો તિજોરીવાળા કમરામાં જરૂર ગયો હોત. અને ચોરી કરીને નાસી છૂટ્યો હોત. આગળો બંધ કરવા ઊભો ન રહેત. ચોર પાસે એવો સમય હોતો નથી.

ચોથો પુરાવો... તમે કહ્યું કે લીલાવતી બગીચામાં રોપાઓ રોપવા ગઈ હશે. એથી એના હાથ પર ગારો ને માટી લાગેલાં. પણ વરસતા વરસાદમાં કોઈ બગીચામાં છોડવા કે રોપા રોપવા જાય નહીં. ન તો ફૂલછોડને પાણી પાવા જાય. એનો અર્થ તો એક જ થાય કે લીલાવતી છોડવા રોપવા બાગમાં ગયેલી એવું સાબિત કરવા તમે જ એના હાથમાં ગારો લગાડ્યો છે. પણ હકીકત એ છે કે તમારો બદલો વાળવા તમે જ તમારા બેયના પતિઓની ગેરહાજરીમાં લીલાવતીની હત્યા કરી છે. ફળ કાપવાની છરી પરથી તમારાં આંગળાંની છાપ મળી આવશે. એનાથી પુરવાર થઇ જશે કે તમે જ ખૂન કર્યું છે. બોલો, ખરું કે ખોટું ?'


મંજરી ચૂપ. એ શું બોલે? પોતાના તીરથી એ પોતે જ વીંધાઈ ગયેલી. લીલાવતીનો શિકાર કરવા જતાં એનો પોતાનો જ શિકાર થઈ ગયેલો ! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

# સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# આધુનિક આવાસનું પ્રમાણ



આધુનિક આવાસની વ્યાખ્યા સમજવા જેવી છે. આધુનિક આવાસ એટલે શું? સમાજ કઈ કઈ સવલતો હોય, સ્થાપત્યની રચનાનો કયો પ્રકાર હોય, સમગ્રતામાં કેવી છબી સ્થાપિત થતી હોય તો આવાસને આધુનિક માને? પ્રવર્તમાન વલણ પ્રમાણે આધુનિક આવાસ માટે કેટલીક ધારણા બંધાઈ ગઈ છે. એક સમજ પ્રમાણે આધુનિક સ્થાપત્ય શૈલીની સાથે પરંપરાગત પ્રતીક કે પરંપરાગત સ્થાપત્યના કેટલાક અંગ પણ પ્રયોજાતાં હોય છે. અમુક સમયગાળા સુધી આ પ્રકારના પ્રયત્નો થતાં રહ્યાં. હવે આ અભિગમને એટલું મહત્ત્વ નથી મળતું. હવે તો આધુનિક એટલે આધુનિક પ્રકારની વિચારસરણીમાં જ માનવામાં આવે છે.

આવાસ એ આવાસ છે અને તેમાં મોટાભાગની બાબતો સમાન રહે, પછી તે એક વ્યક્તિ માટેનું હોય કે બીજી વ્યક્તિ માટેનું, પરંતુ આધુનિક આ પ્રકારના આવાસમાં, કુટુંબમાં, દરેક વ્યક્તિ પોતાના કાર્યક્ષેત્રના વિશ્વમાં જીવવાનો પ્રયત્ન કરતી હોય છે તેથી તે બધાંને એકત્રિત કરવા માટે ખાસ બહુ-ઉપયોગી તથા મનોરંજનના સ્થાન નિર્ધારિત કરાય છે. આની માટે બહારનું રસોડું તથા બહારનું ભોજન-સ્થળ એક સહાયકારક સ્થાન બની રહે છે. આ આવાસમાં રસોડા અને દીવાન-ખંડની રચનામાં ખાસ પ્રકારની છબી ઊભરે તેવા પ્રયત્ન થતાં હોય છે. આ સાથે શાંતિ ભરેલા માહોલની સ્થાપના માટે મકાનની અંદર અને ચારે બાજુ લીલોતરી અને પાણીના હોજનો અસરકારક ઉપયોગ થતો જોવાં મળે છે. તે ઉપરાંત આધુનિક આવાસમાં અહીં એક નવી જ અનુભૂતિ માટે છત પર લીલોતરી ઉગાડાતી હોય છે, બાજુમાં સ્વિમિંગ પુલ બનાવાતો હોય છે, મકાનની અંદર ક્યારેક પાણીના હોજની વ્યવસ્થા કરાતી હોય છે અને અન્ય વ્યૂહાત્મક સ્થાને પણ લીલોતરીનો પ્રયોગ થતો હોય છે,

સ્વાભાવિક છે કે આ મકાનો સ્માર્ટ સ્થાપત્યના પ્રતિનિધિ હોય. અહીં સગવડતા અને સુરક્ષા માટે સ્માર્ટ ઉપકરણ અને સિસ્ટમનો ઉપયોગ કરાતો હોય છે. આ જ પ્રકારની પદ્ધતિથી ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેની પણ વ્યવસ્થા જોવા મળે છે. પણ અંતે તો આ બધા પાછળ ઊર્જા તો વધુ જ વપરાતી હોય છે. જો વિશેષ જરૂરિયાત હોય તો આ પ્રકારના આવાસમાં જિમ, સોલારિયમ, યોગ-સ્થાન, ધ્યાન-ખંડ, પુસ્તકાલય, નાનકડી ઓફિસ, ટેબલ ટેનિસ રૂમ, સ્ટુડિયો જેવાં સ્થાનની વ્યવસ્થા પણ કરાય છે.

એમ જણાય છે કે આધુનિક આવાસમાં વાતાનુકૂલ સ્થિતિનું મહત્ત્વ વધારે હોય છે. તાજી હવાની સંભાવના પ્રમાણમાં ઓછી રહેવાની. છતાં પણ ક્યાંક ખુલ્લી જગ્યાનો, બહારની પરિસ્થિતિ સાથે સંવાદ સ્થાપી શકે તેવાં સ્થાનનો સમાવેશ કરાતો જોવાં મળે છે. આ આવાસો વિશાળ હોવાથી તેમાં આવી જગ્યાનું આયોજન સરળ બની રહે. અન્ય બધાં જ આવાસમાં હોય છે તેમ, આધુનિક આવાસમાં પણ સરળતા અને કાર્યક્ષમતાનું પણ મહત્વ જળવાઈ રહે છે. અહીં સંસાધનોમાં સીમિતતા ન હોવાથી જરૂરી બધી જ સગવડતાનો સમાવેશ કરવાની ઘેલછા દેખાય છે. અહીં કુટુંબના દરેક સભ્યોની આગવી જરૂરિયાત સંતોષાતી હોય છે અને સાથે સાથે મહેમાનો માટે પણ અલાયદી વિશેષ વ્યવસ્થા ઊભી કરાતી હોય છે.

આ પ્રકારના આવાસમાં બારીઓ મોટી હોય, કદાચ છતથી ફરસ સુધી લંબાયેલી હોય, કાચની જ હોય. આ પ્રકારની રચનાથી અને ઓપન કન્સેપ્ટ પ્લાનિંગથી જગ્યા હોય તેનાથી વધારે હોવાની અનુભૂતિ થતી હોય છે. ઓપન કન્સેપ્ટ પ્લાનિંગ આ પ્રકારના આવાસનો એક નિર્ણાયક માધ્યમ બનતું જાય છે. ઘણીવાર તો દાદર અને રેલિંગની રચનામાં પણ કાચનો ઉપયોગ જોવા મળે છે. કાચ ઉપરાંત આ બધી બાબતોમાં સ્ટેનલેસ સ્ટીલનો પણ વ્યાપક ઉપયોગ થતો હોય છે. આ મકાનના સમગ્ર બાંધકામમાં આધુનિક સામગ્રી અને આધુનિક તકનીક પ્રયોજાય તે સ્વાભાવિક છે.

આધુનિક આવાસ માટે સુંદરતાની વ્યાખ્યા જુદી હોય તેમ જણાય છે. અહીં દેખાડવાની બધી જ બાબતોને સભાનતાપૂર્વક અને અસરકારક રીતે દેખાડવામાં આવે છે. આ પ્રકારના આવાસમાં નાટકીયતા સ્થાપિત કરવા માટે ક્યારેક લટકતા દાદર, ઝૂલતા ઝરૂખા, ડબલ હાઇટની સ્પેસ, રસપ્રદ માસિંગ, ચોક્કસ પરિસ્થિતિ સાથે ખુલ્લાપણું જેવી બાબતોની પસંદગી કરાતી હોય છે.

આ પ્રકારના આવાસમાં સામાન્ય રીતે સ્ટોરેજ નજરે નથી ચડતો, તેની રચના એ રીતે કરાય છે કે જેથી તે જે તે પરિસ્થિતિ પાછળ ઢંકાઈ જાય. જો કે અહીં અમુક પ્રકારનો સ્ટોરેજ પણ નથી હોતો પણ જે હોય છે તે પૂરતાં પ્રમાણમાં હોય છે. વિશેષ પ્રકારના સ્ટોરેજ માટે ક્યાંક ભોયરાનું આયોજન પણ કરાય છે. અહીંના પડદા, અહીંનું રાચરચીલું, બધું જ સંપન્નતા દર્શાવી જાય છે. આંતરિક સુશોભનમાં પ્રકાશ વ્યવસ્થા પણ સંપન્નતા ઊભરી આવે તે રીતે કરાતી હોય છે...

આ આવાસોમાં સ્થાપત્ય શૈલી બહુ સ્પષ્ટતાથી ઊભરતી હોય છે અને તે માટે ચોક્કસ ભૌમિતિક કે અભૌમિતિક પેટર્ન અને રસપ્રદ રેખાઓ પ્રયોજાય છે. આનાથી નજર પકડાયેલી રહે છે. આ પ્રકારની રચનાના દેખાવમાં સરળતા પણ હોય અને રસપ્રદ



વિગતિકરણ પણ હોય, રંગોની રમત પણ હોય અને તેની સાથે એક પ્રકારની સાદગી પણ લવાતી હોય, દરેક અંગનું આગવું મહત્ત્વ પણ હોય અને અન્ય બીજા અંગ સાથે તેનો વ્યવસ્થિત સમન્વય પણ હોય, અહીં પ્રકાશ સાથે પણ રમત થતી હોય છે અને કુદરતી સામગ્રીને પણ યોગ્ય સ્થાન અપાતું હોય છે, તે અંતર્ગત હોય કે બહારથી લગાડવામાં આવેલ પ્રકારનું પણ હોઈ શકે. અહીં રંગનો પ્રયોગ હિંમત ભરેલ અને રસપ્રદ હોય છે.

આ બધાં માટે સ્થપતિએ વધુ સંવેદનશીલ અને સર્જનાત્મક રહેવું પડે. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# પેરિસઃ ટાવર - પાવર ને શેક્સપિયર...



ફ્રાન્સની આ રાજધાની કલા-સ્થાપત્ય ને ફેશન માટે જગવિખ્યાત છે


વર્ષો પહેલા થિયેટરમાં હિન્દી ફિલ્મ 'એન ઈવનિંગ ઈન પેરિસ જોઈ' અને એમાંય રફીસાહેબના ગીત 'આઓ તુમકો દિખલાતા હૂં, પેરિસ કી એક રંગીન શામ, દેખો દેખો દેખો દેખો દેખો, એન ઈવનિંગ ઈન પેરિસ' પર શમ્મી કપૂરના જલસા જોયા ત્યારે ખબર નહોતી કે આ શહેર 'સિટી ઓફ લવ' તરીકે પ્રખ્યાત છે. જોકે, પત્ની સાથે પેરિસમાં સહેલ કરવાનો મોકો મળ્યો અને ૧૬ વર્ષની ઉંમરે જોયેલું ખ્વાબ ૬૬ વર્ષની ઉંમરે સાકાર થયું. બે દિવસના પેરિસ મુકામમાં પ્રેમ, પાવર, ટાવર અને શેક્સપિયરનો પરિચય થયો અને જલસો ...જલસો...! એમાંય એક કલાકની સેન રિવર ક્રૂઝમાં પેરિસના પ્રતિષ્ઠિત સ્મારકો આયફેલ ટાવર, લુવ્ર મ્યુઝિયમ, નોટરડામ કથીડ્રલ (ધર્મ સ્થાનક તરીકે નહીં, પણ આર્કિટેક્ચર સૌંદર્ય માટે), કોન્શિયરજેરી અને ડોરસે મ્યુઝિયમની ઝલક જોવા મળી.

**આઇફિલ ટાવરઃ** પેરિસના પ્રખ્યાત આયફેલ ટાવર (લોકપ્રિય ઉચ્ચાર 'એફિલ'! ) વિશે તો ઘણું બધું લખાયું ને વંચાયું છે. દસ હજાર ટન લોખંડનો ઉપયોગ કરી બાંધવામાં આવેલો ૧૦૫૦ ફૂટ ઊંચો આ ટાવર દિવસે તો ભવ્ય લાગે જ છે, રાતના અંધારામાં એનો ઝગમગાટ આંખોને આંજી દે છે. ઉપર જઈ રહ્યા હતા ત્યારે ખિસ્સાકાતરુઓથી સાવધાન રહેજો એવી ચેતવણી આપતું પાટિયું બધાનું ધ્યાન ખેંચી રહ્યું હતું. 'પાકીટમારથી ચેતતા રહેજો'નું અનાઉન્સમેન્ટ પણ થઇ રહ્યું હતું. દેશની શાન ગણાતા સ્મારક પર કેવો મોટો ધબ્બો...

**કોન્કોર્ડ સ્કવેરઃ** રશિયન ક્રાંતિમાં અનોખું સ્થાન ધરાવતો પ્લેસ ઑફ કોન્કોર્ડ પેરિસનો સૌથી મોટો સ્કવેર છે. ફ્રાંસના રાજા લુઇ પંદરમાની મહત્તા વધારવાના હેતુથી એની પ્રતિમા ઊભી કરીને એનું નામ પ્લેસ લુઇ ફિફ્ટીન રાખવામાં આવ્યું હતું. આ સ્કવેરનું બાંધકામ ૧૭૭૨માં પૂરું થયું હતું.

૧૭૮૯માં શરૂ થયેલી રશિયન ક્રાંતિ પછી ૧૭૯૨માં લુઇ પંદરમાની પ્રતિમા દૂર કરી તોડી નાખવામાં આવી અને ત્યાં શિરચ્છેદ કરવાનું યંત્ર જીલેટીન ત્યાં ઊભું કરવામાં આવ્યું. પ્રજાનો આક્રોશ તીવ્ર બન્યો અને ૨૧ જાન્યુઆરી, ૧૭૯૩ના દિવસે ચિચિયારી પાડતા લોકોની હાજરીમાં રાજા લુઇ સોળમાનો આ સ્કવેર પર શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. નવ મહિના પછી ફ્રાંસની રાણી મેરી એન્તોનિયેતનો પણ અહીં જ શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. આ જગ્યા જુલમ સામેના લોકોનો આક્રોશ કઇ હદે જઇ શકે છે એનો ખ્યાલ આપે છે. ઉમાશંકર જોશીની પંક્તિ યાદ આવી ગઈઃ 'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ના લાધશે!'

**સેન નદીઃ** આશરે એક હજાર ફૂટની ઊંચાઈએથી લીધેલી તસવીરમાં પેરિસનો કેટલોક નયનરમ્ય હિસ્સો આંખ ઠારે છે. ખાસ ધ્યાન ખેંચે છે ખળખળ વહેતી સેન નદી. પેરિસ આ નદીના કાંઠે વસેલું શહેર છે. ૭૭૭ કિલોમીટર લાંબી આ નદી પર પેરિસમાં જ ૩૭ બ્રિજ છે અને બીજા ડઝનેક શહેરની બહાર. પોતાને સેન નદીના કાંઠે દાટવામાં આવે એવી ઈચ્છા ફ્રાન્સના સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટે વ્યક્ત કરી હતી જે માન્ય નહોતી રખાઈ.



એક હજાર ફૂટની ઊંચાઇએથી સેન નદીનું સૌંદર્ય

આઇફિલ ટાવર ફરતે બાંધવામાં આવેલી જાળીની બહાર હાથ કાઢીને હું તસવીરો લઈ રહ્યો હતો ત્યારે એક સહ પ્રવાસી મારા પર ફોકસ રાખીને બેઠો હતો. એને એમ હતું કે કદાચ મારા હાથમાંથી કેમેરા ફોન પડી જશે અને એ ક્ષણ એ ભાઈ ક્લિક કરવા માગતા હતા. જોકે, તેમની માન્યતા ખોટી પડી ને હું આ રીતે કેટલીક તસવીરો લેવામાં સફળ સફળ રહ્યો. આ વાત એ સહ પ્રવાસીએ જ પછી હસતા હસતા મને કરી હતી.

**કોન્શિયરજેરીઃ** આ સ્મારકની વિશિષ્ટતા એ છે કે એક સમયે રાજાશાહીનું પ્રતીક ગણાતું હતું અને પછી ગુનેગારોનું સરનામું બની ગયું. પેરિસના આ ઐતિહાસિક સ્મારકનું બાંધકામ ૧૫૦૦ વર્ષ પહેલા રાજવી મહેલ તરીકે કરવામાં આવ્યું હતું. છઠ્ઠી સદીથી ૧૪મી સદી સુધી ફ્રેન્ચ રાજવીઓનું સત્તાકેન્દ્ર બની રહ્યું. ૧૪મી સદીના મધ્યમાં આ મહેલ રાજ પરિવારના રહેણાંક તરીકે બંધ કરવામાં આવ્યો. જોકે, શાસનની મહત્ત્વની કામગીરી નિયમિત રીતે અહીંથી કરવામાં આવતી હતી. પંદરમી સદીમાં રાજાએ મહેલમાં ન્યાય વ્યવસ્થા માટે દ્વારપાલની નિમણૂક કરી અને નોંધવાલાયક બાબત એ બની કે મહેલનો અમુક હિસ્સો જેલમાં ફેરવી દેવામાં આવ્યો. પંદરમી સદીથી ફ્રેન્ચ ક્રાંતિ થઈ ત્યાં સુધી કોન્શિયરજેરી પેરિસની સૌથી મહત્ત્વની જેલ હતી. અહીં કેટલાક ખ્યાતનામ કેદીઓને રાખવામાં આવ્યા હતા જેમાં રાણી મેરી એન્તોનિયેત, રાજા હેન્રી ચોથાના હત્યારા રેવિલેક, રાજા હેન્રી બીજાની અકસ્માતે હત્યા કરનાર સ્કોટિશ ગાર્ડ કાઉન્ટ ઓફ મોન્ટગોમેરીનો સમાવેશ હતો. ૧૭૯૯માં ફ્રેન્ચ ક્રાંતિની સમાપ્તિ પછી આ સ્થળનો ઉપયોગ જેલ તરીકે ક્રમશઃ બંધ થયો અને રાજવી પ્રતિષ્ઠા પાછી મળી ગઈ. ૧૮૬૨માં કોન્શિયરજેરી ઐતિહાસિક સ્મારક જાહેર થયું અને ૧૯૧૪થી સહેલાણીઓ માટે પ્રવેશ શરૂ કરવામાં આવ્યો.

**શેક્સપિયર એન્ડ કંપની કેફેઃ** વિલિયમ શેક્સપિયર વિશ્વવિખ્યાત હતા અને એટલે એમના સ્મારક સ્થળ અનેક દેશમાં હોય એ સ્વાભાવિક છે. પેરિસમાં 'શેક્સપિયર એન્ડ કંપની કેફે' (બુક્સ + કોફી) જોવાનો લ્હાવો મળ્યો. આ જગ્યાએ અર્નેસ્ટ હેમિંગ્વે (ધ ઓલ્ડ મેન ઍન્ડ ધ સી), ફ્રાન્સિસ સ્કોટ ફિટ્ઝગેરાલ્ડ (ધ ગ્રેટ ગેટ્સબી - જેના પરથી બનેલી હોલિવૂડ ફિલ્મમાં અમિતાભ બચ્ચનએ કામ કર્યું છે), બ્રિટિશ કવિ ટી. એસ. ઈલિયટ અને અમેરિકન કવિ એઝરા પાઉન્ડ વગેરે વિશ્વવિખ્યાત સર્જકો આવતા હતા અને તેમના અમુક સર્જનના બી અહીં રોપાયા હશે.

શેક્સપિયર એન્ડ કંપની શરૂ કરવાનો શ્રેય હેમિંગ્વે, ફિટ્ઝગેરાલ્ડ જેવા સર્જકો સાથે મૈત્રી ધરાવતા અમેરિકન પુસ્તક પ્રકાશક - વિક્રેતા સિલ્વિયા બીચને જાય છે. આજે જે બુકશોપ + કેફે છે એ અલગ સ્થળે છે અને એની શરૂઆત જ્યોર્જ વ્હિટમેન નામની વ્યક્તિએ સતત મુસાફરી કરતા સર્જકો માટે ૧૯૫૧માં શરૂ કરી હતી. અહીં સંખ્યાબંધ પુસ્તકો જોવા મળે છે અને એક સેક્શન પેરિસનો ઈતિહાસ, સંસ્કૃતિ અને એકંદર જીવન પર પ્રકાશ પાડતાં પુસ્તકોથી ભરેલું છે.

અંદર દાખલ થતાની સાથે પુસ્તકોની હાજરીથી શોભતી અભરાઈઓ પડે. કેફેનું મેનુ હાથે લખેલું હોય છે અને એમાં વારંવાર ફેરફાર થાય. કેટલીક આઇટમના નામ અહીં પધારી ચૂકેલા ખ્યાતનામ લેખક અને એમના પ્રસિદ્ધ પુસ્તક પરથી રાખવામાં આવ્યા છે.

કાઉન્ટર પર અમને A Moveable Feast નામનું પિકનિક બાસ્કેટ તૈયાર કરવામાં આવી રહ્યું છે એવી જાણકારી મળી. પૂછપરછ કરતા જાણ થઈ કે A Moveable Feast નોબેલ પ્રાઈઝ વિજેતા અમેરિકન સર્જક અર્નેસ્ટ હેમિંગ્વેના ૧૯૨૦ના દાયકાના પેરિસનાં સંસ્મરણોનું પુસ્તક છે. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# 'તાઇશોકુ ડાઇકોઉ' કલ્ચર જાપાનમાં મોટો બદલાવ લાવી શકશે?






### આવું તે કંઈ કરાય?

ફિલ્મ ઇન્ડસ્ટ્રી જેવા ક્ષેત્રે તમારી કારકિર્દી ઠીકઠાક સ્પીડમાં દોડી રહી હોય, યુવાનોમાં તમારો મોટો ચાહક વર્ગ હોય અને એક ગાયક તરીકે તમને ઢગલેબંધ ફિલ્મોમાં કામ મળ્યા કરતું હોય એવા સમયે કંઈ રિટાયરમેન્ટ થોડું લેવાનું હોય? પણ મશહુર બોલિવૂડ સિંગર અરિજિત સિંહે આ કર્યું. કોઈ દેખીતું કારણ ન હોવા છતાં એણે હિન્દી ફિલ્મોમાં પ્લેબેક સિંગિંગ ન કરવાનો નિર્ણય જાહેર કર્યો. એ સાથે જ એના ચાહકોમાં જાણે દેશવ્યાપી નિરાશા વ્યાપી ગઈ છે.

જોકે આવું કરનારો અરિજિત કંઈ પહેલો માણસ નથી. આની અગાઉ વિનોદ ખન્નાએ કારકિર્દીની ટોચી પહોંચીને ઓશોના આશ્રમમાં જઈ સંન્યાસી બનવાનો વિચાર અમલમાં મૂકેલો. જો કે થોડા જ સમયમાં એ ફિલ્મોમાં પાછો ફર્યો અને નવી ઇનિંગની શરૂઆત કરી. તમારી નસોમાં જે કામ દોડતું હોય એને એટલી આસાનીથી અળગું કરી શકાતું નથી. વિનોદ ખન્ના પણ એવું ન કરી શક્યા. જો કે અરિજિત જરા જુદી માટીનો છે. એણે પોતાનું કામ નથી છોડ્યું, એ ગાવાનું ચાલુ જ રાખશે. બસ, ફિલ્મોમાં નહિ ગાય. અલબત્ત, નિવૃત્તિ જાહેર કર્યા બાદ તરત જ એણે અનુષ્કા શંકર સાથે એક લાઈવ પરફોર્મન્સ તો આપી ય દીધું છે. અત્યારે એવું સમજાય છે કે અરિજિતે પોતાની જાતને કારકિર્દીથી નહિ પણ રેટ રેસથી અળગી કરી છે.

અન્ય એક અભિનેતા વિક્રાંત મેસ્સીએ પણ હમણાં આવું જ કંઈક કર્યું. કેટલીક ફિલ્મો અને વેબસીરિઝ કરીને લોકપ્રિયતા પામેલા વિક્રાંતે થોડા સમય માટે વેકેશન લઇ લીધું, જેથી પોતાના બાળકને અને પરિવારને સમય આપી શકે.

બીજા શબ્દોમાં વાત એવી છે, કે આજકાલ લોકોને ખાસ કરીને કારકિર્દીની ટોચે પહોંચેલા યુવાનોને કરિયરની રેટ રેસમાં દોડતા રહેવાની વ્યર્થતા સમજાઈ ગઈ છે. પુષ્કળ કામ અને અઢળક પૈસો કમાઈ લીધા પછી એ બધું માણવા માટેનો સમય જ ન રહેતો હોય તો આટલી બધી શારીરિક-માનસિક મજૂરી કરવાનું કામ જ શું છે? અહીં આળસને પોષવાની વાત નથી, પણ જરૂર પૂરતું કામ કરીને બાકીનો સમય પરિવાર સાથે પોતાની જાત સાથે વિતાવવાની અને જીવનનો સાચો અર્થ પામવાની વાત છે.

આ નિમિત્તે જાપાનમાં શરૂ થયેલા એક ટ્રેન્ડ વિષે જાણવું જોઈએ. જાપાનીઝ પ્રજાની છાપ આખા વિશ્વમાં એક કામઢી પ્રજા તરીકેની છે. બીજા વિશ્વયુદ્ધમાં તબાહ થઇ ગયેલા આ દેશની પ્રજાએ અથાક પરિશ્રમ દ્વારા પોતાના કુટુંબને અને દેશને બેઠા કર્યા, પણ હવે આ કામઢી પ્રજા થાકી છે. હવે એમને મશીનની જેમ કામ કરતા રહેવાને બદલે પોતાને માટે જીવવું છે. નવી પેઢી ધન કમાવાની દોડમાંથી બહાર નીકળીને જીવનમાં ક્વોલિટી ટાઈમ માણવાનું મહત્ત્વ સમજતી થઇ છે. અને આ સમજણ એ હદે ફેલાઈ ગઈ કે જાપાની સમાજમાં 'તાઇશોકુ ડાઇકોઉ' (Taishoku Daikou) નામનો એક વિચિત્ર પ્રકારનો કન્સેપ્ટ પ્રચલિત થઇ ગયો!

### શું છે આ 'તાઈશોકુ ડાઇકોઉ'?

આમ તો દુનિયા આખી જાણે છે તેમ જાપાનીઝ પ્રજા ભારે કામઢી. એમના જીન્સ જ એવા કે સતત કામકાજમાં રચ્યાપચ્યા રહે. હવે આવી પ્રજાને પોતાના માટે થોડો બ્રેક લેવો હોય, કે પછી નાણાં પાછળ દોડવાને બદલે જીવન માણવા થોડો સમય જોઈતો હોય, તો ય એવું જાહેર કરતા શરમાય! કંપનીમાં બોસને કહેવું કેમ, કે મને ઓછો પગાર ચાલશે પણ ઓવરટાઈમ નહિ કરું !

જાપાનીઝ જેન ઝી એટલે કે યુવા નોકરિયાતોની આ સમસ્યાનું સમાધાન કરવા માટે હવે અનેક રાજીનામાં વિશેષજ્ઞ કંપનીઓ અસ્તિત્વમાં આવી ગઈ છે! આ એવી કંપનીઝ છે જે નોકરી છોડવા માગતા યુવાનોને રાજીનામું તૈયાર કરી આપવામાં મદદ કરે છે. એટલું જ નહિ, પણ છૂટા થવા માગતા કર્મચારીને દેશના કાયદાઓને આધીન રહીને મળવાપાત્ર તમામ લાભો મેળવવા અંગે કંપનીના મેનેજમેન્ટ સાથે વાટાઘાટો કરવાનું કામ કરે છે! આ તો જબરું કહેવાય નહિ? આ પ્રકારની કંપનીઝ જાપાનીઝ ભાષામાં 'તાઇશોકુ ડાઇકોઉ' તરીકે ઓળખાય છે.

જાપાનીઝ વર્કકલ્ચરમાં બોસને બહુ મહત્ત્વ અપાય. પ્રાચીન ભારતીય પરિવારોમાં જેમ પિતાની આજ્ઞા શિરોમાન્ય ગણાતી અને પિતાની મરજી વિરુદ્ધ જવું બહુ દુષ્કર ગણાતું, એમ કામઢા જાપાનીઓ પોતાના બોસને બહુ મહત્ત્વ આપે છે. રજા માગતા કે ઓવરટાઈમની ના પાડવામાં એમને બહુ શરમ આવે છે. એમાં જો નોકરી છોડવાની વાત આવે તો તો જાપાનીઓના મોતિયા જ મરી જાય! આવા સંજોગોમાં આખા જાપાનમાં ધડાધડ તાઇશોકુ ડાઇકોઉ કંપનીઝ ખૂલી રહી છે. કર્મચારીના હોદ્દા અને હેસિયત મુજબ ચાર્જ વસૂલતી આ કંપનીઝ બોસ અથવા એચઆરને ફોન/ઈમેઇલ/લેટર દ્વારા રાજીનામાની સૂચના આપે છે, રાજીનામાની તારીખ (ઘણી વખત તાત્કાલિક અથવા પેઇડ લીવ વાપરીને) નક્કી કરે છે. એ ઉપરાંત અન્ય કોઈપણ વાતચીત, કાગળકામ અને જરૂરી પ્રોસેસ હેન્ડલ કરે છે.

હાલમાં આવી એકસો ઉપરાંત કંપનીઝ કાર્યરત છે. એમાં 'એક્ઝિટ' નામક કંપની પાસે તો વર્ષે દસેક હજાર ક્લાયન્ટ્સ આવે છે, જે પોતાની નોકરી છોડીને શાંતિપૂર્વક જીવન વિતાવવા તૈયાર હોય છે.

આ આખી વાત ભારતીયોને બહુ વિચિત્ર જણાશે, પણ જાપાનીઝ હવે કામ કરી કરીને કંટાળ્યા છે. નાણાં ઓછા મળશે તો ચાલશે, પણ પરિવાર અને પોતાની જાતને ભોગે ઓવરટાઈમ નહિ કરવા માટેની એમની ઈચ્છા દિવસે દિવસે બળવત્તર બનતી જાય છે. જાપાન આમેય ઘરડો થઇ રહેલો દેશ છે. જો વસતિના સરેરાશ આયુષ્યની વાત કરીએ તો જાપાનીઝ વસ્તીની સરેરાશ ઉંમર છે પચાસ વર્ષ જે આખા વિશ્વમાં સૌથી વધુ છે.

આવા સમયે વર્કકલ્ચરમાં આવેલ મોટો બદલાવ જાપાનને કેવા સોશિયો-કલ્ચરલ શોક્સ આપશે એ તો હવે આવનારા સમયમાં જ ખબર પડશે. બાકી ભારતની વાત કરીએ તો આપણને કામ છોડવા માટે નહિ પણ કામ કરવા માટેની ભાવના પેદા કરી આપે એવી કંપનીઝની તાતી જરૂર છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મુંબઈ લોકલ ટ્રેનમાં મુસાફરી એટલે યોગથી પણ વિશેષ




હમણાં મુંબઈ કાર્યક્રમ માટે આવેલો અને સામાન્ય રીતે હું ટેક્સી કરી અને કાર્યક્રમના સ્થળ પર જતો હોઉં છું. તે દિવસે લોકલ ટ્રેનમાં મુસાફરી કરી. કુંભના મેળામાં જેટલી ભીડ ન હોય તેનાથી વધારે લોકલ ટ્રેનમાં ભીડ હોય છે.

ચારે'ક ટ્રેન પછી એક ટ્રેનમાં દરવાજે ઊભો રહ્યો અને આપોઆપ લોકોએ મને ઉપર ચડાવી દીધો. સામેવાળા મુસાફરના કાર્બન ડાયોક્સાઇડથી મારા ફેફસાં ભરાઈ ગયાં. મારું સ્ટેશન નીકળી ગયું ત્યારબાદના ત્રીજા સ્ટેશને હું દરવાજા સુધી પહોંચી શક્યો અને ધક્કો મારી આપોઆપ નીચે ઉતારી દીધો. નીચે ઊતરીને જોયું તો મારા ઝભ્ભાની એક બાંય જ ન હતી. બીજી લોકલ માં રહી ગઈ હતી. આ મુસાફરી દરમિયાન મને એમ થયું કે મુંબઈવાળા લોકોએ યોગ કરવા ના જોઈએ. લોકલ ટ્રેનની મુસાફરી એ એક યોગાથી કમ નથી.

રોજ મુસાફરી કરનાર સામાન્ય મુસાફર નથી. એ 'યોગી' છે. અને એ પણ એવા યોગી કે જેમને મેટની જગ્યાએ અખબાર, પાણીની બોટલ અને બેગનો પટ્ટો પૂરતો છે. લોકલ ટ્રેનના વિવિધ પ્રકાર હોય છે, જેમકે...

**'ધક્કાસન'**: લોકલનું રાજઆસન. ટ્રેન પ્લેટફોર્મ પર આવે એટલે ભીડનું એક સૂક્ષ્મ કંપન થાય. કોઈ વૈજ્ઞાનિક તેને 'વાઇબ્રેશન' કહે, પણ મુંબઈકર જાણે છે કે આ છે ધક્કાસનની શરૂઆત. પાછળથી એક ભાઈ હળવે ધક્કો આપે, તમે આગળ વધો; તમે આગળના ભાઈને ધક્કો આપો.એવું સાંકળબદ્ધ યોગ. અહીં કોઈ ગુસ્સે થતું નથી. કારણ કે બધા જાણે છે. આ ધક્કો વ્યક્તિગત નથી, આ તો પરંપરા છે!

**'બેગપ્રહાર પ્રાણાયામ'**: નવો મુસાફર હોય તો પીઠ પર બેગ હોય અને કુશળ યોદ્ધા મુસાફર હોય તો છાતીએ બેગ લગાડી હોય. અને આગળ ઊભેલા મુસાફર સાથે બેગનો સ્નેહસભર સંપર્ક થાય તે સમયે શ્વાસ રોકીને સ્મિત કરવું એ જ સાચું પ્રાણાયામ.

એક ભાઈની બેગ તમારા પેટમાં, તમારી બેગ બીજા ભાઈના ખભા પર. આ છે 'સામૂહિક કનેક્ટિવિટી'. આનાથી તો Wi-Fi પણ શરમાઈ જાય.

**'મોબાઇલ ધ્યાનમુદ્રા'**: દરેક મુસાફરનો ચહેરો મોબાઇલમાં ગાઢ તલ્લીન. ભીડમાં ઊભા રહીને એક હાથમાં ફોન, બીજા હાથથી રોડ પકડીને રીલ જોવી આ બહુ ઊંચું ધ્યાન છે. આસપાસ કેટલો પણ હોબાળો હોય, નોટિફિકેશનનો અવાજ જ સાચો 'ઓમકાર' છે. ક્યારેક નેટવર્ક ગાયબ થાય તો આંખો ખુલે. આને કહે અચાનક જ્ઞાનપ્રાપ્તિ.

**'સીટસાધના'**: સીટ મળે તો મનમાં જે આનંદ થાય તે કોઈ યોગાશ્રમમાં નહીં મળે, પરંતુ આ આનંદ ક્ષણિક છે. આગળના સ્ટેશન પર કોઈ ભાઈ આંખોમાં આશા લઈને પૂછેઃ 'ઉતરશો?'

જો તમે 'હા' કહો તો તે તરત જ અર્ધબેસાસનમાં આવી જાય. એક ચોથાઈ સીટ પર પહેલેથી જ સ્થિર. અને જો તમે 'ના' કહો તો તેની આંખોમાં જે નિરાશા દેખાય. તે જ જીવનનો સાચો વૈરાગ્ય પાઠ છે.

**'લટકાસન'** : એડવાન્સ લેવલ, દરવાજા પાસે ઊભા રહી બહાર લટકતા મુસાફરોને જોતા વિદેશી યોગ ગુરુઓને ચક્કર આવી જાય. પણ અહીંના યોગી માટે આ રોજનું આસન છે. એક હાથ રોડ પર, એક હાથ બેગ પર, પગ અંદર અને દિલ બહાર. આ સંતુલન માટે આત્મવિશ્વાસ જોઈએ.

કોઈ પૂછેઃ 'ડર નથી લાગતો?'

મુંબઈકર હસીને કહેઃ 'ડર માટે ટાઈમ ક્યાં છે?'

**'વરસાદી યોગ'**: જ્યારે Mumbaiમાં વરસાદ પડે ત્યારે ટ્રેનમાં ખાસ સીઝનલ કોર્સ શરૂ થાય. ભીના કપડાં, છત્રીનો ટકરાવ અને ચપ્પલમાંથી નીકળતો સ્વર. આ બધું સાથે લઈને 'ધૈર્ય આસન' કરવું પડે. પ્લેટફોર્મ પર પાણી ભરાય તો લોકો ધીમે ચાલે. આ છે સ્લો મોશન ધ્યાનવોક.

**'ડબ્બાખોલ'**: ટિફિન ખૂલતાં જ આસપાસ સુગંધ ફેલાય. કોઈનું પરાઠું, કોઈનો ઉપમા, કોઈના ઢોકળા આ છે 'લાળ ગ્રંથિ ઉત્તેજક યોગ' પછી શરૂ થાય ચર્ચાઃ શેરબજારથી લઈને સાસુ-વહુ સુધી. એક જ ડબ્બામાં અર્થશાસ્ત્રી, રાજકારણી અને ફિલ્મ સમીક્ષક. આ સમૂહ ચર્ચા દરમિયાન શરીર ભીડમાં ફસાયેલું હોય,પણ મન વિશ્વભરમાં ફરતું રહે આને જ તો મનમુક્ત આસન કહે.

**'સમયતત્ત્વ યોગ'**: ટ્રેન બે મિનિટ લેટ થાય તો ઘડિયાળ તરફ જોવાની ક્રિયા. આ છે 'અધૈર્ય આસન', પરંતુ ૨૦ મિનિટ લેટ થાય તો બધાના ચહેરા પર શાંતિ. હવે તો કશું કરી શકાય નહીં. આ છે 'સ્વીકારાસન'. જીવનમાં જે કાબૂમાં ન હોય તેને સ્વીકારી લેવું. લોકલ આપણને રોજ શીખવે છે.

**'અંતિમ મુક્તિ અર્થાત્ ઉતરાસન'**: તમારું સ્ટેશન નજીક આવે એટલે અંદરથી ઊર્જાનો વિસ્ફોટ થાય. સાઈડ સાઈડ બોલતા બોલતા દરવાજા સુધી પહોંચવું. આ જ છે 'મુક્તિનો માર્ગ'. બહાર પગ મૂકતાં જે હળવાશ અનુભવો. તે કોઈ હિમાલયમાં જઇને પણ નહીં મળે, કારણ કે અહીં તમે ભીડમાં રહીને સંતુલન શીખ્યા, ધક્કામાં રહીને ધૈર્ય શીખ્યું અને સીટ વગર રહીને સમતા શીખી.

જિમમાં ટ્રેનર પૈસા લઈને કહેઃ 'ફિટ રહો.'

લોકલમાં જીવન મફતમાં કહેઃ 'એડજસ્ટ કરો અને ફિટ રહો.'

**વિચારવાયુ**

*યોગ મેટ છોડો, લોકલ પકડો!*

# ભારતે આવતી કાલે બે કોણીવાળા વિવાદાસ્પદ પાકિસ્તાની સ્પિનરથી ખૂબ ચેતવુંઃ જાણો, શું તેનો વિવાદ...

### ઉસ્માન તારિક કહે છે, ‘પાકિસ્તાનમાં બે વખત મારી બોલિંગ ઍક્શનને મંજૂરી મળી છે’

કોલંબોઃ આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપમાં દરરોજ ત્રણ-ત્રણ મૅચ રમાય છે, પણ આવતી કાલની ભારત-પાકિસ્તાન મૅચની જ સર્વત્ર ચર્ચા છે અને એમાં પણ બે દિવસથી પાકિસ્તાનના ૨૮ વર્ષની ઉંમરના રાઇટ-આર્મ ઑફ-સ્પિનર ઉસ્માન તારિકની જ વાતો થાય છે અને એનું કારણ છે તેની વિચિત્ર બોલિંગ ઍક્શન.

૧૦મી ફેબ્રુઆરીએ કોલંબોમાં અમેરિકા સામે પાકિસ્તાનની જીતનો પાયો ઓપનર સાહિબઝાદા ફરહાન (૭૩ રન)એ નાખ્યો હતો, પરંતુ પાકિસ્તાનને જિતાડવામાં તારિક (૪-૦-૨૭-૩)નું પણ મોટું યોગદાન હતું. તેણે મિલિન્દ કુમાર (૨૯ રન), હરમીત સિંહ (૭ રન) અને મોહમ્મદ મોહસિન (૦)ની વિકેટ લીધી હતી અને બીજા કેટલાક બૅટ્સમેનોને કાબૂમાં રાખ્યા એ પાછળનું સૌથી મોટું કારણ એ હતું કે તારિકની બોલિંગ-ઍક્શનને અને તેના સ્પિનને અમેરિકાના બૅટ્સમેનો બરાબર સમજી જ નહોતા શક્યા.





### તારિકની સ્ટૉપ-સ્ટાર્ટની બોલિંગ-ઍક્શન

પાકિસ્તાનના ઑફ-સ્પિનર ઉસ્માન તારિકની કઢંગી બોલિંગ-ઍક્શનને શ્રીલંકાના ભૂતપૂર્વ ઑફ-સ્પિનર મુથૈયા મુરલીધરન સાથે સરખાવવામાં આવી રહી છે. તારિકની બોલિંગવાળા જમણા હાથની રચના જ વિચિત્ર છે. તેના એ હાથમાં બે કોણી છે જેને લીધે તે હાથ પૂરેપૂરો સ્ટ્રેઇટ નથી કરી શક્તો. વાત માત્ર અહીં નથી અટકતી. તે ડાબી દિશામાંથી ટૂંકો રન-અપ લઈને સ્ટમ્પ્સ નજીક આવે છે અને પછી એક-બે ક્ષણ માટે થંભી જાય છે જેને લીધે બૅટ્સમૅન મૂંઝાઈ જાય છે. આવી સ્ટૉપ-સ્ટાર્ટ બોલિંગ-ઍક્શનને લીધે તે કેવા પ્રકારનો બૉલ ફેંકશે એ તો બૅટ્સમૅન પારખી નથી શકતો, તે કઈ ક્ષણે બૉલ રિલીઝ કરશે એનો પણ બૅટ્સમૅનને ચોક્કસ અંદાજ નથી આવતો. તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના કૅમેરન ગ્રીનની તારિકે વિકેટ લીધી ત્યાર બાદ ગ્રીને પાછા જતી વખતે બાઉન્ડરી લાઇન નજીક આક્રોશ ઠાલવ્યો હતો અને સાથી ખેલાડીને હાથના ઇશારાથી જણાવ્યું હતું કે તારિકની બોલિંગ-ઍક્શન નિયમની બહાર છે.

### ભારતે કેમ સાવધ રહેવું પડશે?

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે આ વખતના વર્લ્ડ કપમાં અમેરિકા સામે થોડો સંઘર્ષ કરવાની સાથે પહેલી બન્ને મૅચ જીતી લીધી છે, પરંતુ એકંદરે ટીમ ઇન્ડિયા આસાનીથી આગળ વધી રહી છે. જોકે સ્પિન બોલિંગ સામે રમવામાં ભારતીય બૅટ્સમેનો આ વખતે થોડા નબળા લાગી રહ્યા હોવાથી તેમણે ખાસ કરીને વિચિત્ર બોલિંગ-ઍક્શનવાળા ઉસ્માન તારિકના સ્પિન સામે ચેતવું પડશે. તે નેધરલૅન્ડ્સ સામેની પહેલી મૅચમાં તો નહોતો, પરંતુ પછીથી અમેરિકા સામે તેણે ત્રણ વિકેટ લીધી હતી.

### શનિવારે વર્લ્ડ કપમાં કયા મુકાબલા થશે?

**આયરલૅન્ડ-ઓમાન**
(કોલંબો, સવારે ૧૧.૦૦)

**ઇંગ્લૅન્ડ-સ્કૉટલૅન્ડ**
(કોલકાતા, બપોરે ૩.૦૦)

**ન્યૂ ઝીલૅન્ડ-સાઉથ આફ્રિકા**
(અમદાવાદ, સાંજે ૭.૦૦)

# છ ફૂટ આઠ ઇંચ ઊંચા મુઝરબાની સામે ઑસ્ટ્રેલિયા ઝૂક્યું

કોલંબોઃ અહીં શુક્રવારનો દિવસ ઝિમ્બાબ્વેનો હતો અને આ વખતના વર્લ્ડ કપમાં નાના દેશોની ટીમ મોટા ક્રિકેટ-રાષ્ટ્રોને પોતાની તાકાત બતાવી રહ્યા છે એમાં સિકંદર રઝાની આ ટીમનો કિસ્સો લેટેસ્ટ છે અને એમાં ૨૯ વર્ષના રાઇટ-આર્મ મિડિયમ પેસ બોલર બ્લેસિંગ મુઝરબાનીની ભૂમિકા મુખ્ય હતી. એક તો તેની હાઇટ છ ફૂટ આઠ ઇંચ છે અને એમાં તે હાથ ઊંચો કરીને બૉલ ફેંકે એટલે ઑસ્ટ્રેલિયાના બૅટ્સમેનો સામે લગભગ ૯થી ૧૦ ફૂટની ઊંચાઈએથી બૉલ આવ્યા હતા અને તેઓ તેની સામે મૂંઝાઈ ગયા હતા.

કોણ જાણે બ્લેસિંગ મુઝરબાનીને કોના આશીર્વાદ (બ્લેસિંગ્સ) મળ્યા હશે કે તેણે ૨૦૨૨ની સીઝનના વર્લ્ડ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને ઝૂકવા મજબૂર કરી દીધા. મુઝરબાનીએ ૧૭ રનમાં ચાર વિકેટ લીધી હતી અને ૮૫ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સની કરીઅરમાં તેનો આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે.

મૅન ઑફ ધ મૅચ મુઝરબાનીએ જૉશ ઇંગ્લિસ (આઠ રન), ટિમ ડેવિડ (૦), મૅટ રેન્શૉ (૬૫ રન) અને ઍડમ ઝૅમ્પા (બે રન)ની વિકેટ લીધી હતી. તેણે પોતાની પ્રથમ ઓવરના પહેલા બૉલમાં, બીજી ઓવરના બીજા બૉલમાં અને છેલ્લે ઇનિંગ્સની ૧૯મી ઓવરના ચોથા તથા છઠ્ઠા બૉલમાં વિકેટ લીધી હતી.

**૨૯ રનમાં ચાર વિકેટ ગુમાવી**

ઝિમ્બાબ્વેએ બે વિકેટે ૧૬૯ રન કર્યા બાદ ઑસ્ટ્રેલિયાએ શરૂઆતથી જ ધબડકો જોયો હતો.



મૅન ઑફ ધ મૅચ મુઝરબાની

૨૯ રનમાં કાંગારુઓની ચાર વિકેટ પડી ગઈ હતી. એમાં જૉશ ઇંગ્લિસ (૮), કૅમેરન ગ્રીન (૦), ટિમ ડેવિડ (૦) અને કાર્યવાહક કૅપ્ટન ટ્રૅવિસ હેડ (૧૭)નો સમાવેશ હતો. ઑસ્ટ્રેલિયાનો દાવ ૧૪૬ રનમાં સમેટાઈ ગયો હતો અને ઝિમ્બાબ્વેએ ૨૩ રનથી વિજય મેળવ્યો હતો.

**મૅક્સવેલ-રેન્શૉની ૭૭ રનની ભાગીદારી**

જોકે મેક્સવેલ અને રેન્શૉની જોડીએ પાંચમી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી કરી હતી. એ તબક્કે ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૪/૧૦૬ હતો અને કાંગારુઓની ટીમ સારી સ્થિતિમાં હતું. જોકે ૧૦૬ રનના સ્કોર પર મેક્સવેલ (૩૧ રન) આઉટ થઈ જતાં ભૂતપૂર્વ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા પાછું મુસીબતમાં મુકાઈ ગયું હતું. રેન્શૉ (૬૫ રન) સાથે સ્ટોઈનિસ (૭ રન) જોડાયો હતો. જોકે ત્યારે વેલિંગ્ટન માસાકાદ્ઝા ત્રાટક્યો હતો અને તેણે સ્ટોઇનિસને પૅવિલિયન ભેગો કર્યો એ સાથે ઑસ્ટ્રેલિયાની આશા પર પાણી લગભગ ફરી વળ્યું હતું. મુઝરબાનીએ સૌથી વધુ ચાર અને ફાસ્ટ બોલર બ્રૅડ ઇવાન્સે ત્રણ વિકેટ લીધી હતી. ઝિમ્બાબ્વેએ સાત બોલરને આક્રમણ પર મૂકીને ઑસ્ટ્રેલિયાને છેવટે પરાજયનો દરવાજો દેખાડી જ દીધો હતો.

**ઓપનર બેનેટે જીતનો પાયો નાખ્યો હતો**

એ પહેલાં, ઝિમ્બાબ્વેએ ૨૦ ઓવરમાં માત્ર બે વિકેટે ૧૬૯ રન કર્યા પછી ઑસ્ટ્રેલિયા મોટી મુસીબતમાં મુકાઈ ગયું હતું. ચારેય બૅટ્સમેને નાનું-મોટું યોગદાન આપ્યું હતું. ઓપનર બ્રાયન બેનેટ (૬૪ અણનમ, ૫૬ બૉલ, સાત ફોર), વિકેટકીપર ટૅડિવાનાશે મરુમની (૩૫ રન, ૨૧ બૉલ, સાત ફોર), રાયન બર્લ (૩૫ રન, ૩૦ બૉલ, ચાર ફોર) અને કૅપ્ટન સિકંદર રઝા (પચીસ અણનમ, ૧૩ બૉલ, એક સિક્સર, બે ફોર)ને ઑસ્ટ્રેલિયાના સાત-સાત બોલર સસ્તામાં આઉટ નહોતા કરી શક્યા. ફક્ત માર્કસ સ્ટોઇનિસ અને કૅમેરન ગ્રીનને એક-એક વિકેટ મળી હતી.

# દિલ્હીમાં ભારત અને પાકિસ્તાન મૂળના ક્રિકેટરોએ યુએઇને વિજય અપાવ્યો

નવી દિલ્હીઃ ભારત-પાકિસ્તાન વચ્ચે રવિવાર, ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ખરાખરીનો જંગ ખેલાવાને ગણતરીના કલાકો બાકી છે ત્યારે દિલ્હીમાં મૂળ આ બન્ને દેશના ખેલાડીઓએ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ની ટીમને શુક્રવારે કૅનેડાને ટી-૨૦ વર્લ્ડ કપની ગ્રૂપ-ડીની મૅચમાં રોમાંચક વિજય અપાવ્યો હતો. કૅનેડાએ બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૦ રન કર્યા હતા જેના જવાબમાં યુએઇએ ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૧ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

યુએઇની આ જીતમાં ભારતીય મૂળના આર્યંશ શર્મા તથા સોહેબ ખાન તેમ જ પાકિસ્તાની મૂળના જુનૈદ સિદ્દિકના યોગદાન હતા. યુએઇએ આ ટૂર્નામેન્ટમાં બેમાંથી એક મૅચમાં વિજય મેળવ્યો છે.

પહેલાં તો કૅનેડાને ૭/૧૫૦ સુધી સીમિત રખાવવામાં મૅન ઑફ ધ મૅચ પેસ બોલર જુનૈદ સિદ્દિકનું સૌથી મોટું યોગદાન હતું. ત્યાર બાદ યુએઇના ૫/૧૫૧ના સ્કોરમાં ઓપનર-વિકેટકીપર આર્યંશ શર્મા (૭૪ અણનમ, ૫૩ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) અને બિહારમાં જન્મેલા સોહેબ ખાન (૫૧ રન, ૨૯ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર)નો સૌથી મોટો ફાળો હતો. કૅનેડાના બોલર સાદ બિન ઝફરે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

# ઑસ્ટ્રેલિયામાં પાકિસ્તાનના હૉકી ખેલાડીઓ ‘રસ્તા પર આવી ગયા!’

કરાચીઃ ક્રિકેટ અને હૉકી સહિત ખેલકૂદ ક્ષેત્રે પાકિસ્તાનને મોટી મોટી ડંફાસ મારવાની અને બીજા દેશોના ખેલ બગાડવાની ખરાબ આદત છે, પરંતુ તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં પાકિસ્તાનના જ હૉકી ખેલાડીઓ સાથે જે બની ગયું એ આખા દેશ માટે આઘાતજનક અને શરમજનક છે. ઑસ્ટ્રેલિયા પહોંચ્યા બાદ પાકિસ્તાનના હૉકી ખેલાડીઓએ થોડા કલાકો રસ્તા પર જ વીતાવવા પડ્યા હતા.

તાજેતરમાં પાકિસ્તાનના હૉકી પ્લેયર્સ ઑસ્ટ્રેલિયાના પાટનગર કૅનબેરામાં પહોંચ્યા ત્યારે આ ઘટના બની હતી. પાકિસ્તાન હૉકી ફેડરેશનનું મેનેજમેન્ટ સમયસર બિલના પેમેન્ટ નહોતું કરી શક્યું એટલે ખેલાડીઓએ શરમજનક હાલત ભોગવવી પડી હતી. આ હૉકી ખેલાડીઓના હોટલનાં બુકિંગ રદ થઈ ગયાં હતાં. તેમણે સામાન સાથે રોડ પર આમથી તેમ ભટકવું પડ્યું હતું. પછીથી ઑસ્ટ્રેલિયામાં રહેતા કેટલાક પાકિસ્તાનીઓએ ખેલાડીઓને મદદ કરી હોવાનું જાણવા મળ્યું હતું. અગાઉ આર્જેન્ટિનામાં પણ પાકિસ્તાની હૉકી ખેલાડીઓ સાથે આવી ઘટના બની હતી. ઑસ્ટ્રેલિયા સામેની મૅચમાં તેઓ ૨-૩થી હાર જોવી પડી હતી.

# અમેરિકાએ નેધરલૅન્ડ્સને હરાવીને એનું ત્રીજું સ્થાન આંચકી લીધું

ચેન્નઈઃ મોનાંક પટેલના સુકાનમાં અમેરિકાએ શુક્રવારે અહીં નેધરલૅન્ડ્સને ૯૩ રનથી હરાવી દીધું હતું અને પૉઇન્ટ્સ-ટેબલમાં એનું ત્રીજું સ્થાન આંચકીને એને ચોથા નંબર પર મોકલી દીધું હતું અને સુપર-એઇટની આશા જીવંત રાખી હતી. ટી-૨૦માં નેધરલૅન્ડ્સ સામે અમેરિકાનો આ પ્રથમ વિજય હતો. અમેરિકાએ છ વિકેટે ૧૯૬ રન કર્યા બાદ સ્કૉટ એડવર્ડ્સની ટીમને ૧૫.૫ ઓવરમાં ૧૦૩ રનના સ્કોર પર ઑલઆઉટ કરી હતી.

લેફ્ટ-આર્મ સ્પિનર હરમીત સિંહે ચાર વિકેટ લીધી હતી. હરમીતને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. એ પહેલાં, અમેરિકાના સાઇતેજા મુક્કમલ્લા (૭૯ રન, ૫૧ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર), શુભમ રાંજણે (૪૮ અણનમ, ૨૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ સૌથી વધુ રન બનાવી હતા.

## સિટી ન્યૂઝ

# પરમબીર સિંહ ભ્રષ્ટાચારમાં ફસાયેલા હોવાથી પદભ્રષ્ટ કરાયાઃ અનિલ દેશમુખ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે શુક્રવારે દાવો કર્યો હતો કે મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમ બીર સિંહ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હતા. તેમણે કથિત લાંચ અને ગેરવર્તણૂકના આરોપસર લીલાવતી હોસ્પિટલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પરથી તેમને દૂર કરવાનો ઉલ્લેખ કર્યો હતો.

જોકે, પરમબીર સિંહે તેમના પરના આરોપોને નકારી કાઢ્યા છે અને લીલાવતી હોસ્પિટલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે તેમને હટાવવાના નિર્ણયને મુંબઈ ચેરિટી કમિશનર સમક્ષ પડકાર્યો છે.

અહેવાલો અનુસાર લીલાવતી હોસ્પિટલના એક વરિષ્ઠ કર્મચારીએ મેનેજમેન્ટને ફરિયાદ કરી હતી કે સિંહે પ્રમોશન મેળવવા માટે લાંચ માગી હતી. આ ફરિયાદની નોંધ લઈ હોસ્પિટલ વહીવટીતંત્રે આંતરિક તપાસ હાથ ધરી પાંચમી ફેબ્રુઆરીએ સિંહને તેમના પદ પરથી દૂર કરવાનો નિર્ણય લીધો હતો.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં દેશમુખે કહ્યું હતું કે પોતે ગૃહ પ્રધાન હતા ત્યારે પરમબીર સિંહે તેમની સામે ‘ખોટા આરોપો’ મૂક્યા હતા. તેમને બદનામ કરવાના ષડયંત્રના ભાગ રૂપે આ પ્રમાણે કરવામાં આવ્યું હતું.

એનસીપી (એસપી) નેતાએ દાવો કર્યો હતો કે લીલાવતી હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને ડોકટરોએ સિંહ સામે ગંભીર આરોપો કર્યા છે જેમાં તેમણે પ્રમોશન માટે ઘણા ડોકટરો પાસેથી ૨૫ લાખ રૂપિયાની લાંચ માંગી હોવાનો પણ સમાવેશ થાય છે. (પીટીઆઈ)

# જગન્નાથ શંકરશેટની જન્મજયંતી ઉત્સાહભેર ઉજવાઇ

### ગિરગામની અમૃતેશ્વર હાઉસિંગ સોસાયટીમાં નાનાપ્રેમીઓ ઉમટ્યા

મુંબઈઃ મુંબઈના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનારા જગન્નાથ (નાના) શંકરશેટની ૨૨૩મી જન્મજયંતી મંગળવારે ગિરગામમાં જગન્નાથ શંકરશેટ માર્ગ પર આવેલી અમૃતેશ્વર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના પરિસરમાં ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં રહેવાસીઓ એકઠા થયા હતા.

૨૨૩મી જન્મજયંતી ઉત્સાહભેર ઉજવવા નાના શંકરશેટની પાંચમી પેઢી હાજર રહી હતી.



સુરેન્દ્ર શંકરશેટ, જયપાલ શંકરશેટ, ઉદય શંકરશેટ, સુશિલ શંકરશેટ, અમર શંકરશેટ, પદ્મિની શંકરશેટ સહિત અન્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

દરમિયાન નાના શંકરશેટની જન્મજયંતીની ઉજવણીમાં હાજર રહેલા પ્રકાશ ચિખલીકરે જણાવ્યું હતું કે આજે હું જગન્નાથ શંકરશેટની જન્મજયંતી નિમિત્તે અહીં આવી ખૂબ ખુશ છું. મારી પત્ની મૃદુલા ચિખલીકર જે પહેલા મૃદુલા ભાલચંદ્ર શંકરશેટ હતી, તે નાનાની પાંચમી પેઢીમાંથી છે.

તેના પિતા ભાલચંદ્ર શંકરશેટ જસ્ટિસ ઓફ પીસ અને મ્યુનિસિપલ કાઉન્સિલર હતા. તેમણે મને શંકરશેટનું જીવનચરિત્ર આપ્યું હતું. બાદમાં મને ખ્યાલ આવ્યો કે નાના કેટલા મહાન હતા. તેઓ મુંબઇના ખરા શિલ્પકાર છે. જગન્નાથ શંકરશેટ, જીજુ ભાઇ અને ગુજરાતી લોકોએ મળીને મુંબઈના નિર્માણમાં ફાળો આપ્યો છે.

# આયર્ન ટેબ્લેટ્સ વધુ પડતી લેવાને કારણે ૧૯ વિદ્યાર્થી હૉસ્પિટલમાં

ચંદ્રપુરઃ માર્ગદર્શન વિના એન્ટિ-એનિમિયા ટેબ્લેટ્સના વધુપડતા ડોઝ લેવાને કારણે સ્વાસ્થ્ય લથડતાં ચંદ્રપુરની જિલ્લા પરિષદની શાળાના ૧૯ વિદ્યાર્થીને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટના બુધવારે ભદ્રાવતી તહેસીલના ભામદેલી ગામમાં આવેલી શાળામાં બની હતી. આ ઘટનાની તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓને દર સોમવારે આયર્ન (લોહતત્ત્વ)ની ટેબ્લેટ્સ આપવામાં આવે છે. જોકે મંગળવારે શિક્ષકની ગેરહાજરીમાં જિલ્લા પરિષદની શાળાના અમુક વિદ્યાર્થીઓએ વધુપડતી દવા લીધી હોવાનું અધિકારીનું કહેવું છે.

શાળાના ૧૯ વિદ્યાર્થીને બુધવારની રાતે ઊબકા અને ચક્કર આવતાં માંડતાં તેમનું સ્વાસ્થ્ય ઘણું જ નબળું પડવા લાગ્યું હતું. શાળા પ્રશાસન દ્વારા એમ્બ્યુલન્સ બોલાવીને વિદ્યાર્થીઓને ચંદ્રપુરની ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એવું જિલ્લા પરિષદના ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફિસર અશોક કતારેએ જણાવ્યું હતું.

ડૉક્ટરોના કહેવા અનુસાર ઉપચાર પછી ૧૬ વિદ્યાર્થીનું સ્વાસ્થ્ય સુધારા પર છે. ત્રણને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લા પરિષદના એક્ઝિક્યુટિવ ઑફિસર પુલકિત સિંહે આ મામલે ઉચ્ચ સ્તરની તપાસનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રના આ ગામમાં દારૂબંધી માટે થયું મતદાન

મુંબઈઃ મહારાષ્ટ્રના વાશિમ જિલ્લાના બ્રહ્મા ગામમાં દારૂબંધીના પક્ષમાં મતદાન થયું. આ મતદાનમાં મહિલાઓએ નિર્ણાયક ભૂમિકા ભજવી ગામની કાયાપલટ કરી દીધી. મહિલાઓના પ્રચંડ સમર્થન સાથે સોમવારે થયેલા ઐતિહાસિક મતદાનમાં ગામમાં સ્થિત વાઇન શોપ-બારનું લાઇસન્સ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

દારૂબંધીના મુદ્દા પર થયેલા મતદાનમાં દારૂબંધીની તરફેણમાં ૫૨૩ મત પડ્યા, જ્યારે દારૂના વેચાણના પક્ષમાં માત્ર ૧૪ મત પડ્યા. સોળ મત અમાન્ય જાહેર કરવામાં આવ્યા. સ્પષ્ટ બહુમતી સાથે દારૂબંધીના પક્ષમાં નિર્ણય આવતાં ગામ આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું.

જિલ્લા પરિષદ શાળામાં બે મતદાન કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા હતા. સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન શાંતિપૂર્ણ રીતે થયું. ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદાર એચ.એસ. આડેએ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું.

# ટાઈગર પૉઈન્ટ પરથી એન્જિનિયરની આત્મહત્યાઃ પાંચ વિરુદ્ધ ગુનો

### અંતિમ પગલું ભરતાં પૂર્વે પત્ની, મિત્રો અને પરિચિતને મેસેજ-વીડિયો મોકલાવ્યા

પુણેઃ પુણેમાં બનેલી આંચકાજનક ઘટનામાં માનસિક ત્રાસથી કંટાળી એન્જિનિયરે લોનાવલાના ટાઈગર પૉઈન્ટ પરથી પડતું મૂકી જીવ ટૂંકાવ્યું હતું. અંતિમ પગલું ભરતાં પૂર્વે તેણે પત્ની, મિત્રો અને પરિચિતને મેસેજ-વીડિયો મોકલાવી પોતાની વ્યથા વ્યક્ત કરી હોવાનું કહેવાય છે.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ બાણેરની આઈટી કંપનીમાં કામ કરતા એન્જિનિયર વીરેન્દ્ર સિંહા તરીકે થઈ હતી. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે પત્ની રિયા સાથે થયેલા વિવાદ પછી વીરેન્દ્ર તેની કારમાં ગુરુવારની રાતે લોનાવલા પહોંચ્યો હતો. ટાઈગર પૉઈન્ટ ખાતે આવીને તેણે પત્નીનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સંપર્ક થઈ શક્યો નહોતો. કહેવાય છે કે પત્નીના મોબાઈલ પર એક મેસેજ અને વીડિયો મોકલાવી વીરેન્દ્રએ પોતાની વ્યથા જણાવી હતી. આ જ મેસેજ તેણે મિત્રો અને પરિચિતને પણ મોકલાવ્યા હતા. છેલ્લે તેણે એક પરિચિતને મેસેજ મોકલાવ્યો હતો, જેમાં તેની કાર ટાઈગર પૉઈન્ટ પાસે ઊભી હોવાની જાણ કરી હતી. કારની ચાવી ટાયર નીચે અને મોબાઈલ કારમાં હોવાનું પણ જણાવ્યું હતું. વહેલી સવારે રિયાએ મેસેજ વાંચ્યો ત્યારે તેને આંચકો લાગ્યો હતો. રિયા અને વીરેન્દ્રના મિત્રો તાત્કાલિક લોનાવલા પહોંચ્યાં હતાં. વીરેન્દ્રની કાર ટાઈગર પૉઈન્ટ પર હતી, પરંતુ વીરેન્દ્રની કોઈ ભાળ મળતી નહોતી. આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.

કહેવાય છે કે વીરેન્દ્રએ મળસકે ખીણમાં પડતું મૂક્યું હતું. પોલીસ અને રેસ્ક્યૂ ટીમની મદદથી પાંચ કલાક ચાલેલા સર્ચ ઑપરેશન પછી તેનો મૃતદેહ મળ્યો હતો. વીરેન્દ્રએ એક વીડિયો કંપનીના વરિષ્ઠ અધિકારીને મેઈલ કર્યો હતો, જેમાં કામના સ્થળે અપાતા ત્રાસનો ઉલ્લેખ કરાયો હતો.

# નવા અને ગૌરવપૂર્ણ ઘરની આશા રાખી રહ્યા છે ધારાવીકરો

મુંબઈઃ ધારાવીની સાંકડી ગલીઓમાં જ્યાં જીવન હંમેશા સખત મહેનત અને આશાના લયમાં આગળ વધતું રહ્યું છે, ત્યાં એક નવી લાગણી શાંતિથી આકાર લઈ રહી છે. જેમ જેમ ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ ગતિ પકડી રહ્યો છે, રહેવાસીઓ એવી વસ્તુનું સ્વપન જોઈ રહ્યા છે જેની તેઓ લાંબા સમયથી રાહ જોતા હતા - એક એવું ઘર જેની તેઓ આખરે પોતાનું કહી શકે.

દાયકાઓથી અહીંના પરિવારો દીવાલો, પાણીની લાઇનો અને ચિંતાઓ વહેંચતા ચુસ્ત ઘરોમાં રહે છે, પરંતુ આજે તેમની સાથે વાત કરો અને તમને એક અલગ સ્વર સાંભળવા મળશે - અપેક્ષા અને ગર્વથી ભરેલું. ૫૨ વર્ષીય સામાજિક કાર્યકર ઝુબેદા ખાન કહે છે, અમારું નવું ઘર અમારી નવી શરૂઆત હશે. અમે યોગ્ય વેન્ટિલેશન, બારીઓમાંથી સૂર્યપ્રકાશ અને એક સુરક્ષિત સ્થળ ઇચ્છીએ છીએ જ્યાં અમારા બાળકો શાંતિથી અભ્યાસ કરી શકે. તે અમારું સ્વપન છે.‘‘

રહેવાસીઓ કહે છે કે તેમનું ‘વેલેન્ટાઇન હોમ’ વૈભવી નથી પરંતુ ગૌરવ વિશેષ છે. તેઓ સ્વચ્છ સીડી, કાર્યરત લિફ્ટ, સુરક્ષિત દરવાજા અને અલગ રસોડાની કલ્પના કરે છે. માતાઓ ટાઇલ્સવાળા ફ્લોર વિશે વાત કરે છે જે સાફ કરવામાં સરળ હોય છે, પિતા સ્થિર વીજળી અને પાણી પુરવઠાની આશા રાખે છે અને બાળકો બાલ્કનીઓનું સ્વપન જુએ છે જ્યાં તેઓ છોડ ઉગાડી શકે અથવા ફક્ત આકાશ તરફ જોઈ શકે.

# અતિક્રમણ વિરોધી ઝુંબેશ વખતે પાલિકાના કર્મચારીઓને રોકવાનો આરોપઃ શખસ નિર્દોષ

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન પાલિકાના કર્મચારીઓને રોકવાના આરોપમાંથી શખસને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ આરોપ પુરવાર કરવા માટે વિશ્ર્વસનીય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયો હતો.

એડિશનલ સેશન્સ જજ જી.ટી. પવારે બુધવારે હેમંત તાનાજી મહાલેને નિર્દોષ જાહેર કર્યો હતો, જેની વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૩ (સરકારી કર્મચારીને ફરજ બજાવવાથી રોકવા માટે હુમલો અથવા ગુનાહિત બળ) તથા મહારાષ્ટ્ર રિજનલ ટાઉન પ્લાનિંગ (એમઆરટીપી) એક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

થાણે પાલિકાના વરિષ્ઠ અધિકારીએ નોંધાવેલી ફરિયાદને આધારે ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન હેમંત મહાલેએ પાલિકાના કર્મચારીઓના કામમાં અવરોધ ઊભો કર્યો હતો.

ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષે દલીલ કરી હતી કે હેમંત મહાલે સામાજિક કાર્યકર હતો, જેને કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો હતો. કારણ કે તેણે અગાઉ અનધિકૃત બાંધકામો બદલ સ્થાનિક વિધાનસભ્ય વિરુદ્ધ ફરિયાદો નોંધાવી હતી.

જજે અવલોકન કર્યું હતું કે હુમલો, ગુનાહિત બળનો ઉપયોગ અથવા ફરજ બજાવવામાં અવરોધ અંગે ફરિયાદ પક્ષના સાક્ષીઓના પુરાવા એકબીજાથી વિરોધાભાસી છે. આથી તે અવિશ્ર્વસનીય છે. (પીટીઆઇ)

# સેન્સેક્સમાં ૧૦૪૮ પોઇન્ટનો જોરદાર કડાકો, નિફ્ટી ૨૫,૫૦૦ની નીચે ખાબક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના ઇન્ફ્લેશન ડેટાની જાહેરાત પહેલાના સાવચેતીના માનસ વચ્ચે ગ્લોબલ માર્કેટમાંથી મળી રહેલા નબળાઇના સંકેત સાથે એઆઇના વિક્ષેપના ભય વચ્ચે ડહોળાયેલા માનસને કારણે વધેલા વેચવાલીના દબાણમાં સેન્સેક્સમાં ૧,૦૪૮ પોઇન્ટનો જોરદાર કડાકો નોંધાયો હતો. જ્યારે, નિફ્ટી ૨૫,૫૦૦ની નીચે સરકી ગયો હતો.

સત્ર દરમિયાન ૧૧૪૦.૩૭ પોઇન્ટ અથવા તો ૧.૩૬ ટકાના જોરદાર કડાકા સાથે ૮૨,૫૩૪.૫૫ પોઇન્ટની સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૧,૦૪૮ પોઈન્ટ ઘટીને ૧.૨૫ ટકા ઘટીને ૮૨,૬૨૭ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૩૩૬ પોઈન્ટ ઘટીને ૨૫,૫૦૦ના સ્તરથી નીચે સરકીને ૨૫,૪૭૧ પર બંધ થયો હતો. એક અંદાજ અનુસાર રોકાણકારોની સંપત્તિમાંથી લગભગ રૂ. ૭.૪૦ લાખ કરોડનું ધોવાણ થયું છે.

ઇન્ડેક્સ હેવીવેઇટ હિંદુસ્તાન યુનીલીવર, ઇટર્નલ, ટાટા સ્ટીલ, ટાઇટન, અદાણી પોર્ટ અને રિલાયન્સ જેવા શેરોમાં ૪.૫૦ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. આઇટી પેકમાંથી, ઇન્ફોસિસ, ટીસીએસ, એચસીએલ ટેક અને વિપ્રોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું, જોકે તે નીચા સ્તરેથી ઝડપથી પાછાં પણ ફર્યા હતા. આ ભારે ઘટાડાથી રોકાણકારોની સંપત્તિમાં લગભગ રૂ. ૭.૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો, જેના કારણે બીએસઇનું કુલ બજાર મૂડીકરણ લગભગ રૂ. ૪૬૫ લાખ કરોડ થયું હતું.

એક્સ્ટ્રાનેટ ટેક્નોલોજીસ લિમિટેડને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી રૂ. ૧૯૦ કરોડના આઇપીઓ માટે મંજૂરી આપી દીધી છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ અનુસાર, આઇપીઓમાંથી મળેલી રકમનો ઉપયોગ અમુક બાકી ઉધારની ચુકવણી અથવા ચુકવણી, આધુનિક હાર્ડવેર સિસ્ટમ્સની ખરીદી અને ઇન્સ્ટોલેશન માટે મૂડી ખર્ચ ભંડોળ પૂરું પાડવા અને કાર્યકારી મૂડી જરૂરિયાતો માટે થશે. ગોડિયમ આઇવીએફ એન્ડ વીમેન હેલ્થ વીસમીએ આઇપીઓ લાવી રહી છે.

એચયુએલ ટાઇટન, ઇટર્નલ, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ, ટીસીએસ, પાવરગ્રીડ, રિલાયન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એશિયન પેઇન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચડીએફસી બેન્ક અને એચસીએલ ટેકનોલોજી ટોપ લુઝર રહ્યાં હતાં. જ્યારે બજાજ ફાઇનાન્સ અને સ્ટેટ બેન્ક જ સેન્સેક્સના ટોપ ગેઇનરમાં સામેલ હતા. ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)એ ડિસેમ્બર ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે પાછલા વર્ષના સમાનગાળાના રૂ. ૮૨૪૦ કરોડ સામે ૧.૬ ટકાના વધારા સાથે રૂ. ૮૩૭૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતની અગ્રણી ઇકો-રિસ્પોન્સિબલ લક્ઝરી રિસોર્ટ કંપની, પ્રવેગ લિમિટેડે ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ પરિણામમાં પાછલા વર્ષના સમાન ગાળાના રૂ. ૫૪.૮૮ કરોડની સામે ૬૫.૨૯ ટકાના વધારા સાથે રૂ. ૯૦.૭૧ કરોડની કુલ આવક અને રૂ. ૧૦.૪૫ કરોડ સામે રૂ. ૯.૯૩ કરોડનો ચોખ્ખો નફો, જ્યારે સ્ટેન્ડઅલોન ધોરણે રૂ. ૭.૬૪ કરોડ સામે રૂ. ૮.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઓલા ઇલેક્ટ્રિકે ૩૨૬૮૦ એકમની ડીલીવરી સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૪૭૦ કરોડની કોન્સોલિડેટેડ રેવન્યૂ નોંધાવી છે.

એચયુએલએ ડિસેમ્બર ક્વાર્ટરમાં બમણાંથી વધુ ઉછાળા સાથે રૂ. ૬૬૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સમાં સરકારી સ્ટેક સેલ માટે ઓએફએસનું સબ્સક્રિપ્શન ઓપન થઇ ગયું છે. ટાઇટને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬૦.૮૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૬૮૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બ્રિટાનીયા ઇન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો. અશોક લેલેન્ડે ૫.૧૯ ટકાના વધારા સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૮૬૨.૨૪ કરોડનો નફો નોંધાવ્યો છે.

પાર્શિઅલી ઓરિએન્ટેડ યાર્ન (પીઓવાય), ફુલ્લી ડ્રોન યાર્ન (એફડીવાય), પોલિએસ્ટર ટેક્સચરાઇઝ્ડ યાર્ન અને પેટ ચિપ્સની ઉત્પાદક સુમિત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના સંકલિત પરિણામમાં કુલ આવક રૂ.૨૬૭.૭૪ કરોડ અને રૂ. ૧૬.૬૬ કરોડનો એબિટા નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૬.૨૨ ટકા અને ચોખ્ખો નફો રૂ. ૯.૦૪ કરોડ રહ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૩.૩૮ ટકા રહ્યું છે.

ભારતની સૌથી ઝડપથી વિકસી રહેલી થ્રીપીએલ કંપની શેડોફેક્સે નાણાંકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૬૫.૫ ટકાના વધારા સાથે રૂ. ૧,૧૬૦ કરોડની આવક નોંધાવી છે. એબિટા વાર્ષિક ધોરણે ૧૭૫ ટકા વૃદ્ધિ પામીને ૪.૩ ટકા માર્જિન સાથે રૂ. ૪૯.૪ કરોડના સ્તરે પહોંચ્યો છે. શેડોફેક્સ એક નવા યુગની, ટેકનોલોજી-આધારિત, થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ કંપની છે અને ભારતમાં ડિજિટલ કોમર્સને સરળ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. કંપની એક્સપ્રેસ ફોરવર્ડ પાર્સલ, રિવર્સ પિકઅપ્સ અને હેન્ડ ઇન હેન્ડ એક્સચેન્જ, ક્વિક કોમર્સ અને ઓન ડિમાન્ડ હાઇપરલોકલ ડિલિવરી સહિતની સેવાઓની શ્રેણી દ્વારા હોરિઝોન્ટલ અને નોન હોરિઝોન્ટલ ઇ કોમર્સ, ક્વિક કોમર્સ, ફૂડ માર્કેટપ્લેસ અને ઓન ડિમાન્ડ મોબિલિટી કંપનીઓ સહિત એન્ટરપ્રાઇઝ ક્લાયન્ટ્સની વિશાળ શ્રેણીમાં કામ કરે છે.

શુક્રવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી એકાદ ટકાથી વધુ તૂટ્યા હતા, જે સતત બીજા સત્રમાં ઘટાડો દર્શાવે છે કારણ કે આઇટી શેરોમાં વધતી જતી વેચવાલીથી એઆઇને કારણે શરૂ થયેલા વિક્ષેપના વધતા ભય વચ્ચે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ખલેલ પહોંચ્યો હતો. આ ઘટાડો ૧૩મી તારીખે શુક્રવારે પણ આવ્યો હતો, જે તારીખ ખાસ કરીને પશ્ચિમના દેશોમાં લાંબા સમયથી કમનસીબ માનવામાં આવે છે.

બજારોમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી, જેમાં તમામ સેક્ટરલ ઇન્ડેક્સ રેડ ઝોનમાં ગબડી ગયા હતા. ટેક્નોલોજી શેરોમાં વિશેષ ઘટાડો થયો હતો, જેના કારણે સેન્ટિમેન્ટ વધુને વધુ ખરડાતું ગયું હતું. જ્યારે મેટલ્સ, રિયલ્ટી અને મીડિયા સેક્ટરના શેરોએ પણ વેચવાલીના તીવ્ર દબાણનો સામનો કરવો પડ્યો હતો. ડિફેન્સિવ સેક્ટર્સે સંબંધિત સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી, પરંતુ નબળાઈને સરભર કરવામાં નિષ્ફળ રહ્યાં હતા, જે રોકાણકારોમાં સાવચેતીનો મૂડ દર્શાવે છે.

શેરબજારના ધબડકાના મુખ્ય કારણોમાં આઇટી શેરોમાં તીવ્ર વેચવાલી, ગ્લોબલ ઇક્વિટી બજારના નબળા સંકેત, ડોલરની મજબૂતાઈ અને રૂપિયાની નબળાઇ તથા સતત વધી રહેલા ભૂ-રાજકીય તણાવનો સમાવેશ થાય છે. યુએસ અને ઈરાન વચ્ચેના ભૂ-રાજકીય તણાવ અને આઈટી ક્ષેત્રમાં નબળું પડી રહેલું સેન્ટિમેન્ટ રોકાણકારોને નજીકના ગાળામાં સાવચેતીભર્યું વલણ અપનાવવા માટે પ્રેરી શકે છે.

એઆઈને કારણે સર્જાનારા ડિસરપ્શન અંગે વધતી ચિંતાઓ, અમરિકાના મજબૂત જોબ ડેટા અને બેરોજગારી દરને જોતાં યુએસ ફેડરલ દ્વારા દર ઘટાડાની ઘટી ગયેલી અપેક્ષાઓને કારણે આઈટી ઇન્ડેક્સમાં સતત ધોવાણ ચાલી રહ્યું હોવાથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરડાઇ ગયું હોવાનું છે. વૈશ્વિક સ્તરે એઆઈ સેવાલક્ષી ક્ષેત્રોમાં માર્જિનને સંકુચિત કરીને અને વોલેટિલિટીમાં વધારો કરીને બજારોને નવો આકાર આપી રહ્યું છે. આ ટેકનોલોજી ભારતમાં, પરિવર્તન ડિલિવરી સમયરેખાને ઝડપી બનાવીને અને વોલ્યુમ-આધારિત કાર્યોને સ્વચાલિત કરીને આઈટી સેવાઓને માળખાકીય રીતે રૂપાંતરિત કરે એવી શક્યતા છે, જેનાથી પરંપરાગત હેડકાઉન્ટ-આધારિત આઉટસોર્સિંગ મૉડેલ સામે પડકાર ઊભો થશે.

શેરબજારમાં વ્યાપક વેચવાલી વચ્ચે બ્રોડ બેઝ્ડ અને સેક્ટરલ સહિત બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે મેટલ ઇન્ડેક્સ ૩.૨૧ ટકા તૂટ્યો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૩,૬૭૪.૯૨ના બંધથી ૧,૦૪૮.૧૬ પોઈન્ટ્સ (૧.૨૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૯૦૨.૭૩ ખૂલી ઊંચામાં ૮૩,૦૭૯.૭૦ અને નીચામાં ૮૨,૫૩૪.૫૫ સુધી જઈને છેવટે ૮૨,૬૨૬.૭૬ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની માત્ર બે સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨૮ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૫૮ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૧.૫૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૬ ટકા ઘટ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૨.૪૮ લાખ કરોડથી રૂ. ૭.૦૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૬૫.૪૬ લાખ કરોડ રહ્યું હતું.

## અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોના-ચાંદીમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

# સ્થાનિકમાં ચાંદી ₹ ૧૬,૭૦૦ ગબડી, સોનામાં ₹ ૨૮૮૫નો ઘટાડો

મુંબઈ: અમેરિકાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યાના નિર્દેશો સાથે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોના-ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં અનુક્રમે ત્રણ ટકાનો અને ૧૧ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૭૪થી ૨૮૮૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬,૭૦૦નો કડાકો બોલાઈ ગયો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ અને ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૬,૭૦૦ના કડાકા સાથે રૂ. ૨,૪૨,૪૩૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડા તરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૨૮૭૪ ઘટીને રૂ. ૧,૫૨,૧૫૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૮૫ ઘટીને રૂ. ૧,૫૨,૭૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં ભાવમાં ભારે ચંચળતા રહેતી હોવાથી રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૯૫૧.૯૦ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૪૯૭૧.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સોનાના ભાવમાં ત્રણ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં ગઈકાલે ચાંદીના ભાવમાં ૧૧ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે ઘટ્યા મથાળેથી ૨.૭ ટકા વધીને ઔંસદીઠ ૭૭.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ચીનની નવાં લ્યૂનાર વર્ષની રજાઓ પૂર્વે સોનામાં પણ માગ ઉપરાંત ગઈકાલના ઘટાડા પશ્ચાત્ વૅલ્યૂ બાઈંગ નીકળતાં બન્ને કિંમતી ધાતુઓમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું કેપિટલ ઈકોનોમિક્સનાં કૉમૉટિ ઈકોનોમિસ્ટ હમદ હુસેને જણાવ્યું હતું.

# ભારતનો ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્ર ફાર્મા કરતાં દસ ગણો વિકાસ પામશે: એફએસએસએઆઇ

મુંબઇ: ભારતનો ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્ર ફાર્મા કરતાં દસ ગણો વિકાસ પામશે, એવી આગાહી એફએસએસએઆઇ દ્વારા કરવામાં આવી છે. ભારતનો ન્યુટ્રાસ્યુટિકલ ઉદ્યોગ વિકસીત ભારત ૨૦૪૭ના વિઝન સાથે ગાઢ રીતે જોડાયેલો છે. ભારતનું ન્યુટ્રાસ્યુટિકલ બજાર ૨૦૩૧ સુધીમાં બમણું થવાનું છે. આ માહિતી ઇન્ફોર્મા માર્કેટ્સના મેનેજિંગ ડિરેકટર યોગેશ મુદ્રાએ વિટાફૂડ્સ ઇન્ડિયા સંદર્ભે પત્રકારો સાથેની વાતચીતમાં આપી હતી. ભારતના ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં ૧૫થી૧૮ ટકાના સીએજીઆર સાથે આઠથી નવ અબજ ડોલર સામે ૨૦થી ૩૦ અબજ ડોલરને આંબી જવાનો અંદાજ છે, વિટાફૂડ્સ ઇન્ડિયાની ચોથી આવૃત્તિ મુંબઈમાં ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં ભારતના ન્યુટ્રાસ્યુટિકલ, ફંકશનલ ફૂડ્સ, બીવરેજીસ અને ફૂડ સપ્લીમેન્ટ્સ ઇકોસિસ્ટમને સંયુક્ત કરવામાં આવશે.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નરમ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને આયાતકારોની ડૉલરમાં છૂટીછવાઈ લેવાલી રહેતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પાંચ પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૬ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશ તેમ જ બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૬૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૯ અને ઉપરમાં ૯૦.૬૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસા ઘટીને ૯૦.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો ઉછાળો નોંધાયો હતો. આઈએફએ ગ્લોબલ રિસર્ચે તેની એક નોટ્સમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની માઠી અસર તમામ ઉદ્યોગ પર પડે તેવી શક્યતા વ્યક્ત કરતાં એકંદરે વૈશ્વિક બજારોમાં જોખમી પરિબળો વધવાની ભીતિ સપાટી પર આવતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા વધીને ૯૭.૦૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૦૪૮.૧૬ પૉઈન્ટ અને ૩૩૬.૧૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હોવાથી રૂપિયો નરમ પડ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૪.૪૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ અને આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# મર્યાદિત કામકાજે આયાતી તેલમાં પીછેહઠ, દેશી તેલમાં ટકેલું વલણ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૯ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૧૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં હાજર. ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહેતાં ખાસ કરીને આયાતી તેલમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૫, રિલાયન્સ કન્ઝ્યુમરનાં માર્ચ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને માર્ચ તથા એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૩૦૫, માર્ચ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ અને એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૦૦ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું.

તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ટકેલું વલણ રહ્યું હતું. આજે કેન્દ્રીય અનાજ અને ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા વર્તમાન ખાંડ મોસમ માટે વધુ પાંચ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપવામાં આવી હતી. નોંધનીય બાબત એ છે કે અગાઉ સરકારે ૧૫ લાખ ટન ખાંડને મંજૂરી આપી હતી. જોકે, ૭૦ ટકા નિકાસ ૩૦મી જૂન પૂર્વે કરવાની રહેશે અને નિકાસ ક્વૉટાની ફાળવણી પ્રો રાટા ધોરણે કરવામાં આવશે, એમ એક યાદીમા જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં રિટેલ માગ જળવાઈ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૪૨થી ૪૦૩૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**શિક્ષણ વિભાગ**

(એજ્યુકેશન ઓફિસરનું કાર્યાલય, ત્રિવેણી સંગમ મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડિંગ, ૧લો માળ, મહાદેવ પાલવ માર્ગ, કરી રોડ, મુંબઈ-૪૦૦૦૧૨)

**નં. EO/EOT/૧૦૯૦, તા. ૧૩.૦૨.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

**બીડ નં. ૨૦૨૬_MCGM_૧૨૭૮૧૭૨_૧**

BMCનો શિક્ષણ વિભાગ ''BMCનો શિક્ષણ વિભાગ માટે માનનીય મેયર દ્વારા આયોજિત હિન્દુહૃદય સમ્રાટ શિવસેના પ્રમુખ શ્રીમાન બાળાસાહેબ ઠાકરે બાલ ચિત્રકલા સ્પર્ધા ૨૦૨૫-૨૬ ને સ્નેક્સ, ફ્લેક્સ પ્રિન્ટિંગ-પેસ્ટિંગ અને મેડલ્સના સપ્લાય'' માટે પ્રતિષ્ઠિત અને બિડર્સ પાસેથી ઈ-ટેન્ડરો મંગાવે છે.

| બારડી (રૂા.) | ઓનલાઈન બીડ ડાઉન લોડિંગની શરૂઆતની તારીખ અને સમય | ઓનલાઈન બીડ સબમિશનની અંતિમ તારીખ અને સમય | ટેન્ડર માન્યતા સમયગાળો |
|---|---|---|---|
| રૂા. ૭૩,૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ સ. ૧૦.૦૦ કલાકે | ૨૦.૦૨.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. | ૧૮૦ દિવસ |

ટેન્ડરની બીજી બધી વિગતો (https://mahatenders.gov.in/nicgep/app) પર ઉપલબ્ધ છે. સર્ક્યુલર નં. CA/FRG/૦૯ તા. ૦૪.૧૦.૨૦૨૪ પ્રમાણે, જે વિક્રેતાઓએ તેમની બીડ સબમીટ કરી દીધી છે, તેમણે રૂા. ૭૨૬૦/- + ૧૩૦૬.૮૦/- (૧૮% GST)= ૮૫૬૬.૮૦/-ની ટેન્ડર ફી ચૂકવવાની રહેશે.

સહી/-
શિક્ષણ અધિકારી
બૃહન્મુંબઈ મહાનગરપાલિકા

PRO/2991/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સ્ટ્રોમ વૉટર ડ્રેઈન્સ) પશ્ચિમ પરાં**

ગ્રીનવુડ CHSL, ચકાલા, અંધેરી (પૂ), મુંબઈ - ૪૦૦૦૯૩.

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિષય | **WS-૮૨૮ H/પૂર્વ વોર્ડમાં વાકોલા નદીમાં જ્ઞાનેશ્વર નગરની બાજુની ઝૂંપડપટ્ટીમાંથી કચરો ફેંકાતો અટકાવવા માટે વાકોલા નદી કિનારે વાડ બાંધવાની જોગવાઈ.** |
| ટેન્ડર દસ્તાવેજ નં. | e-T નં. ૨૦૨૬_MCGM_૧૨૭૭૪૬૩ |
| કુલ ટેન્ડરની કિંમત | રૂ. ૧,૫૧,૬૯,૦૪૬/- |
| બાના રકમ ડિપોઝિટ (બારડી) | રૂ. ૧,૫૨,૦૦૦/- |
| ટેન્ડર ફી | રૂ. ૨૧,૪૧૭/- (રૂ. ૧૮,૧૫૦+૧૮%GST) |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૪.૦૨.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડર વેચાણની છેલ્લી તારીખ | ૨૩.૦૨.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સુરક્ષા ડિપોઝિટ / બારડીની રસીદની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૩.૦૨.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| ઈ-પેકેટ A ખૂલશે | ડે.ચી.એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૪.૦૨.૨૦૨૬ ૧૬.૦૧ ક. પછી |
| ઈ-પેકેટ B ખૂલશે | ડે.ચી.એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૪.૦૨.૨૦૨૬ ૧૬.૧૫ ક. પછી |
| ઈ-પેકેટ C ખૂલશે | ડે.ચી.એ. (SWD) W.S.ની ઓફિસમાં ૦૨.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. પછી |
| સંપર્ક વ્યક્તિ | શ્રી રઘુનાથ યામગેકર, AE (SWD) H/E મોબ. ૯૮૭૦૪૦૬૦૨૨ |

સહી/-
ડે. ચી. એન્જિ. (SWD) W.S. i/c.

PRO/2975/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**પબ્લિક હેલ્થ વિભાગ**

**મનોહર વામન દેસાઈ હોસ્પિટલ, મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૯૭**

**નં. HO/૬૧૩૧/MWDH તારીખ ૧૩.૦૨.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

ચીફ મેડિકલ ઓફિસર M.W. દેસાઈ હોસ્પિટલ, મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૯૭ નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

ઈ-ટેન્ડર નોટિસ અંગે વિગતો બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટ https://mahatender.gov.in પર ઉપલબ્ધ છે.

ઈ-ટેન્ડરની વિગતો નીચે મુજબ છે:

| ક્ર. નં. | વર્ણન | બીડ નં. ટેન્ડર ID | ઈ-ટેન્ડર સ્ક્રુટીની ફીની કિંમત | બારડી રૂ. | ઓનલાઈન બીડ ડાઉનલોડીંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | MWDH ખાતે CMOઓફિસમાં સંલગ્ન ધોરણે સુવિધાઓ સાથે ફૂલ HD પ્રોજેક્ટરની SITC | ૨૦૨૬_MCGM_ ૧૨૭૪૬૧૧_૧ | રૂ. ૭૨૬/- + ૧૮% GST | રૂ. ૪૦૦૦/- | તા. ૧૪.૦૨.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. | તા. ૨૦.૦૨.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |

નોંધ:
- બાના રકમ ડિપોઝિટ (બારડી) ઓનલાઈન ચૂકવણીની છેલ્લી તારીખ નિર્ધારિત પાકતી તારીખ અને સમય પહેલાંની છે.
- જો કોઈ સુધારા હોય તો તે ફક્ત MCGM વેબસાઈટ અને https://mahatender.gov.in પર પ્રકાશીત કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ અથવા કોઈપણ ઈ-ટેન્ડરને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ચીફ મેડીકલ ઓફિસર
M. W. દેસાઈ હોસ્પિટલ, મલાડ (પૂ)

PRO/2986/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**

**ઈ-ટેન્ડર નોટીસ**

**નં. KEMH/૫૭૮૪/AEME તારીખ ૧૩.૦૨.૨૦૨૬**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે/ ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝીટ રૂ. | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | TB સેન્ટર, KEM હોસ્પિટલ માટે UVC એર ડિસઈન્ફેક્શન સિસ્ટમનું SITC. (૨૦૨૬_MCGM_૧૨૭૭૯૬૩_૧) | રૂ. ૨૦૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૨૧.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલના વિવિધ વિભાગ ખાતે ડીપ ફ્રીઝર, લેબ રેફ્રિજરેટર્સ અને વોક-ઈન-કૂલરની વ્યાપક સર્વિસ અને જાળવણી કોન્ટ્રાક્ટ. (૨૦૨૬_MCGM_૧૨૭૭૯૫૯_૧) | રૂ. ૧૭૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૨૧.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલ ખાતે ટેરેસના ઓવરહેડ વોટર ટેન્ક માટે વિવિધ સ્થળો ખાતે AFV સ્થાપિત હાલના જરૂરી સ્પેર પાર્ટસનું રિપેર્સ, રિપ્લેસમેન્ટ. (૨૦૨૬_MCGM_૧૨૭૭૯૫૮_૧) | રૂ. ૧૫૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૨૧.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૪ | કેમેરા સિસ્ટમ સાથે સીલિંગ સસ્પેન્ડેડ ડ્યુઅલ રિફ્લેક્ટર ઈલ્યુમિનેશન સિસ્ટમનું SITC. (૨૦૨૬_MCGM_૧૨૭૭૯૬૯_૧) | રૂ. ૨૦૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૨૧.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૫ | GI સર્જરી, KEM હોસ્પિટલ માટે મેન્યુઅલ એન્ટ્રી સિસ્ટમ અને અન્ય સંલગ્ન કામની S & I. (૨૦૨૬_MCGM_૧૨૭૭૯૬૬_૧) | રૂ. ૧૦૦૦૦/- | ૧૪.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૨૧.૦૨.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૬ | પાત્રતા માપદંડ (પેકેટ 'A') | ૨૩.૦૨.૨૦૨૬ | | ૧૧.૦૦ ક. |
| ૭ | ટેકનિકલ બીડ (પેકેટ 'B') | ૨૩.૦૨.૨૦૨૬ | | ૧૧.૦૦ ક. |
| ૮ | વાણિજિયક બીડ (પેકેટ 'C') | શેડ્યુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યુ કરાયેલ કોઈપણ સુધારા (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/2981/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યર્ચ ટાળો.

### હવે તમારો સ્ટાફ પણ ટાર્ગેટ પર છે

# રણવીર સિંહ અને રોહિત શેટ્ટીને બિશ્નોઈના નામે ફરી ધમકી

મુંબઈઃ બોલિવૂડના અભિનેતા રણવીર સિંહ અને ફિલ્મમેકર રોહિત શેટ્ટીને લોરેન્સ બિશ્નોઇના નામે શુક્રવારે ફરી ધમકી મળી હતી. બિશ્નોઇ ગેન્ગના કથિત સભ્ય હેરી બોક્સર હોવાનો દાવો કરનાર વ્યક્તિ દ્વારા ધમકીભર્યો સંદેશ મોકલવામાં આવ્યો હતો.

હેરી બોક્સરે સોશિયલ મીડિયા પર ઓડિયો નોટ અને મેસેજ શૅર કર્યા હતા, જેમાં ગેન્ગના રડાર પર રહેલી બોલીવૂડની સેલિબ્રિટીસને તેમની માગણીઓ પૂરી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. ઑડિયો ક્લિપમાં અભિનેતા 'પોતાના શબ્દોથી પાછો ફર્યો' હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો. 'રણવીર સિંહ અમે તમારી સાથે એવી રીતે વ્યવહાર કરીશું કે તમારી આગામી સાત પેઢી યાદ રાખશે. લોકોને સલાહ આપવાનો અને તેમને પોલીસ ફરિયાદ નોંધાવવાની સલાહ આપવાનો ખૂબ શોખ છે. તમે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે,' એવું ઑડિયો ક્લિપમાં હેરી બોક્સ હોવાનો દાવો કરનારી વ્યક્તિ બોલતી સંભળાય છે. 'અમારી પાસે તમારી સાથે કામ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મેટ્રો - ૯ અને મેટ્રો ટૂ-બીનું લોકાર્પણ આવતા અઠવાડિયે?

મુંબઈઃ મુંબઈગરા માટે મહત્ત્વની ગણાતી મેટ્રો નવ (દહિસર પૂર્વથી મીરા-ભાયંદર) અને મેટ્રો ટુ-બી (ડી.એન.નગરથી મંડાલે-માનખુર્દ) રૂટનું લોકાર્પણ બહુ જલદી થવાનું હોવાનું જાણવા મળ્યું છે.

મેટ્રો-નવ દહિસરથી ગુંદવલી આ મેટ્રો-સાત રૂટના ઉત્તર તરફ વિસ્તારીત થઈ રહી છે. આ રૂટમાં દહિસરથી કાશિગાંવ આ પહેલા તબ્કાકનું કામ ગયા વર્ષે પૂર્ણ થયું હતું. જોકે કમિશનર ઑફ મેટ્રો રેલ સેફટી (સીએમઆરએસ) તરફથી સર્ટિફિકેટ મળ્યું ન હોવાથી

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેના ઘોડબંદર રોડ પરના ટ્રાફિકમાં મળશે રાહત

## ખારેગાવ-ગાયમુખનો પ્રવાસ ફક્ત ૧૫ મિનિટમાં કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે, તેમાં પણ ઘોડબંદર રોડ પરના ટ્રાફિકની અસર છેક મુંબઈ-અમદાવાદ હાઈવે પર પણ થઈ રહી છે. થાણેમાં ટ્રાફિકની સમસ્યાને માત આપવામાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ થાણે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હાથ લીધો છે, જેમાં પહેલા

(જુઓ પાનું ૪) ▸▸



# મંત્રાલયમાં એફડીએ પ્રધાન નરહરિ ઝીરવળની ઑફિસનો ક્લર્ક લાંચ લેતાં રંગેહાથ ઝડપાયો

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના ક્લર્કને મંત્રાલયમાં એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ૩૫ હજાર રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડી પાડ્યો હતો.

કૉંગ્રેસે આરોપ કર્યો હતો કે આરોપી રાજુ સંપત ઢેરિંગેની કેબિનેટ પ્રધાનની ઓફિસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાએ ભાજપની આગેવાની હેઠળની સરકારમાં 'મોટા પાયે ભ્રષ્ટાચાર' સપાટી પર આવ્યો છે.

જોકે એસીબીના અધિકારીએ કહ્યું હતું કે મંત્રાલયમાં બીજા માળે આવેલી એફડીએ પ્રધાન નરહરિ ઝિરવળની ઓફિસમાં ક્લર્ક તરીકે કાર્યરત ઢેરિંગેને ગુરુવારે ૩૫ હજારની લાંચ લેતાં પકડી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ફરિયાદીના એન્ટોપ હિલ વિસ્તારમાં આવેલા મેડિકલ સ્ટોરની ડ્રગ ઇન્સ્પેક્ટરે (ઝોન-૨) મુલાકાત લીધી હતી અને તેના લાઇસન્સ સંદર્ભે કારણ દર્શાવો નોટિસ તેને આપી હતી. આથી ફરિયાદીએ જવાબ નોંધાવ્યો હતો અને એફડીએના જોઇન્ટ કમિશનરે ફરિયાદીનું લાઇસન્સ સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કર્યો હતો.

ફરિયાદીએ આ આદેશ બાબતે મંત્રાલયમાં એફડીએ પ્રધાનની ઓફિસમાં અપીલ રજૂ કરી હતી અને બાદમાં તે કામ નિમિત્તે ક્લર્ક ઢેરિંગેને મળ્યો હતો, જેણે લાઇસન્સ સસ્પેન્ડ કરવાના આદેશ પર સ્ટે ઓર્ડર મેળવી આપવા માટે પચાસ હજાર રૂપિયાની લાંચ માગી હતી અને તડજોડને અંતે તેણે ૩૫ હજાર રૂપિયા સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી.

દરમિયાન ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે એસીબીના અધિકારીઓએ તપાસ આદરી હતી અને ગુરુવારે છટકું ગોઠવીને ઢેરિંગને લાંચ સ્વીકારતાં પકડી પાડવામાં આવ્યો હતો. ઢેરિંગે વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

### તો હું રાજીનામું આપવા તૈયારઃ ઝીરવળ

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના ક્લાર્કની લાંચ કેસના ધરપકડ બાદ રાજકારણ ગરમાયું છે. આ અંગે કૉંગ્રેસે વિભાગના પ્રધાન પર આક્ષેપ કર્યા છે, જેની બાદ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાન નરહરિ ઝિરવાળે વળતો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું છે કે તેમના વિભાગના ક્લાર્ક સાથે કોઈ સંબંધ સાબિત થશે તો તેઓ રાજીનામું આપી દેશે. આ અંગે ઝીરવાળેએ પત્રકારોને જણાવ્યું હતું કે જે બન્યું છે તે ગંભીર છે તેમજ આરોપીને તેની સજા મળશે. તેને વિભાગીય સુનાવણી માટે કાગળો તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ■

### લાંચ ઉપરાંતના ₹ ૪૨,૦૦૦ ક્યાંથી આવ્યા?

એસીબીના અધિકારીઓએ મંત્રાલયમાં ક્લર્ક ઢેરિંગેને પકડી પાડ્યા બાદ ઓફિસમાં રખાયેલા વધુ ૪૨,૦૦૦ રૂપિયા મળી આવ્યા હતા. આથી લાંચ ઉપરાંત વધારાની એ રકમ ક્યાંથી આવી તેની એસીબી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ઢેરિંગને ગુરુવારે એસીબીના છટકામાં સપડાયા બાદ તેની ઓફિસમાં તપાસ કરવામાં આવી હતી, જ્યાં બીજા ૪૨ હજાર રૂપિયા મળી આવ્યા હતા. નિયમ મુજબ કોઇ પણ વ્યક્તિ મંત્રાલયના સંકુલમાં ૧૦ હજારથી વધુ રકમ લઇ જઇ શકતી નથી. જોકે ઢેરિંગે પાસે આ રકમ ક્યાંથી આવી અને આ રકમ કોઇ લાંચની માગણીમાંથી હતી કે કેમ તેની તપાસ કરવામાં આવશે. દરમિયાન ઢેરિંગને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૧૬ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. ■

# પશ્ચિમ રેલવેમાં ૧૨ નવી એસી અને ત્રણ નૉન-એસી ટ્રેનસેવા ઉમેરાશે

મુંબઈઃ વેસ્ટર્ન રેલવે દ્વારા ૧૯ ફેબ્રુઆરીથી ૧૨ નવી ઍર કન્ડિશન્ડ (એસી) લોકલ ટ્રેન સર્વિસ અને ત્રણ નૉન-એસી સર્વિસનો વધારો કરવામાં આવશે. રેલવેના આ નિર્ણયથી સામાન્ય મુસાફરો માટે હાલાકી વધવાની શક્યતા છે. પિકઅવર્સમાં નૉન-એસી ટ્રેનોમાં પ્રવાસીઓની ભીડ વધશે, જેને કારણે નોકરિયાત વર્ગે સહન કરવાનું આવશે.

વેસ્ટર્ન રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે અત્યારે દોડી રહેતી ૧૧ નૉન-એસી સર્વિસના બદલામાં આ નવી એસી સર્વિસ ચાલુ કરવામાં આવશે. એસી ટ્રેનની લોકપ્રિયતામાં થયેલા વધારાને જોતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણયને કારણે એસી ટ્રેનસેવા ૧૨૧થી વધીને ૧૩૩ સુધી પહોંચશે. શનિવાર અને રવિવારે તો એસી ટ્રેનની સેવા ૭૭થી વધારીને ૧૦૬ કરી દેવામાં આવી છે.

આ સિવાય અન્ય એક ફેરફારમાં અત્યારે જે ટ્રેનો ભાયંદરથી બાન્દ્રા વચ્ચે દોડે છે તે વિરારથી છોડવામાં આવશે. (પીટીઆઈ) ■

# પ્રયાગરાજ માટે મુંબઈથી દર અઠવાડિયે ૪૪ સ્પેશિયલ ટ્રેન

મુંબઈઃ ઉનાળાના વેકેશન પહેલા મધ્ય રેલવેએ મુસાફરોને મોટી ભેટ આપી છે. મુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી - મુંબઈ) અને પ્રયાગરાજ વચ્ચે ૪૪ સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાની જાહેરાત કરી છે. આ ખાસ સેવા હોળી અને ઉનાળાની ઋતુ દરમિયાન વધારાના મુસાફરોની ભીડ ઘટાડવામાં મદદ કરશે.

લોકમાન્ય ટિળક ટર્મિનસ-પ્રયાગરાજ-લોકમાન્ય ટિળક ટર્મિનસ વચ્ચે કુલ ૪૪ ટ્રેન સર્વિસ ચલાવવામાં આવશે. બંને દિશામાં બાવીસ - બાવીસ ટ્રેન સર્વિસ આવજા કરશે. ટ્રેન નંબર ૦૪૧૦૨, સાપ્તાહિક વિશેષ ટ્રેન હશે જે ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન દર મંગળવારે સાંજે ૪.૫૫ વાગ્યે લોકમાન્ય ટિળક ટર્મિનસથી ઉપડશે અને બીજા

(જુઓ પાનું ૪) ▸▸

# નેવલ ડોકયાર્ડમાં કચરામાં આગ

મુંબઈઃ નેવલ ડોકયાર્ડના વેસ્ટ સ્ટોકયાર્ડમાં ગુરુવારે મોડી રાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. નેવલના પોતાના ફાયરટેન્ડરની મદદથી આગ પર નિયંત્રણ મેળવવામાં આવી હતી. ગુરુવારે રાતના કોલાબામાં ગેટ વે ઓફ ઈન્ડિયાની સામે આવેલા નેવલ ડોકયાર્ડના કચરો સંગ્રહ કરવાની જગ્યા પર લગભગ ૧૦.૧૫ વાગે કચરામાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોકે તેમના ફાયર ટેન્ડરની મદદથી આગ તરત બુઝાવી દેવામાં આવી હતી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# પ્રતિબંધ હોવા છતાં રેસ્ટોરાં 'સર્વિસ ચાર્જ' વસૂલે છે

## ગ્રાહક પંચાયતે વાંધો ઉઠાવ્યો

મુંબઈઃ કાનૂની પ્રતિબંધ હોવા છતાં મુંબઈની ઘણી રેસ્ટોરાં પાંચથી દસ રૂપિયાનો સર્વિસ ચાર્જ વસૂલ કરી રહી છે. આ ચાર્જ ઘણીવાર ધર્માદા, કર્મચારી કલ્યાણ ભંડોળ અને કર્મચારી યોગદાન જેવા વિવિધ નામો હેઠળ વસૂલવામાં આવે છે. જોકે મુંબઈ ગ્રાહક પંચાયતે આ ગેરકાયદેસર હોવાનું જણાવી તેના પર તાત્કાલિક પ્રતિબંધ મુકવાની માગણી કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ પ્રાધિકરણ સમક્ષ કરી છે.

આ ચાર્જ કામ કરતા કર્મચારીઓ માટે સ્વૈચ્છિક ટિપ છે. જો તમે એ આપવા ઈચ્છતા હો તો તમારે કર્મચારીઓને જણાવી દેવું એમ કહેવામાં આવે છે. જોકે, આ સૂચના ખૂબ જ નાના અક્ષરોમાં છાપવામાં આવતી હોવાથી ગ્રાહકો વાચી નથી શકતા અને એ ધ્યાન બહાર જાય છે. ગ્રાહક પંચાયતે સ્પષ્ટતા કરી છે કે

(જુઓ પાનું ૪) ▸▸

# પહેલા તમે દારૂ પીવો છો, પછી...

## એમ કહી હાઈ કોર્ટનો ટ્રેન અકસ્માત કેસમાં વળતર આપવાનો ઇનકાર

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે રેલ્વે અકસ્માતમા ઘાયલ થયેલા એક વ્યક્તિને વળતર આપવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે અકસ્માત વખતે અરજદાર દારૂના નશામાં હતો. આ દરમિયાન હાઈકોર્ટે દારૂના દુષ્પ્રભાવ અંગે ચેતવણી આપી. કોર્ટે અમેરિકાના પ્રખ્યાત નવલકથાકાર એફ સ્કોટ ફિટ્ઝગેરાલ્ડનાં એક વાક્યનો પણ ઉલ્લેખ કર્યો હતો.

જસ્ટિસ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે બુધવારે એક આદેશ પસાર કર્યો હતો, જેની એક નકલ ગુરુવારે જાહેર કરવામાં આવી હતી. રેલ્વે અકસ્માતના ઘાયલ

(જુઓ પાનું ૪) ▸▸






















"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફૉર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.